



કાશ્મીરનું દૃશ્ય · ફોટો : પ્રાણલાલ પટેલ

ા · રવિશંકર રાવળ · વર્ષ વીસમું અંક પાંચમો ૨૩૩ મે ઓગણીસો તેંતાલીસ · સંપાદક · બચુભાઈ

કુમાર

આવતી કાલનાં નાગરિકો માટે

આજનાં ઘરોનું એકલું મા



ચિત્રો

કાશ્મીરનું દૃશ્ય (ફોટો) — પ્રાણલાલ પટેલ પૂ.૩
ફૂદું યુદ્ધ — સૌ. શ્રીમતી નિર્મળાબહેન દેસાઈ ત્રિરંગી મુખચિત્ર
રમત — મનુ વ્યાસ ,, ,,ની પાછળ
ટપાલની ટિકિટો પર દેશદેશના પર્વતો (હરિલાલ ઍંકર) પૂઠું પૃ. ૩
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ ,, ૩

કાવ્યો

દવ લાગ્યો — પ્રહલાદ પારેખ ૧૧૩
નાખુદાને — અશોક હર્ષ ૧૧૩
જયથી મહાન — હૈદર જીવાણી ૧૧૩
આત્મા કેરી ભક્તિ — તનસુખ ભટ્ટ ૧૧૩
હૈયાનો દવ — રામપ્રસાદ શુક્લ ૧૧૩

ચરિત્ર

ઍરિસ્ટૉટલ — અશોક હર્ષ ૧૧૬

વાર્તા

ઈચ્છા કાકા — ચુનીલાલ મડિયા ૧૧૯
નરભક્ષી સિમ્બા! — હરિનારાયણ આચાર્ય ૧૨૨

લેખો

'હસ્તે બાઈ હીરૂ' — 'શાલિગ્રામ' ૧૧૫
રેયૉન ૧૨૮
મહીગળતેશ્વર (પ્રવાસ) ૧૨૯

વિભાગો


સામયિક ચિંતન — ર. મ. રાવળ ૧૧૪
પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું–૨ (ચિત્રજ્ઞાન) ૧૨૧
મેંદીનાં પાન ૧૨૧, ૧૩૧
નવાં પુસ્તકો ૧૨૫
જીવનપરાગ ૧૨૫
સંસારનાં શહેરો (૪૨–ગૉથનબર્ગ) ૧૨૬
વિકસતું વિજ્ઞાન ૧૨૬
પંચતંત્રની વાર્તાઓ — દેસાઇ વાલજી ગોવિન્દજી ૧૨૭
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ — બી. બી. ફનીબંદા ૧૩૧
માધુકરી ૧૩૨
આ માસ (મે) ઇતિહાસમાં ૧૩૫
છેલ્લું પાનું ૧૩૬

મુદ્રક-બચુભાઈ રાવત. પ્રકાશક-રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: નૂતન સ્ટોર્સ સ્ટૂડિયો, રાવપુરા. જાહેર ખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ–૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, આનંદનગર, એલિસબ્રિજ.



રમત

ચિત્રકાર · મનુ વ્યાસ



હુડુ-યુદ્ધ ચિત્રકાર : સૌ. શ્રીમતી નિર્મળાબહેન દેસાઈ (એમનાં બીજાં ચિત્રો તથા એમનો પરિચય હવે પછીના અંકમાં) બ્લૉક : ચિત્રકારના સૌજન્યથી

વર્ષ ૨૦ કુમાર અંક ૫

મે • ૧૯૪૩

દવ લાગ્યો

દવ લાગ્યો ને ખંડો સળગિયા,
સળગે સાગર ને આભ;
બળ્યાં રે શે'રો ને બળિયાં ગામડાં
સારે સંસારે લ્હાય .... દવ રે૦

ઊંચી રે ઈમારત બાંધી બુદ્ધિએ,
એના મોભે યે ઝાળ,
મથીને હૈયે રચિયા બાગ જે,
લાગી તેમાં યે આગ .... દવ રે૦

લોહી રે પડે ને ભપકી ઊઠતી,
ઝાઝે જોરે એ ઝાળ;
ફરે રે જળમાં, જાતી આભમાં,
તેને શાની રે પાળ? .... દવ રે૦

બળે રે મહેલો, બળતાં ઝૂંપડાં,
સળગે મોટાં ને બાળ;
ઊભા રે સળગાવી ફરે જે બધા
થાતી સહુનો એ કાળ .... દવ રે૦

બુઝાવી શકે ન એને રાજવી,
કોઇ નહિ વા કુબેર;
એક રે સૌ થાયે અદના આદમી
ત્યારે અટકે એ કેર .... દવ રે૦

પ્રહલાદ પારેખ

નાખુદાને

• પૃથ્વી •

જગર્જન તમામ ભીરુ તાણી ભાઇબંધી તજી,
રહી સતત સાત સાયર અફાટનો સોબતી,
પ્રસન્નમત ખેલતા, ક્ષિતિજભાલ ચૂમ્યે જતા
ધપે કવણ આરઝૂથી વદ ઓ જરા નાખુદા !

કદી તડિતની જબાન ચતુરંત ચાટી વળે,
અને કદિક ઈન્દ્ર વજ્ર સહ રન્ધ્ર કંપે ભરે,
કરે પિશુન રે પ્રવાત સઢ ચીંથરે ચીંથરાં,
અને ધનદલો ય થૈ અદય આભ અંધારતાં;
છતાં અનત તું રહી, ક્ષિતિજ માંહ્ય દૃષ્ટિ કરી
સદા સ્થિર, ભલો બધાંય બિચસાવ બેફામની
બઢે કવણ આરઝૂથી ચિરયાત્રિ અંભોમના ?

અરે, નહિ વિશેષ; લિજ્જત જરાક તો લ્હેરથી
કહે સફરની સુધીર અહ દોસ્ત ! હું યે પછી
બનું ખચિત આસમાન નજરાવતો નાખવો.

અશોક હર્ષ

(અંભોમના=જળમય જેનું ચિત્ત રહ્યું છે તે)

જયથી મહાન

• મિશ્ર •

વાર્ધકયનું ભીષણ હાસ્ય સાંભળી
વર્ષોતણા ભારથી દેહ વા નમી ?
ઘાવો ઝીલી જીવનક્ષેત્રમાં કૈં
ઘવાયલા વીર, મથે તું રોકવા
નિઃશબ્દ નિશ્વાસ, છતાં ય અંકિત
કારુણ્યઘેરા મુખ પે સહુ ય.

ઉન્માદ તેં વિજયનો ન માણ્યો;
પરંપરા માત્ર પરાજયોની
પ્રેરી રહી નૂતન જંગ કાજ.
જેતા તણી માદક પ્રેરણા થકી
એ પ્રેરણા શૌર્યભરેલ અદ્ભુત.

તારાં રચી ઉચ્ચ પ્રશસ્તિગીત
ના અર્પતું અંજલિ યે તને કો,
કિન્તુ અવિરામ શ્રમિત તારે
શી ક્ષુદ્ર શબ્દો તણી છે અગત્ય ?
માનેલ તેં મૂલ્ય પ્રયત્ન કેરૂં
ઝઝૂમવાનું, હસતાં વ્યથાને
સ્હેવા તણું, એ જયથી મહાન.

હૈદર જીવાણી

આત્મા કેરી ભક્તિ છે જ્ઞાનીઓની,
ભાષા કેરી ભક્તિ છે પંડિતોની;
કાળા વર્ણો ફૂટતા સંત પાકયા
જેની મ્હેરે પત્થરો યે તરેલા.

તનસુખ ભટ્ટ

હૈયામાં દવ લાગ્યો છે, મુખે સ્નેહસુધા ઝરે;
સતી, સંતજનો, સ્નેહી, ધાર એ વ્રત આચરે.

રામપ્રસાદ શુકલ

આવતી કાલનાં નાગરિકો માટેનું અદ્યતન માસિક

સામયિક ચિંતન

કળાની ગળથૂથી

બાળકોમાં સંસારનું જ્ઞાન ચિત્ર દ્વારા જ પ્રવેશ કરે છે. તેની અબુધ અવસ્થામાંથી જ રંગો, આકારો, ઓળાઓ અને વિવિધ સ્વરૂપોની છાપ તેના મગજમાં પડતી જાય છે અને તેની ઉપર તેની વિચારસૃષ્ટિનું મંડાણ થાય છે. એ વિચારસૃષ્ટિમાં મોટે ભાગે તેને આનંદ અને સુખ આપનાર ભાવનાઓનો આદર થાય છે અને દુઃખ, શોક, ગ્લાનિ કે વિઘાત કરનારાં રૂપો પ્રતિ તે તિરસ્કારની લાગણી સેવે છે.

બાળકો ચિત્રો જુએ છે ત્યારે પણ તેઓ માત્ર સમય કાઢવા પૂરતો તેનો પરિચય નથી કરતાં, પણ તેની છાપો સંઘરે છે, તેના ઉપર પ્રશ્નો કરે છે, તેની યાદી આપી તેની વાર્તા કહેવડાવે છે ને તેમાં પોતાને અમુક પ્રાણી, પાત્ર કે પ્રસંગ ગમે છે યા નથી ગમતાં એવી અંગત રુચિ પણ દર્શાવે છે. ચિત્રો અને ચિત્રોની ચોપડીઓ પ્રત્યેક બાળકને ગમે છે, તેનું કારણ તેઓને ચિત્રકળાનો શોખ છે એમ ન સમજવું; પણ મનુષ્યને સંસારનો બોધ થવામાં રંગ, રૂપ અને આકૃતિ પ્રધાન સાધનો છે, માટે તે તેની માનસિક આવશ્યકતાઓ છે.

પરંતુ આજે તો, માનવબોધ માટે ચિત્રો અને રૂપસામગ્રીનો શિક્ષણના સળંગ અભ્યાસક્રમમાં બહિષ્કાર થયો જણાય છે. ભાગ્યે જ કોઈ શાળામાં દેશના મહાન પુરુષોની તસ્વીરો, કથાપ્રસંગો, શૌર્યપ્રસંગો કે પ્રસિદ્ધ દશ્યોના તકતાઓ નજરે પડશે. તો પછી નાનાં બાળકો માટે ચિત્રપોથીઓ કે મૂર્તિઓ કે પ્રતિમાઓ કોણ વસાવે? ઘણાં યે બાળપ્રેમી માતપિતાઓ તેમની એ ભૂખ ભાંગવા યુરોપની ચિત્રપુસ્તિકાઓ અને પોસ્ટકાર્ડોથી એ ખોટ પૂરવા મથે છે. તેની સારી અને માઠી બંને અસરો બાળકોનાં જીવનમાં થાય છે. ઘણી વાર યુરોપિયન પોશાકો પહેરેલાં બાવલાં, રાજકુમારો, પરીઓ જેવા પોશાકો અને વ્યવહાર તેમને ચોંટે છે અને દેશની સંસ્કૃતિ અને જીવનથી તેઓ વિમુખ બને છે.

ઇંગ્લંડમાં ડબ્લ્યુ. હીથ રૉબિન્સન, બી. ટિન્ડેલ, વૉલ્ટર ક્રેઈન ને પ્રી-રાફેલાઇટ ચિત્રકારોએ બાળકોની સૃષ્ટિમાં આનંદ ભરવાને ઈસપ કથાઓ, 'એલીસ ઇન વન્ડરલૅંડ,' 'પીટર પાન,' 'ઢીંગલો' વગેરે વાર્તાઓ સરળતાપૂર્વક ચિત્રમાં ઉતારી છે. એવો એકજથ્થાવાળો પ્રયત્ન આપણે ત્યાં થયો નથી; અને ચિત્રકળાને આપણા પાઠ્યશિક્ષણમાં માનવંતું સ્થાન નહિ હોવાથી કેળવાએલો નાગરિક તે પ્રતિ બેપરવા થયો છે. બીજી બાજુ ચિત્રકારોએ પણ કોઇ એક જ ક્ષેત્રમાં વિશિષ્ટતા મેળવવા પ્રયત્ન કર્યો નથી. એટલે બાળચિત્રસાહિત્ય માટે તો ચિત્રકારોએ પણ વિશેષ ચિંતન, અવલોકન અને પરિચય મેળવ્યા પછી જ કામ કરવાનું રહે છે.

કલકત્તામાં શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ અને તેમના સાથીદારોએ સુશિક્ષિત જનતામાં આ વિષયમાં આંદોલન શરૂ કર્યું છે. તેઓ દર માસે યુનિવર્સિટીના હૉલમાં જ પ્રસિદ્ધ કલાકારોની કૃતિઓનાં પ્રદર્શનો કરે છે, તે પર ચર્ચા અને વિવેચનો કરે છે અને તેમાંથી સિદ્ધ ગણાએલી કૃતિઓનાં ફોટોગ્રાફિક ચિત્રો તૈયાર કરાવી, પ્રાયોગિક શિક્ષકો દ્વારા બાળકો સુધી પહોંચાડે છે. તે ચિત્રો વિષે બાળકો શું વિચારે છે, તેની અસર શી થાય છે અને તેઓ શું વિશેષ માગે છે, તેની વિગતવાર નોંધ રાખવામાં આવે છે. આ પ્રયોગોમાંથી ચિત્રકારો પણ ઘણું શીખશે.

બાળકને મનુષ્યેતર પ્રાણીઓ અને પંખીઓમાં બહુ રસ પડે છે. મોટી ઉમર થતાં સુધી તો એ એમ જ માને છે કે તેઓ અંદરોઅંદર વિચાર કરતાં હશે, વાતો કરતાં હશે, અને મનુષ્યોને વિચારપૂર્વક સેવા આપતાં હશે. આ કલ્પના ટાળી નાખવા જેવી

વાચકો અને ગ્રાહકો પ્રત્યે

૧ 'કુમાર'નો મે માસનો આ અંક જુલાઈ આખરે બહાર પડે છે. આ ઢીલ અક્ષમ્ય છે, એ અમે સમજીએ છીએ; પણ નિવારી ન શકાય તેવાં કારણોને લીધે, અમે ફેબ્રુઆરી અંકમાં આશા દર્શાવ્યા મુજબ, ધારી ઝડપથી સમયનો એ ગાળો ભાંગવાને અમે શક્તિમાન થયા નથી. અમે તેનો અપાર ક્ષોભ અને રંજ અનુભવીએ છીએ, અને વાચકોને વિનતિ કરીએ છીએ કે હવે બેએક માસમાં અમે ઢીલનો આ ગાળો ભાંગીનાખીને પૂર્વવત્ નિયમિત ન થઇ જઇએ ત્યાં સુધીની એટલી અનિયમિતતા, આજસુધી જેમ નિભાવી છે તેમ, ક્ષમાપૂર્વક તેઓ નિભાવી લે. આ ઉપરાંત એક વિશેષ વિનતિ પણ છે. અંક નહિ મળ્યા બાબત આ ઢીલને કારણે પૂછપરછ કરતા ગ્રાહકોના સંખ્યાબંધ કાગળો રોજની ટપાલમાં અમને મળે છે, અને અમે તેમના જવાબ આપીએ છીએ. પરંતુ ઉપર દર્શાવેલી પરિસ્થિતિ સમજી લઇને ગ્રાહકો જો હમણાં થોડો સમય ઉદારતાભરી ધીરજ રાખશે તો બંને પક્ષે પોસ્ટેજનો વ્યય બચશે. ધાર્યું હોત તો જોડિયા અંકો કાઢીને અમે લબડધક્કે નિયમિત થઈ શક્યા હોત. પણ ગુણ અને સંગીનતાને ભોગે એવી વેઠ ઉતારતાં અમારો જીવ ચાલતો નથી. અમને આશા છે કે અમારી આ સન્નિષ્ઠાને ન્યાય આપીને ગ્રાહકો ધીરજપૂર્વક થોડી વધુ ઢીલ ખમી લેશે.

૨ કાગળની મોંઘવારી ઉત્તરોત્તર વધતી જ ગઈ છે. 'કુમાર'ના વાચકો જુએ છે કે એ મોંઘવારીને કારણે 'કુમાર'નાં આઠથી બાર પાનાં ધરી દેવા છતાં અમે તેના વાચનની કક્ષા, વિસ્તાર કે વૈવિધ્યને ઘટવા દીધાં નથી. બીબાં નાનાં કરીને, છાપવાની જગ્યા વધારીને અને બને તેટલાં લંબાણો ઘટાડીને અમે જૂનું ધોરણ ટકાવી રાખ્યું છે. એટલે એ મોંઘવારીને લીધે આ અંકથી થતો બીજો ચાર પાનાંનો નાનકડો ઘટાડો વાચકો ક્ષમાપૂર્વક સહી લેશે એવી અમને આશા છે. અમારે પક્ષે અમે ખાતરી આપીએ છીએ કે એ ઘટાડો ન વર્તાય કે ન ખૂંચે એ રીતે 'કુમાર'ની ગુણકક્ષા અને સંગીનતા ટકાવી રાખવાનો અમારો જાગૃત પ્રયત્ન રહેશે.

૩ કાગળની આ મોંઘવારીને કારણે અમે સાવચેતીપૂર્વક દરેક અંકની નકલો છાપતા હોવાથી એપ્રિલ સુધીના પાછલા બધા અંકો ખલાસ થઈ ગયા છે, એટલે ચાલુ વર્ષ માટે અમે માત્ર મેથી ડિસેમ્બર સુધીના આઠ અંકનું ચાર રૂપિયા લવાજમ લઇને જ ગ્રાહકો નોંધવાનું રાખ્યું છે; જેથી બીજા વર્ષના વચગાળા સુધી લંબાતાં લવાજમોની હિસાબી તકલિફ બચી જઇને બંને પક્ષે સરળતા થાય. એજંટો ને નવા ગ્રાહક થવા ઈચ્છનારાઓને આની નોંધ લેવા વિનતિ છે. સં.

નથી. ઊલટું તે દ્વારા તેની લાગણી ને સંસ્કારને અનેકગણાં ઊંચાં લાવી શકાય. ભગવાન બુદ્ધની જાતકકથાઓ મનુષ્યસંઘને દયા અને એકતા એ રીતે જ આપી શકી છે. એ જ રીતે સાચા ભાવે દોરાએલાં તમામ ચિત્રો (ગમે તે યુગનાં તે હશે તોપણ) આબાલવૃદ્ધ સૌને તેની ભક્તિ, પ્રેમ કે શૌર્યની લાગણીઓથી પ્રેરિત કર્યા વિના નહિ રહે.

વિવિધ જ્ઞાન આપવાની ભાવનાથી કરાતાં ચિત્રોમાં પણ કલ્પના અને ભાવમિશ્રિત ચિત્રોથી જ આરંભ કરવો પડશે. વૈજ્ઞાનિક વિભાગીકરણ કે નિરાકરણ કોઈ પણ બાલમાનસને પ્રથમ રુચિકર થતું નથી; પણ પોતાના પરિચય, સંબંધ કે લાગણીમાં સમાય એવાં પાત્રો પ્રાણીઓ અને પંખીઓ કે પદાર્થો વડે જ તે પ્રથમ સહેલાઈથી આકર્ષાય છે. તમે એને વરાળયંત્રની રચના સમજાવવા માંડશો તો જરા યે નહિ ગમે; પણ એક પ્રચંડ શક્તિવાળા રાક્ષસની વાત કહો, મનુષ્ય તેને કબજે કરે છે એવું કહો, તો તે એકાગ્રતાથી સાંભળશે અને મનુષ્યશક્તિનો વિકાસ કરવાની ઈચ્છા કરશે.

અરેબિયન નાઇટ્સ જેવી ચમત્કારપૂર્ણ વાતો દ્વારા તે સાહસ, ધૈર્ય, વિશ્વાસ, એકનિષ્ઠા સમજશે ને સાથે જ પ્રપંચો, કુટિલતા અને દુરાચારને તિરસ્કારતું થશે. આપણે મોટેરાં બધાં એવા અનુભવોમાંથી પસાર થઈ ચૂક્યાં છીએ. વાર્તાનાં સ્વરૂપો ઊડી ગયાં છે, પણ તેનું રહસ્ય આપણા જીવનમાં ઉતારી વ્યવહાર કરી રહ્યાં છીએ.

સ્વ. ગિજુભાઇએ આ હકીકતનો સ્વીકાર કરી પોતાના બાલસાહિત્યમાં તેનો આદર કર્યો છે અને સદુપયોગ કરી બતાવ્યો છે, એટલે લેખિત સાહિત્યમાં આપણે ઠીક સંચય કર્યો છે. પરંતુ ચિત્રિત સાહિત્ય ઘણું જ થોડું છે—અપ્રાપ્ય છે, અથવા જે છે તે મોઘું છે. આ દિશામાં શ્રી હંસાબહેનના પ્રયાસો ખરેખર અભિનંદનીય છે. તેમણે ચિત્રો સારાં અને સચોટ કરવા ખાસ કાળજી રાખી ખર્ચ કર્યો છે, અને લગભગ સફળતા મેળવી છે. પણ ઈતર ચિત્રિત સાહિત્યમાં ચિત્રોની પોકળતા, નિર્ગન્ધતા, વિચારની સચોટતાનો અભાવ અને નિર્માલ્ય કથનશક્તિ જોવામાં આવશે.

આ ખામીનો દોષ તેના પ્રકાશકો અને ચિત્રકાર બંનેને ફાળે સરખો જાય છે. પ્રકાશકો ચિત્રાંના ગુણદોષનો ખ્યાલ કરી શકતા નથી; ચિત્રકારો ઊંડું નિરીક્ષણ અને અભ્યાસ કરતા નથી.

છતાં રાષ્ટ્રની ઉન્નતિ અને પ્રગતિનો પ્રશ્ન વિચારતાં આ કાર્યમાં દરેક જણ થોડો ભોગ આપવા તૈયાર થાય અને ઉચિત કાર્ય માટે ઉચિત પાત્રોને કામ સોંપાય તો એક મોટું દેશોપકારક કામ કરી શકાય. ચિત્રો સારા અને કલાનિષ્ઠ ચિત્રકારોને હાથે થવાં જોઇએ, સારા રૂપમાં છપાવાં જોઇએ અને પ્રામાણિક વ્યાપારથી વેચાવાં જોઇએ, જેથી દરેક સાધારણ આવકવાળાં માતપિતા તે લઈ શકે. આ માટે બાળકોની ચિત્રપોથીઓ મોટી સંખ્યામાં અને અનેક ભાષાઓમાં છપાવવાની તૈયારી કરવી જોઇએ, જેથી બ્લૉક અને ચિત્રોનો ખર્ચ મોટા જથ્થા ઉપર વહેંચાઈ જતાં પરિણામે તે સસ્તાં પડે.

આજે તો કાગળ અને છાપકામ ઘણાં મોંઘાં થઈ ગયાં છે; પણ તેનો ઉકેલ જ્યારે આવી જાય તે વખતે નવેસરથી વિચાર કરવો જોઇએ, અને બાળકોની પ્રગતિમાં ઢીલ થાય એ કરતાં તે દિશામાં યોજનાપૂર્વક કામનો આરંભ કરી દેવો જોઇએ. **ર. મ. રા.**

('શિક્ષણપત્રિકા' માટે મૂળ લખેલો લેખ)

'હસ્તે બાઈ હીરૂ'

મારા એક મિત્રની પડોશમાં હીરૂબાઈ કરીને આધેડ ઉમરની એક વિધવા રહેતી હતી. તેનો જુવાન દીકરો પરદેશ કમાવા ગયો ત્યારે એક ઓળખીતા દુકાનદારને ભળાવી ગયો કે મારી માને જે કાંઈ પરચુરણ ચીજ જોઇએ તે મારે ખાતે લખીને આપજો. દીવાળી ઉપર હું ઘેર આવીશ ત્યારે હિસાબ ચૂકવી આપીશ. જતી વખતે દાણાલૂગડાં તો ઘરમાં ભરી ગયો હતો, એટલે ખોરાકીપોશાકની ચિંતા હીરૂબાઈને નહોતી. માત્ર ઝીણીનાની પરચુરણ ચીજ જોઇએ તે પેલા વેપારીને ત્યાંથી તે લઈ આવતી. બાર મહિને દીકરો ઘેર આવીને વેપારીને ત્યાં હિસાબ ચૂકવવા ગયો ત્યારે પોતાને નામે બસ્સો રૂપિયાનો આંકડો નીકળતો જોઈને તે આભો જ બની ગયો! હિસાબ તપાસતાં ચોપડામાં રકમો વિગતવાર લખી હતી:

એક પૈસાની દીવાસળી—હસ્તે બાઇ હીરૂ
બે પાઇની છીંકણી—હસ્તે બાઇ હીરૂ
પૈસાનું ધુપેલ—હસ્તે બાઇ હીરૂ
એક આનાનું ઘાસતેલ—હસ્તે બાઈ હીરૂ
ત્રણ પૈસાનો સાબુ—હસ્તે બાઇ હીરૂ

આમ બધી રકમો વિગતવાર 'હસ્તે બાઈ હીરૂ' કરીને માંડી હતી, અને નીચે ખાસ્સો બસો રૂપિયા લગભગનો સરવાળો હતો! દીકરાએ મૂંગે મોઢે રૂપિયા ગણી આપ્યા.

છેક નાનપણમાં સાંભળેલી આ ખરી બનેલી વાતે જીવનમાં મને એક મોંઘો પાઠ ભણાવ્યો છે કે 'નાની ચીજોનો સરવાળો હમેશાં મોટો હોય છે.' હીરૂબાઇના હિસાબમાં વેપારીનો વિશ્વાસઘાત હતો કે નહિ એ વાત બાજુએ મૂકીએ; પણ એક વાત જે બાઈ હીરૂ ન કરી શકી તે તો જીવનમાં ખાસ મહત્ત્વની છે: 'પાછું વાળીને જોવાની.'

અને એ ચેતવણી માત્ર ખર્ચ કરવા પૂરતી જ ઉપયોગી નથી. જીવનમાં ડગલે ને પગલે આપણે પાછું વાળીને જોયા વિના ચાલીએ છીએ. ખાતી વખતે આપણે જેમ પાછું વાળીને જોતા નથી ને માંદા પડીએ છીએ, તેમ ખરચતી વખતે આપણે આપણું ગજું વિસરી જઇએ છીએ, બોલતી વખતે આપણે આપણું ગૌરવ વિસરી જઈએ છીએ, સ્વાર્થવશ થઈ કોઈ અજુગતું કામ કરતાં આપણી આર્યતા–ખાનદાની વિસરી જઈએ છીએ.

પણ એ નજીવાં ગણાતાં મામૂલી ખર્ચો, બેદરકારીથી બોલી નાખેલાં હળવાં વેણ, વિસાત વિનાનાં લાગતાં નાનાંનાનાં આચરણોનો સરવાળો, બાઈ હીરૂના હિસાબની માફક, એટલી ધીમી ને અદૃશ્ય રીતે વધતો જતો હોય છે કે એક દિવસ ઓચિંતો તે આપણને પાયમાલી કે પસ્તાવાના કાદવમાં તરફડતા કરી મૂકે છે.

ઝાઝી કીડીઓએ સાપને હણ્યો હતો એ વાત જીવનમાં બધાં જ ક્ષેત્રોમાં અને હમેશને માટે સાચી છે. નાના ને નજીવા લાગતા પ્રસંગોએ આપણે માત્ર જરાક જ ખમચીને વિચાર કરીએ, થોડીક જ વાર આત્મપરીક્ષા કરી લઈએ, ખરે વખતે ચેતીને પાછું વાળી જોઇ લઇએ, તો—

તો? 'હસ્તે બાઈ હીરૂ'ની માફક આપણે 'હસ્તે' જીવનના અદૃશ્ય ચોપડામાં આપણે ખાતે લખાતા હિસાબનો સરવાળો જોઇને પસ્તાવાનો વખત કદી નહિ આવે.

'શાલિગ્રામ'

પાશ્ચાત્ય જગતનો પહેલો જ્યોતિર્ધર



રોમના પૅલેઝો સ્પાડામાંનું
એરિસ્ટોટલનું પૂતળું

સિતમગર સિકંદરે કાંડાના બળે જગત જીતવા વિજય-પ્રસ્થાન આદર્યું, ત્યારે ગ્રીસમાં એક એવી પ્રતિભા કદીયમાન થઈ રહી હતી, જેણે પોતાના બુદ્ધિવિભવ વડે સિકંદરથી યે મહાન સામ્રાજ્ય ઊભું કર્યું. સિકંદરના તો અવસાન સાથે એનું સામ્રાજ્ય પણ અવસાન પામ્યું, પરંતુ આ બુદ્ધિસમ્રાટ્‌ની કીર્તિવેલને કરમાવવા કાળનાં અનેક ચક્રો યે અશક્તિમાન નીવડયાં છે.

એનું નામ એરિસ્ટોટલ. ઇસ્લામની શેહ અરબી આલમ ઘેરી વળેલી ત્યારે કૉર્ડોવા ને અલહમ્બ્રાની વિદ્યાપીઠોમાં તરુણ વિદ્યાર્થીઓ તેના ગ્રંથો હોંસેહોંસે પઢતા. એના નામનું અરબ અપભ્રંશ 'અરસ્તુ'. ફિલસૂફીમાં તેની એકછત્ર આણ વર્તતી. પણ એ સિવાય એ માનસશાસ્ત્રી હતો, તર્કશાસ્ત્ર નીતિશાસ્ત્ર ને રાજનીતિમાં પાવરધો હતો, ને સૌથી જબરો તો એ જીવશાસ્ત્રી હતો. સાહિત્યવિષયક સમાલોચના ને પાશ્ચાત્ય અલંકારશાસ્ત્રનો આદ્યસર્જક પણ એ જ ગણાય છે.

એની પૂર્વે થઈ ગએલા સૉક્રેટિસ ને પ્લેટો (અરબોના 'સુકરાત' ને 'અફલાતૂન') મળીને થતી ગ્રીસની 'અમર ત્રિપુટી'નો એ છેલ્લો અંકોડો. પણ એનું જ્ઞાનસામ્રાજ્ય પહેલા બે કરતાં અનેકગણું વિસ્તર્યું હતું. ને આજે તો એટલે સુધી કહેવાય છે કે કોઇ પણ બુદ્ધિમાન શખ્સ જાણ્યે અજાણ્યે તેનો અનુગામી જ છે.

પ્લેટો (અફલાતૂન)નાં ચિંતનાત્મક સાથે એરિસ્ટોટલ(અરસ્તૂ)નાં પ્રયોગાત્મક મંથનો અરબો પાસેથી હિસ્પાનિયા (સ્પેન)ના યહૂદીઓએ અપનાવ્યાં, ને પાશ્ચાત્ય જગતમાં જ્ઞાનની ક્ષીણપ્રાણ બનેલી એ જ્યોત પુનઃ પ્રકાશી ઊઠી. સિકંદરિયાનાં કિતાબખાનાંએ એ જ્યોતમાં નવું તેલ પૂર્યું ને એ અરસામાં એવું કોઇ શિક્ષિત હૃદય ન રહ્યું જેણે એ પુણ્યજ્યોતિની આશાતા ન અનુભવી હોય.

સિકંદરના દાદા આમિન્તાસના રાજવૈદ્ય ઇસ્કુલેપિયસના પુત્ર નિકોમૅકસનો તે પુત્ર. ઈજીઅન સમુદ્રના વાયવ્ય કિનારાના અખાત પર આવેલા સ્ટેજિરા નગરમાં ઈ. પૂ. ૩૮૪માં તે જન્મેલો. જાતિએ તે આયોનિયન હતો. નિસર્ગના પહેલા અન્વેષકો તરીકે આયોનિયન ગ્રીકો પહેલેથી જ પંકાતા આવેલા.

એરિસ્ટોટલના બાળપણ કે યુવાનીની કશી વિગતો બહાર નથી આવી. તેના હાથ આવેલા ગ્રન્થોમાં પણ એ બાબતનો કયાં યે ઉલ્લેખ નથી. તેના બાપ પાસેથી તે વૈદું શીખેલો ને પછી એસ્લેપાયડ્ઝની સંસ્થાનો સભ્ય બનેલો એટલી માહિતી મળી શકે છે.

સત્તરની વયે ગ્રીસના ત્યારના સર્વોત્તમ ફિલસૂફ પ્લેટોની શાળામાં તે દાખલ થયો. ડાયોજિનિસ લેઆર્ટિસના કહેવા મુજબ, બેરાં જેવો અવાજ, નાની છતાં ધ્યાનરક્ત આંખો ને પાતળા પગવાળા છતાં તરવરિયા એ તરુણની જ્ઞાનપિપાસા એટલી બધી હતી કે અભ્યાસ ખાતર તે ઘણીવાર રાતે ઊંઘનો પણ ત્યાગ કરતો. નિદ્રાનો સમય બને તેટલો ઓછો કરવા પથારી પાસે પિત્તળનું એક વાસણ રાખી તેના પર લાંબા કરેલા હાથમાં સીસાનું વજન મૂકી તે વાંચવા પડતો. વાંચતાં વાંચતાં ઝોકું આવી જતું કે તરત નિદ્રાથી જડ થએલા તેના હાથમાંથી પેલું વજન પડી જતું, વાસણ ખખડી ઊઠતું ને એ જાગી પડતો!

પ્લેટો પાસેથી અનેક વિષયો તે શીખવા લાગ્યો ને એ બધામાં એનું અન્વેષણ એટલું ઊંડું હતું કે તેણે સૌ વિદ્યાર્થીઓમાં માનની નજર પેદા કરી હતી. કહેવાય છે કે, ઘણી વાર તો વિદ્યાર્થીઓ પ્લેટોના મંતવ્ય કરતાં યે એરિસ્ટોટલના ખાનગી અભિપ્રાયને વિશેષ પસંદગી આપતા. પ્લેટો તેની પ્રગલ્ભ બુદ્ધિમત્તાથી અણજાણ નહોતો. એરિસ્ટોટલને તે 'શાળાની પ્રતિભા' તરીકે સંબોધતો.

થોડા વખતમાં તો આ તરવરિયો જુવાન ઍકેડેમીમાં પોતાના ગુરુના મદદનીશ તરીકે કામ કરતો થઈ ગયો. જ્યાંજ્યાં પ્લેટોથી તેનો મત વિરુદ્ધ જાય ત્યાં ત્યાં તેની છડેચોક જાહેરાત કરતાં તે સહેજ પણ ન અચકાતો. તે કહેતો, 'પ્લેટો મને પ્રિય છે, પણ સત્ય પ્રિયતર છે.'

ઇ. પૂ. ૩૪૭માં પ્લેટોનું અવસાન થયું તે સાથે એણે આથેન્સ પણ છોડયું. એ સાથે ઇ. પૂ. ૩૬૭થી ૩૪૭ સુધીનો તેના જીવનનો એક ગાળો સંપૂર્ણ થયો લેખાય. બીજો ગાળો ઈ. પૂ. ૩૪૭થી ૩૩૫નો. એ આખો યે ગાળો રખડપાટનો છે. હર્મિયાસ, મિતિલીન, લેસ્બોસ ઍસસ, પૅલા એ બધાં જાણીતાં સ્થળો એ અરસામાં તે રખડી ચૂકયો તેની વયનાં આ ૩૭થી ૪૯ સુધીનાં એ બાર વર્ષો પછી છેલ્લો ગાળો આવે છે તે પણ બાર વર્ષનો, ઇ. પૂ. ૩૩૫થી ૩૨૨ સુધીનો. કેલિસરા

અને માનવજાતનો મહાન સંસ્કારક એરિસ્ટોટલ

માં દેશનિકાલ બન્યા બાદ થએલા અવસાનથી તેનો અંત આવે છે.

આ ત્રણ ગાળા માત્ર સમયના બાહ્ય ગાળા જ નથી, પણ, અરસ્તૂના સર્વોત્તમ ચરિતનવેશ જીગરના મત પ્રમાણે, તેના વિચાર-શરીરના વિકાસના તબક્કા છે. પહેલા તબક્કાનો અરસ્તૂ બીજા તબક્કાથી જુદો પડે છે ને બીજા તબક્કાનો છેલ્લા તબક્કાથી.

આથેન્સ છોડયા બાદ અરસ્તૂ ઍસસ આવ્યો. અહીં તેણે પોતાની શાળા કાઢી ત્રણ વર્ષ ચલાવી. આતાર્નેઅસના નગરરાજ્યનો રાજા હર્મિયાસ તેનો સહાધ્યાયી હતો. અરસ્તૂની દિનપ્રતિદિન પ્રભાવિત થતી જતી પ્રતિભાથી તે આકર્ષાયો, તેને પોતાને ત્યાં બોલાવ્યો ને પોતાની દત્તક તરીકે લીધેલી ભત્રીજી પિથિયાસનાં લગ્ન તેની સાથે કરી આપ્યાં. મધુરાત્રિ ગાળવા ત્યાંથી તે લેસ્બોસના ટાપુ પર ગયો. ત્યાં બે વર્ષ રહ્યો, પણ લગભગ ઘણોખરો સમય તેણે પ્રાકૃતિક વિજ્ઞાન અને સામુદ્રિક જીવશાસ્ત્રના અભ્યાસ પાછળ જ વીતાવ્યો. પોતાના સૈદ્ધાંતિક જ્ઞાનને અહીં પ્રયોગોની સરાણે ચઢાવવાનો તેને સારો જેવો મોકો મળ્યો.

આમ અવનવા પ્રયોગોમાં એ રત રહેતો એવામાં મકદુનિયાના રાજા ફિલિપે પોતાના તેર વર્ષના પુત્ર સિકંદરને કેળવવા માટે તેને રાજધાની પૅલામાં બોલાવ્યો. એનો બાપ ને દાદો મકદુનિયાના દરબારમાં કામ કરી આવેલા, એટલે અરસ્તૂએ તે આમંત્રણ સહર્ષ સ્વીકાર્યું. પણ પૅલા પહોંચતાં જ તેને ખબર પડી કે ઇરાનીઓએ હર્મિયાસને પકડી જઈ સુસામાં ફાંસીએ લટકાવી દીધો છે! 'મારા મિત્રોને કહેજો કે ફિલસૂફીને ન છાજતી કશી વર્તણૂક મેં કરી નહોતી,' એ હર્મિયાસના છેલ્લા શબ્દો અરસ્તૂએ સાંભળતાં જ તેની આંખમાંથી આંસુ વહી નીકળ્યાં અને ઈરાન સાટેનો ડાઘ હમેશ માટે તેના દિલમાં ઘર કરી ગયો. આજથી જ પોતાના શિષ્ય બનેલા સિકંદરમાં સૌથી પ્રથમ તેણે એ જ આકાંક્ષા જન્માવી કે કોઈ પણ પ્રકારે ઈરાનના મહારાજ્યનો નાશ કરવો. ઍકીલિસ જેવા બની સારા ગ્રીસનું સંયુક્ત મહારાજ્ય રચવાનો વિચાર પણ સિકંદરમાં તેણે જ જન્માવ્યો.

સાત વર્ષ અરસ્તૂ મકદુનિયા (મેસીડોનિયા)માં રહ્યો. એ સાત વર્ષમાં તેણે સિકંદરને શું શિક્ષણ આપ્યું હશે એ સવાલ આજ બે હજાર વર્ષ થયાં ઇતિહાસનો એક કોયડો જ રહ્યો છે. ભાવિ વિજેતા ને મ્હોરતા જાલિમ સમા સિકંદરને દેવપુત્ર હોવાનું એના જેવાએ શીખવેલું ન જ હોય, ને સિકંદરને તેની ફિલસૂફીરસ પણ ઉપજાવી શકી ન હોય. ફક્ત યુદ્ધના વિજ્ઞાનનું શિક્ષણ તેને મળ્યું હોય એ સંભવિત છે.

પોતાના પિતા ફિલિપનું ખૂન કરાવી સિકંદર ગાદીએ આવ્યો કે તરત અરસ્તૂ મકદુનિયા છોડી ચાલ્યો ગયો. એ વેળા તેનું વય ૫૦ વર્ષનું હતું, છતાં તે વખતે તેનું જીવન સંકેલાયું હોત તો કદાચ આટલો ખ્યાત તે ન બનત! તેની કામ કરવાની વય જ જાણે હવે શરૂ થતી હતી.

આથેન્સ આવીને હવે અરસ્તૂએ પોતાની શાળા ખોલી. એ શાળામાં જબરૂં પુસ્તકાલય હતું, નકશા હતા ને થિયોફ્રાસ્ટસ જેવા વ્યાખ્યાતા હતા. આજની કૉલેજ જેવી જ તેની એ શાળા હતી. તેનાં મળેલાં લખાણોમાં આ શાળામાં અપાએલાં વ્યાખ્યાનોનો જ ઘણોખરો ભાગ છે, છતાં તે પરથી યે તેની દૃષ્ટિ સર્વદેશી હોવાની પ્રતીતિ થાય છે. સિકંદરનું વિજયપ્રસ્થાન ત્યારે શરૂ થઈ ગયું હતું, ને તે સાથે અરસ્તૂના શિક્ષણને પણ તેણે પાણીચું આપી દીધું હતું. અરસ્તૂનો ભત્રીજો કૅલિસ્થિનિસ એ પ્રસ્થાનમાં સાથે ગયો હતો. પણ સિકંદર દેવપુત્ર હોવાનો તેણે ઈન્કાર કર્યો એટલે સિકંદરે એનું ખૂન કર્યું ને એ ખૂન સાથે જ અરસ્તૂને મળતી થોડીઘણી મદદ પણ તેણે બંધ કરાવી.

આથેન્સમાંની એ શાળા મારફત કામ કરતાં-કરાવતાં અરસ્તૂએ વિજ્ઞાનના સારા ઘુમ્મટની નિરીક્ષણા આદરી. વિજ્ઞાનના દરેકે દરેક ક્ષેત્રને તેણે અભ્યાસનો પ્રકાર બનાવ્યો. તેની શાળાના બધા સંચાલકો 'પેરિપૅટેટિક્સ' એટલે 'ચાલતા ફિલસૂફો' તરીકે ઓળખાતા. સજીવતાના દરેક પ્રકારનો અભ્યાસ એ અરસ્તૂનો ખાસ શોખ હતો ને પૂરતા અભ્યાસ બાદ વિજ્ઞાનની દરેક શાખા પર તેણે પોતાના આખરી શબ્દો લખ્યા છે.

તેની વૃત્તિ પહેલેથી જ ચીલાચાલુ ન હતી. તે કહેતો કે સાધના ને ભક્તિથી જ્ઞાન મેળવવાને બદલે પ્રત્યક્ષ અનુભવ અને નિરીક્ષાથી તે મેળવવું ઈષ્ટ છે. હરકોઈ બાબત પર વિચાર કરતાં પહેલાં, ચાલતા આવેલા કોઇ પણ ઉપસિદ્ધાંતોને તે વેગળા મૂકતો. નવેસરથી જ બધો ક્રમ યોજતો અને એ રીતે જ તેણે તર્કશાસ્ત્રની નવી દિશા ખોલી. જે સત્ય લાગે તે કહી નાખવામાં પણ તે એટલો જ નીડર હતો. કૅલિસ્થિનિસના વધ બાદ તેણે સિકંદરને લખી મોકલેલું કે 'માણસ કદી દેવ થઇ શકે નહિ.' પણ તેથી તો સિકંદર ઉલટો ક્રોધે ભરાએલો ને એ નાદાન સરદાર પોતાના દેવત્વને હેઠું પાડનાર ગુરુનો વધ કરવા પણ તૈયાર થઈ ગએલો!

બાર વર્ષ સુધી અથાક શ્રમથી તેણે પોતાની શાળા ચલાવી. નિસર્ગશાસ્ત્રની પોતાની શોધો સંપૂર્ણ કરવા દુનિયાના ખૂણેખૂણેથી તે જાનવરો એકઠાં કરતો. પુસ્તકોનો તો એને પહેલેથી જ એટલો બધો શોખ હતો, કે પ્લેટો તેના ઘરને 'વાચનાલય' કહેતો. તેણે ઘણો અભ્યાસ કર્યો ને ઘણું બધું લખ્યું. જૂના લેખકો તો જણાવે છે કે તેણે પૂરા હજાર ગ્રંથ લખેલા!

પણ આથેન્સને જગતનું ફરી સાંસ્કૃતિક કેન્દ્ર બનાવવા નીકળેલા એ એરિસ્ટોટલની કદર તેની શાળા બહાર કશી જ ન હતી. તે સિકંદરનો વિદ્યાગુરુ હોવાથી આથેન્સવાસીઓ તો તેને ચીરી નાખવા જેટલા તેના પર ક્રોધે રહેતા. પ્લેટો જેવી શાંતિ કે માન તેના નશીબમાં રહ્યાં ન હતાં. આથેન્સ હજુ મકદુનિયાને તાબે હતું એટલા પૂરતી જ તેની સલામતી ટકી રહી હતી.

ઈ.પૂ. ૩૨૩માં સિકંદર મર્યો ને આથેન્સના રાજપ્રકરણમાં જબરો ઊભરો ઊભરાઈ નીકળ્યો. નવા રાજા ઍન્ટિપેટર સામે આથેન્સવાસી યુદ્ધમાં ઊતર્યા. લામિયન યુદ્ધ બાદ મકદુનિયાની સત્તા ડોલી ઊઠી.

થોડો જ વખત વીત્યા બાદ આથેન્સને એક ખૂણે શાંત કામ કર્યે જતા અરસ્તૂ પર આક્ષેપોની ઝડી વરસવા લાગી. પ્રાર્થના ને હવનો ખોટા છે એવું તેણે જાહેર કર્યું હોવાનો તેના પર આક્ષેપ મૂકાયો. એ જ એ આથેન્સના ધર્મગુરુઓ હતા, જેમણે સૉક્રેટિસને ઝેરનો પ્યાલો પાએલો. ફિલસૂફી સામે તેમના હાથે એવો જ બીજો ગુનો બનવા ન પામે એ માટે અરસ્તૂએ ઍન્ટિપેટરની સહાય યાચી, પણ ફોકટ. છેવટે આથેન્સ મૂકી તે પોતાના મોસાળ કાલ્સિસ નાસી ગયો.

કાલ્સિસમાં તેને આવકાર આપનારા ઘણા હતા, પણ તેના કાર્યમાં રસ લેનાર એકે ન હતો. તેના મિત્રો બધા આથેન્સમાં રહ્યા. તેના અખતરા નીચેના છોડવા, પ્રાણીઓ, તેનાં પુસ્તકો, બધાં ત્યાં રહ્યાં. તેને પોતાના પ્રયોગો વિનાનું જીવન અકારૂં લાગ્યું ને જિંદગીની વેઠ સમેટી લેવા ઈ.પૂ. ૩૨૨માં ઝેર પી તેણે પોતાના જીવનનો અંત

આવ્યો. આથેન્સમાં એ ન બન્યું, પણ એ બનાવમાં કારણભૂત તો આથેન્સ એકલું જ હતું. કોઈ પણ બહાનું આથેન્સની એ કાળી ટીલી ધોઈ શકે તેમ નથી.

જિંદગીની ચડતીપડતી દરમિયાન પણ અરસ્તૂની સહાયવૃત્તિ કદી ઓસરી ન હતી. સગાંઓ ઉપરાંત હરકોઈ ગરજદારને તે નિઃસ્વાર્થ સહાય કરતો રહેલો. ગુલામોની છૂટ માટે પહેલવહેલો પ્રયાસ કરનાર પણ એ જ હતો.

એ મૂઓ ત્યારે થોકબંધ લખાણ પાછળ મૂકતો ગએલો. ભૌતિકશાસ્ત્ર, આધિભૌતિકશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ખગોળ, પ્રાકૃતિક ઇતિહાસ, કાવ્ય અને અલંકારશાસ્ત્ર તથા રાજનીતિ એ બધા વિષયો પર તેણે પોતાની કલમ ચલાવી છે. આજ એવડા બહોળા ક્ષેત્રમાં ચાંચ બોળવાની પણ કોણ હિંમત કરી શકે? અને છતાં તેની પાસે હાલનાં સાધનોમાંનું તો એકે ન હતું: નહોતું હવાના વજન કે ગુરુત્વાકર્ષણનું ત્યારે જ્ઞાન, કે નહોતાં વજન કે કદનાં સાચાં પરિમાણો મેળવવાનાં સાધનો; નહોતું સૂક્ષ્મદર્શક યંત્ર, કે નહોતાં ઘડિયાળ ને થર્મોમીટર.

આ મહાન અરસ્તૂએ આજના વિજ્ઞાનની દૃષ્ટિએ ભૂલ કરી હોય તો એટલી જ કે તેણે પૃથ્વીને વિશ્વનું કેન્દ્ર બનાવ્યું. ડેમોક્રીટસની આણુવિક સિદ્ધાંતને અને પાઇથાગોરાસના અમુક કેન્દ્ર આસપાસ પૃથ્વી ફરતી હોવાના સિદ્ધાંતને તેણે ખોટો ઠરાવ્યો હતો, પણ એટલા ખાતર તેણે જિંદગી નીચોવી કરેલું કાર્ય ઉપેક્ષાને પાત્ર નથી બનતું. એના સારા યે કામની તુલના કરીને રેનાંએ પણ કહ્યું છે કે 'જગતને પહેલવહેલું વિજ્ઞાન આપનાર તો અરસ્તૂ જ હતો.' ગર્ભશાસ્ત્રની નાજુક વિદ્યામાં કશાં સાધનો વિના તેણે એટલી તો પ્રગતિ કરેલી કે સર્વોત્તમ ગર્ભશાસ્ત્રી ફૉન બેયરે જાહેર કરેલો મહાન સિદ્ધાંત પણ તેના ગ્રંથોમાં મળી આવે છે અને તે એ કે, ગર્ભમાં પહેલાં તો બધાં જેમ સાધારણ લક્ષણો જણાય છે, પછી જાતિનાં ને સૌથી છેલ્લે વ્યક્તિત્વનાં.

વંશાનુગતિકતાનો વિકાસ તો ગ્રેગર મેન્ડેલે હાલમાં જ કર્યો છે, પણ તે પહેલાં અરસ્તૂએ તેના પર અન્વેષણ આદરેલું. એક વિચિત્ર બાબતે તેને એમાં પ્રેર્યો. એક ગોરી સ્ત્રીએ એક સીદી સાથે લગ્ન કર્યાં. તેથી થએલાં પુત્રપુત્રીઓ તો બધાં ગોરાં થયાં, પણ ત્રીજી પેઢી પાછી સીદી જ જન્મી! ગોરા શરીરમાં ત્યારે કાળાશ ક્યાં સંતાએલી હશે? અરસ્તૂએ તે પર અનુમાનો કર્યાં; તેની પછી બે હજાર વર્ષે મેન્ડેલે તેનો સાચો જવાબ આપ્યો.

પ્રાણીઓનું તેણે કરેલું વર્ગીકરણ તો લિનિયસે કરેલા થોડા સુધારાવધારા સહિત આજ દિવસ સુધી હજુ યે સ્વીકારાતું આવે છે. જીવશાસ્ત્રના અભ્યાસ માટે તે પ્રાણીઓને ચીરતો ને કાયદો ને ધર્મ જો મના ન કરત તો તે મનુષ્યોને પણ ચીરત. પણ એ સુભાગ્ય ન મળતાં મનુષ્યની જાતિ ઉપરના તેના ઘણા નિર્ણયો ખોટા પડે છે. સંતતિનિયમનનો જગતને પહેલો ખ્યાલ આપનાર પણ એ જ. તે કહેતો કે આબાદી માટે વસ્તીનું પ્રમાણ નિયમિત જ રહેવું જોઇએ. લગ્ન માટે પુરુષની વય ૩૭ની અને સ્ત્રીની ૨૦ની તેણે જણાવેલી છે.

પણ સૌથી મહાન પ્રશ્ન તો તેણે વિકાસવાદનો છણેલો. ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદને તો હર્બર્ટ સ્પેન્સરે ઓગણીસમી સદીમાં વિકસાવ્યો, પણ અરસ્તૂએ તો ખ્રિસ્તથી યે ત્રણસો વર્ષ પહેલાં માણસથી લઇને તે લાકડા સુધી, તથા પત્થરથી માંડીને તે જીવની વૃત્તિઓ સુદ્ધાંને એ લાગુ પડતો હોવાનો ઉલ્લેખ કર્યો છે; અને જેમ કોઈ જાતિનો માનસવિકાસ વધુ ને વધુ થતો જાય છે તેમ તેની સંતતિની પેદાશ ઘટતી જવાનું પણ તેણે જણાવ્યું છે.

માનવતાના આ મહાન સંસ્કારકને ખ્રિસ્તી ધર્મને સુધારવા નીકળેલા લ્યૂથરે નિશાળીઆઓના ગુરુ તરીકે વખોડી કાઢ્યો છે, પણ જ્યારે સંત ટૉમસ અકીનાસ જેવા બોલી ઊઠે છે કે 'Aristotle was the master of those who know.' ત્યારે આ અભિપ્રાયની કશી કીમત રહેતી નથી. દાંતે જેવા મહાકવિ પણ તેને 'અજબ ફિલસૂફ' જણાવે છે. તેનું 'નિકોમેકિયન નીતિશાસ્ત્ર' તો આજ પણ દુનિયાના મહાન ગ્રંથોમાં ગણાય છે. યુરોપના પુનર્વિધાન-યુગ (રેનાસાં) સુધી તો યુરોપની સમગ્ર વિચારસૃષ્ટિનો એ એકલો શાસક હતો. ગઇ સદીનો ડાર્વિન પણ તેના માટે લખતો ગયો છે કે 'Linnaeus and Curier have been my two Gods, though in very different ways; but they were mere school-boys to old Aristotle.'

તેણે કાર્ય માટે લીધેલું પગથિયું કદાચ નાનું હશે, કારણ તેની પાસે કોઈ ભૂમિકા તૈયાર ન હતી કે અનુકરણ કરવા યોગ્ય નહોતો કશો નમૂનો. પણ જે પગથિયે તેને ગૅલીલિયોના યુગ સુધી વિજ્ઞાનનાં શાહેનશાહ તરીકેની પદવી અપાવી એ પગથિયું નાનું કેમ કહી શકાય?

ખીલતા ગુલાબથી લઇને અદૃશ્ય થતા ઝાકળબિંદુ સુધીના, સજીવતાના થતા અનંત પુનરાવર્તનના નિરીક્ષણથી એ પોતાની આખી ફિલસૂફી રચી ગયો છે. જીવનભર કશાં યે માન, સહાય કે સગવડ પામ્યા વિનાના એ ફિલસૂફનો સાચો દિલાસો એક જ હતો: ચિંતન.

'જિંદગીનો સાચો દિલાસો મને તત્ત્વના ચિંતનમાં જણાય છે. જેમજેમ મારી જાતને હું એકલી જોઉં છું તેમતેમ ચિંતનમાં રત થાઉં છું' એ શબ્દોમાં પોતાના એકના એક આશ્વાસનનો ઉલ્લેખ કરતા આ ફિલસૂફનું પૂતળું આજ પણ રોમમાં પૅલૅઝો સ્પૅડામાં ઊભું છે. બધી આશા, બધા આદર્શો વહી ગયા હોય તેવા કોઈ માનવીની એ આદર્શ પ્રતિકૃતિ લાગશે. તેના હોઠ અને આંખો પણ નિરાશાનું જ સૂચન કરતાં જણાશે. છતાં પણ દુઃખની સતત સતાવણીમાં પસાર થનારના ચહેરા પર દિવ્યતાની જે રેખાઓ આપમેળે અંકાઈ જાય છે એવી એ રેખાઓનું નિરીક્ષણ જ એના વ્યક્તિત્વનો સાચો ખ્યાલ આપી શકશે.

એ યુગભાવી તત્ત્વદ્રષ્ટાની કોઇએ સાચીજ પિછાન આપી છે કે,

'Mongst gods, he was a man mortal,
'Mongst men, like God that can do all.

અશોક હર્ષ

ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ તરફથી થતી વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી દર વર્ષે કરાવવામાં આવતી, વર્ષભરના વાઙ્મયની સમીક્ષાનું કામ, ચાલુ વર્ષનાં પુસ્તકો માટે નીચેના ત્રણ વિભાગવાર તેમની સાથે જણાવેલા સમીક્ષકોને સોંપવામાં આવ્યું છે: (૧) કવિતા, નાટક, નવલિકા, નવલકથા વગેરે લલિત વાઙ્મય માટે-પ્રો. જ્યોતીન્દ્ર હ. દવે [illegible] બા. વ્યાસ, 'પ્રભુભુવન', સી. પી. ટૅન્ક, મુંબાઈ ૪; (૨) નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, ધર્મ-તત્ત્વજ્ઞાન, ઇતિહાસ-પુરાતત્ત્વ, ભાષાશાસ્ત્ર, કેળવણી, પ્રવાસ, બાળસાહિત્ય વગેરે લલિતેતર વાઙ્મય માટે-પ્રો. હસમુખલાલ મ. કાછી, સિવિલ સ્ટેશન, રાજકોટ; (૩) રસાયણશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન, જંતુવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, શાસ્ત્રીય સાહિત્ય આદિ વૈજ્ઞાનિક વાઙ્મય માટે-પ્રો. ડૉ. રમણિક કે. ત્રિવેદી, 'પંકજ', પ્રતાપગંજ, વડોદરા. સૌ લેખકો તથા પ્રકાશકોને પોતાનાં પુસ્તકો સમીક્ષા માટે ઉપર જણાવેલા સમીક્ષકોને તેમને સરનામે મોકલવા ગુજરાત સાહિત્ય સભા અમદાવાદની આગ્રહભરી વિનતિ છે.

ઇચ્છાકાકા

જૂની પેઢીને બનાવવા નીકળેલી નવી પેઢીને બોધપાઠ

જાનૈયાઓ જનીવાસામાં આવ્યા ત્યારે સૌને, ઊંટ મારવું પડે એવી આકરી તરસ લાગી હતી; છતાં, પહેલું કામ પાણી પીવાનું ન કર્યું, પણ પાગરણ ભર્યાં હતાં એ ઓરડી પર જ હલ્લો લઈ ગયા.

કારણ હતું. પોષ મહિનો હતો. શીંગણી બાળી નાખે એવાં હિમ પડતાં હતાં. તેમાં વળી, ભોગજોગે જાનને ઉતારો પણ ભાદરના મધ્ય-વહેણ ઉપર ઝળૂંબી રહેલા દરબારગઢમાં મળ્યો. પછી તો ટાઢની કાતિલ અસરનું પૂછવું જ શું?

હજી તો સમી સાંજ હતી. જાનનાં સામૈયાં પણ નહોતાં થયાં, ત્યાર પછી જમી કારવી સૂવા જવાને તો હજી ભવ એકની વાર હતી. પણ તરસ લાગે ત્યારે કુવો ખોદવા બેસાય છે? અને આ પચ્ચાસ માણસ વચ્ચે સાવ પાપડ જેવી પાતળી ત્રીસ ગોદડી વેવાઇએ આ-પેલી એ કોને પૂરી થાય?

સૌએ બબ્બે ગોદડાં બગલમાં મારીને ઉતારાના મનગમતે ખૂણે સંઘરી દીધાં. 'ખાવાનું ન જડે તો કાંઇ નહિ, પણ ઓઢવાનું નહિ જડે તો આખી રાત ફૂંઠવાવું પડશે.' આ સૂત્રને નજર આગળ રાખીને જ આ ગોદડા-લૂંટ ચાલી.

'એલા એય, આલો ઈચ્છાકાકો, મારો દીકરો, વરનો બાપ હોય એટલો રૂઆબ કરે છે, તો એને આજે ગોદડા વિનાનો રખડાવીએ તો જ ખરા.'

'હા, હો! ઈ વાત સરસ સૂઝી. મારા બેટાને ગોદડા વગરનો રાખીએ તો એનેય ખબર પડે કે જડ્યા'તા ખરા જાનૈયા!'

'ઇ જ લાગનો છે. જેતલસરને જંકસને ચાના એકેક કોપમાં પણ મારે દીકરે આડી ઉજમ વાળી. કહે કે, ઇ તો વેવાઇને માંડવે જઈને જ ચા પીશું. આંહી ટેશનમાં તો ચા મોંઘી દાટ જેવી હોય. એક તો પૈસા વધારે લ્યે, ને પાછી સાવ ભૂ જેવી ચા આપે. આમ કહીને આખી જાનને ચા વિનાની જ રાખી.'

'તો તો આજે એના પર રીગડી કરીએ. વર-રાજા ફેરા ફરી લેશે ત્યાં સુધી ઈ તો વેવાઇને માંડવે હશે, એટલે મોડામોડા આંહી આવશે.... ને આપણે તો બબ્બેની સોડ તાણી.. ને ઘરડ... ઘરડ...'

પછી સામૈયાં થયાં. વરઘોડિયું આવ્યું અને વેવાઇને ઘેર જઇને વરરાજા તોરણ છબી આવ્યા.

પણ એ તો વરરાજાને કન્યાનો લોભ હતો. જાનૈયાઓને તો જમ્યા સિવાય બીજો કયો લોભ હતો? પણ ના, આજે તો જાનૈયાઓને જમવાનો પણ એટલો લોભ નહોતો, જેટલો ગાદલાં–ગોદડાં સંભાળવાનો લોભ હતો.

ખાધું ન ખાધું કરીને જાનૈયાઓ તો ઉતારે આવીને પોતપોતાનાં ડબલ ગાદલાંઓ ઉપર પ-ડ્યા. ઊંચે જીવે આવેલા, એટલે ઓડકાર પણ ગાદલાં ઉપર સૂઇને જ ખાધા.

પછી વેવાણો કસવો લઇને આવી, એમનાં મોં જોવા ગસે પણ મારા વાલીડાઓ કોઇ ઊભા ન થયા. રખેને ડીલની ફૂંક આપીને ફૂંફાળું બનાવેલું ગાદલું બીજો કોઈ પચાવી પાડે!

છાબ લઈને જવા માટે વરના મામાએ જાનૈયાઓને પડકાર્યા ત્યારે એ પડકારથી જ કેટલાકનાં નાક ઘરડઘરડ બોલવા લાગ્યાં.

'એલાવ, લાપશી કાંઇ બહુ દાબી છે, તી અઢાણુંમાં સૌનું ધારણ વળી ગયું?'

પણ જવાબ આપવા જેવી મૂર્ખાઇ કોઇ કરે ખરૂં?

છાબ લઈને પણ વરરાજાના અંગત પાંચ માણસો જ ગયા.

ત્યાં તો, પાછળથી બૂમ પડી: 'પાગરણ ઓછું છે, એટલે વેવાઈને કહેજો, ઝટ મોકલી આપે. નહિતર જાનૈયાઓ ટાઢે ઠરશે.'

વેવાઈએ અંતરિયાળ આડોશીપાડોશીઓના પટારા ઊઘડાવ્યા. વાળંદ આવીને ગાદલાં–ગોદડાંનો ઢગલો કરી ગયો.

'એલા એય! વેવાઈને ઘેરે ઓશીકાં બોશીકાં છે કે પછી એમ ને એમ જ સૌ સૂએ છે?'

વાળંદે કહ્યું: 'બાદશા'બ, ઓશીકાં ન હોય એવું બને? પણ આ-ટલાં સાગટાં માણહને કયાંથી પૂરાં પડે?'

'પૂરાં ન પડે એનો અમને કાંઈ વાંધો નથી. ઓશીકાંની જગ્યાએ એકેકું ગોદડું મૂકવું પડશે, બીજું શું?'

સૌએ શાહેનશાહના દીકરાઓની જેમ જ લંબાવ્યું.

વેવાઈને ત્યાંથી જાન બહુ મોડે જમીને ઊઠી, એટલે પાછળથી માંડવિયાઓ અને એમના પછી પીરસણિયાઓને જમતાં બહુ સમય લાગ્યો. પછી વધ્યુંઘટ્યું માગણભિખારીઓને આપવામાં અને ચોકો સાફ કરવામાં રાતના બાર વાગી ગયા.

વેવાઇએ વરઘોડાની તૈયારી કરવાનું કહેવડાવ્યું.

વરરાજાએ શણગાર સજવા માંડ્યો.

ધોતિયાની પાટલી ચીપવામાં જેટલો વખત લાગ્યો એથી ત્રણ-ગણો વખત તો સાફાએ લીધો. આજે મોડા ભેગું મોડું કરાવવું હોય એમ સાફાએ પણ જાણે રૂસણાં લીધાં. કેમે કર્યું વરરાજાના માથા ઉપર ફીંડલું સરખું બેસે જ નહિ. એક વખત બરોબર વીંટાઈ ગયું પણ અરીસામાં જોતાં લાગ્યું કે કપાળ ઉપર વાળનાં વાંકડિયાં જરીક



જ્યાં જ્યાં ઇચ્છાકાકાએ ઉજમ ફેરવી હતી ત્યાંત્યાં સાફ [illegible] ચાખ્યું.

દેખાતાં રહેવાં જોઈએ એ નથી રહી શક્યાં. બીજી વખત માંડમાંડ એ વાળનું પતાવ્યું, ત્યાં છોગા માટે છેડો ટૂંકો પડ્યો!

છેવટે, જેમતેમ ફીંડલું મૂકી, માથે પીંછી ઓસીને વરરાજા તૈયાર થયા ત્યારે રાતના એકનો શુમાર થયો હતો.

આ વખતે જાનૈયાઓમાંના ઘણાખરાઓએ તો એકેકી ઊંઘ પણ ખેંચી કાઢી હતી. આવી, ત્રણત્રણ ગોદડાં અને બબ્બે ગાદલાંની હૂંફ ક્યાંથી મળે?

વરઘોડો ચડ્યાં ત્યારે બહુ ઓછા જાનૈયાઓ જાગતા હતા—વર, અણવર, વરના બાપ, ઈચ્છાકાકા, અને લૂણ ઉતારનાર એકબે છોકરીઓ. સારૂં થયું, કે માંડવિયા સ્ત્રીપુરુષો મોટી સંખ્યામાં આવી પહોંચ્યાં હતાં.

હથેવાળો થતાં પણ બહુ વાર લાગી. બે બ્રાહ્મણો સોપારીના ભાગ વહેંચવાગાં વઢી પડ્યા, તે એક કલાકે તેમની વચ્ચે સમાધાન થયું. પછી કન્યાદાન દેવાયું. હથેવાળો પત્યો એટલે ચોરીના થાંભલા ખોડાવા શરૂ થયા.

રાતના અઢી વાગ્યા હતા. ટાઢ કહે કે મારૂં જ કામ. વરરાજાએ તો લાંબા ડગલાની નીચે એક ગરમ બંડી ચડાવી લીધી હતી, એટલે બીક જેવું નહોતું; પણ કન્યાને હજી હમણાં જ નવડાવી હતી, તેથી આ ઠારને લીધે થરથર ધ્રૂજતી હતી. તેના વાંસાની ધ્રૂજારીને લીધે તે પર અઢેલીને પડેલ તેની બહેનનો હાથ જ્યારે થરથર્યો, ત્યારે એણે શાલ લાવીને કન્યાને લપેટી લીધી.

આ ટાણે જાનીવાસામાં જાનૈયાઓ એક પડખું ઊનું થવાથી સોડમાં હળવેકથી બીજુ પડખું ફેરવતા હતા.

ઇચ્છાકાકા પાસે સોપારીની થેલી હોવાથી માંડવિયાઓ તેમનો જીવ ખાતા હતા. કેટલીક આઝાદ બાયડીઓએ તો ગીતમાં પણ ઇચ્છાકાકાને ઝડપ્યા:

> જોયું જોયું રે ઇચ્છા! તારૂં મોટપણું રે,
> તેં તો સોપારીના કટકા સારૂ હેઠું જોયું રે...

ઠંડીમાં ઈચ્છાકાકા ધ્રૂજતા હતા, છતાં આ લીટીઓ સાંભળતાં ધન્યતા અનુભવી રહ્યા.

વરઘોડિયાં ફેરા ફરી રહ્યાં એટલે સૌ જાનીવાસા તરફ જવા ઊપડ્યા. સૌથી મોખરે વાળંદ ફિટસનલાઈટ લઈને ચાલતો હતો. પાછળ વરઘોડિયાં, એની પાછળ અણવર, ઈચ્છાકાકા, અને બીડાં લેવા માટે વેવાઇપક્ષનો સ્ત્રીવર્ગ ચાલતો હતો.

ઉતારામાં અત્યારે નસકોરાંનો અવાજ ન ગણીએ તો સાવ શાન્તિ હતી.

ગોર મહારાજે ગોત્રજના ચાંદલા આગળ દીવો કર્યો અને બે માટલીઓ ગોઠવી. વરઘોડિયાં કોડી રમવા બેઠાં. ઇચ્છાકાકાએ પોતાને સોંપાએલા સોપારીનો હવાલો હજી છોડ્યો નહોતો.

કોડીની રમત રમાઈ રહી એટલે વેવાણોએ બીડાં માગ્યાં.

ઈચ્છાકાકા સિવાય બીજો કોઈ પણ માણસ એવી શક્તિઓ નહોતો ધરાવતો, જેને નાણાંવિષયક જવાબદારી સોંપી શકાય.

હવે બન્યું એવું, કે બીડાં લેનારી વેવાણોની સંખ્યા ધાર્યા કરતાં ઘણી મોટી નીકળી પડી. એ સૌને જુદીજુદી રકમનાં બીડાં જમણા હાથની મુઠીમાંથી ડાબી હથેળીમાં બરાબર, બે વખત ગણીને આપવા જતાં ઘણો સમય વીતી ગયો.

વરરાજાને તો આખા દિવસનો નકોરડો ઉપવાસ હતો અને ઠેઠ મોડેથી ફરાળ મળ્યું હોવાથી એમાં કાંઇ સોદરી વળી નહોતી. એ તો થાકોડાને લીધે કડકડતું ધોતિયું અને બૉસ્કીના પહેરણ સોતા, ચલો પડવાની પણ બીક રાખ્યા વિના ખાટલામાં પડ્યા.

અણવરે પણ આખા દિવસની ઑનરરી—માનાર્હ—મજૂરી કરી હોવાથી થાકીને ટેં થઈ ગયા હતા. તેમણે પણ જગ્યા કરીને લંબાવ્યું.

વરના બાપ તો આગલી રાતે રૂપિયાની કોથળીઓ ગણવા આડે ઊંઘી જ નહોતા શક્યા. તેમાં વળી આજની પણ પોણી રાત ભાંગી. આજના ખરચનો હિસાબ આવતી સવારે લખવાનું નક્કી કરી, તેમણે પણ કબજો ઓશીકા નીચે મૂક્યો.

લૂણાગરી છોકરીઓ તો આમે ય ઊંઘતી જ હતી. એ તો બીચારી આવતાંવેંત જ ઢળી પડી.

ઇચ્છાકાકાને વેવાણોએ બીડાં માટે બહુ રોકી રાખ્યા. જોકે વધારે સાચું તો એમ કહેવાય કે ઇચ્છાકાકાએ જ વેવાણોને મોડે સુધી રોકી રાખી.

રાતના ત્રણને ટકોરે ઇચ્છાકાકા દાખલ થયા ત્યારે ઓરડામાં ત્રણસો કૅંડલ પાવરની ફૂંફાડા નાખતી ફિટસન લાઈટ સિવાય બીજું કોઈ જાગતું નહોતું. જાનૈયાઓ બધું ય પાગરણ વીણીચૂણીને દબાવી સૂતા હતા. અને અત્યારે કેવી મીઠી ઊંઘ માણી રહ્યા હતા! ખેટમજીઓએ કરી છે ને કાંઇ!

હવે પાંસળાં વીંધી નાખે એવી ટાઢમાં કરવું શું? સૂવાની તો ક્યાંય જગ્યા જ નહોતી. ડીલ પણ પાતળું નહોતું, નહિતર સાંકડેમોકળે પણ કોઈ બે જણની વચ્ચે સમાસ કરી શકાત. પણ હવે ઊંઘ્યા વિના કાંઈ હાલશે?... ને સૂવાની જગ્યા તો ધારો કે કદાચ મળી હોત; તોપણ ઓઢવાનું શું? નવાબજાદાઓએ ઓશીકે પણ ગોદડાં જ મૂક્યાં છે!

અને આવી મોડી રાતે પાગરણ લેવા વેવાઇને ત્યાં પણ કોણ જાય? વાળંદ પણ હમણાં જ વીંઝણો લઇને માંડવે વહ્યો ગયો. પગલાંનો જ ફેર પડ્યો.

ઇચ્છાકાકા મૂંઝાય અને એનો તોડ ન આવે એવું બને?

ખાળની ચોકડી પાસે જે બે જણ સૂતા હતા તેમની વચ્ચે સહેજ પોલાણ રહી જવા પામેલું. એમાં હળવે... ક રહીને ઈચ્છાકાકાએ પડખાભેર ઉભડક જેવી સ્થિતિમાં લંબાવ્યું.

પણ આમ જો આખી રાત પડ્યો રહું, તો તો હાડકાંના સાંધા જ રહી જાય ને! ને એકથરાં નળિયાંવાળા ખપેડામાંથી સીધા વરસતા ઠારમાં ફંડવાઈ જ જાઉં કે બીજું કાંઇ થાય?

છેવટે ઈચ્છાકાકાએ એક તુક્કો અજમાવ્યો.

પડખામાં જે જણ સૂતો હતો એના વાંસા ઉપરથી પહેરણ ઊંચું કરીને હળવેક રહીને ત્યાં કાકાએ પોતાની જીભ ફેરવી!

પેલો ભડકીને જાગી ગયો. આંખમાં ભરેલી ઊંઘને ફિટસનલાઈટનો ઉજાસ આંજી નાખતો હતો. પાછળ વાંસામાં કૂતરૂં જીભ ફેરવી ગયું હોય એમ બીનુંબીનું લાગતું હતું. પણ કૂતરૂં તો અહીં, અત્યારે ક્યાંથી આવે? ત્યારે કોઈ માણસે...?

'કાં ઈચ્છાકાકા!......'

ઈચ્છાકાકાએ ફરીથી એના પગની ઘૂંટી ઉપર જીભ ફેરવી!

'આ શું, ઇચ્છાકાકા? શું થયું છે?'

ઇચ્છાકાકાના મોંમાંથી લાળ ચાલી જતી હોય એમ પેલો ઊંઘભરી આંખે પણ જોઈ શક્યો.

'શું થયું છે ઈચ્છાકાકા?'

ઈચ્છાકાકાને હેડકી ઉપડી હોય એમ તેઓ હ...ક હ...ક હ...ક કરી રહ્યા હતા. તેમાં વચ્ચેવચ્ચે તેઓ ત્રૂટક શબ્દો બોલ્યા:

'તમે કાંઇ, હ...ક, જરાય ગભરાતા નહિ હો! હ...ક. ઇ તો

હું આજ સવારે ઢેઢવાડામાં ઢોલીને બરકવા ગ્યો'તો, હ....ફ, તી ત્યાંથી, હ . . . .ફ, ઓલ્યું કૂતરૂં...હફ... સહેજ દાઢ બેસારી...હ...ફ ...તમે કોઈ જરા ય બીજો માહ...ફ....'

પેલાને સમજતાં વાર ન લાગી કે ઇચ્છાકાકાને હડકાયું કૂતરૂં આભડયું છે ને લબરકી શરૂ થઈ છે. તુરત એણે ઊભા થઇને ગોળામાંથી પાણીનો કળશો ભર્યો અને જ્યાં જ્યાં ઈચ્છાકાકાએ જીભ ફેરવી હતી ત્યાં ત્યાં સાફ કરી નાખ્યું. 'પાડ માનું ભગવાનનો કે બટકું ન ભર્યું, નહિતર ભેગાભેગી મને ય લબરકી-ને એમાંથી હડકવા જ થાત કે બીજું કાંઇ ?'

હવે ઈચ્છાકાકાની પડખે સૂવાય ખરૂં ? ઊઠીને બટકું ભરી લે તો પછી એનો ટાંટિયો વાઢવો મારે ?

પેલો ગભરામણમાં જ બહાર નીકળી ગયો. ત્યાં એક ફાટેલું બૂંગણ પડયું હતું. તેના અર્ધા ભાગ પર લંબાવી, બાકીનું અર્ધું માથે ઓઢી લીધું અને લબરકી ન થાય તો ઘેર જઇને શનિવારે હરમાનને નાળિયેર વધેરવાની બાધા લીધી.

આજે ઈચ્છાકાકા ઉપર અડી કરવાના આશયથી, અને એમની રીગડી થાય છે એ જોવાની મજા માણવા સારૂ ઘણાખરા જાનૈયાઓ ઊંઘ્યા જ નહોતા અને ગોદડાંમાં મોં સંતાડીને મૂછમાં હસતા હતા.

ઇચ્છાકાકાની હેડકીનો હ...ફ હ...ફ અવાજ સાંભળીને તેમના જમણે પડખે સૂતેલો બીજો જણ પણ હળવેકથી ગોદડું ખસેડીને ઊભો થયો.

ઇચ્છાકાકાએ કહ્યું: 'હ...ફ, કાં એલા કીરપા, હ...ફ, ઊભો કાં થયો?... હ...ફ, તું જરાય બીજે મા હો... હ...ફ.....'

અને વાકય પૂરૂં કરતાં તો તેમના પાન ખાધેલ મોંમાંથી લાળનો ફોગળો નીકળી પડયો.

કીરપો કહે, 'કાકા, આંહી મારો સાળો ધામ બહુ થાય છે. હું બારો ઓશરીમાં જાઉં છું.'

કીરપો બહાર ગયો બધાએ બહાર જઇને કાકાની લબરકી વિષે બીતાંબીતાં ઘુસપુસ કરવા માંડી. તેમનામાંના કોઈ અનુભવીએ કહ્યું કે હડકવામાં દરદીને માથે ગોદડાં નાંખાતાં મેં જોયાં છે ખરાં. એને માથે ગમેતેવું કાંઈક ભારે વજન નાખી રાખવું જોઇએ, એટલે ઊભો ન થઈ શકે ને બીજા કોઇને આભડે નહિ.

સૌનાં પેટમાં ફડક ફડક થતું હતું, કે આપણે તો સવાર સુધી જાગતા જ બેસવું છે એટલે વાંધો નહિ; પણ ન કરે નારાયણ ને આ બીજા ઊંઘનારામાંથી કોકને ઇચ્છાકાકો દાઢ બેસાડી દીએ તો તો રામકહાણી જ થાય ને?

તુરત સૌએ પોતપોતાનાં ઓઢેલાં, અને એ સિવાય ઓશીકે પાંગતે મૂકેલાં બધાં ય ગોદડાં વીણીચૂણીને ઇચ્છાકાકાને ઓઢાડી દીધાં, અને બહાર ઓશરીમાં, ભાદરની પાટમાંથી વીંઝાતા હિમ જેવા સુસવાટામાં અને માથે ખપેડાંમાંથી વરસતા ઠારમાં ખોડચાની જેમ ઠૂંઠવાતા બેસી રહ્યા.

ઇચ્છાકાકાને હૂંફ વળી એટલે તેમની હેડકી બેસી ગઈ!

બે દિવસના ઉજાગરા વેઠેલા ઈચ્છાકાકા તે દિવસે ઊંઘ્યા છે કાંઈ!

ચુનીલાલ મડિયા



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૨]

પૃથ્વી ઠરી ગયા પછી સૌપ્રથમ તેના પર જીવન કેમ પાંગર્યું તેની પ્રાથમિક હકીકત આપણે ગયા અંકમાં જોઇ ગયા. જે રીતે એ જીવન વિકસતું ગયું તેના ઉત્તરોત્તર ક્રમના જુદાજુદા યુગ વૈજ્ઞાનિકોએ પાડ્યા છે. તેમાંના પહેલા ત્રણ યુગો વિષે પણ ગયે વખતે આપણે જાણ્યું. તેમાંનો છેલ્લો ડેવોનિયન યુગ જે આજથી ૧,૫૦,૦૦,૦૦૦ (દોઢ કરોડ) વરસ પર થઈ ગયો તે સમયની પ્રાણીસૃષ્ટિ (દરિયાઇ જીવો ને મત્સ્યો) તથા વનસ્પતિનું ચિત્ર ગયા અંકમાં આપ્યું હતું. તે પછી વીસ લાખ વરસે, એટલે કે આજથી એક કરોડ ને ત્રીસ લાખ વરસ પરની પૃથ્વીનો ખ્યાલ આ પડખેનું ચિત્ર આપે છે. વૈજ્ઞાનિકોએ એને 'કાર્બોનિફેરસ યુગ' કહ્યો છે. વીસ લાખ વરસના એ ગાળામાં પૃથ્વી પર ધરતીનું બંધારણ વધીને દઢતર થતું ગયું, અને, આજે જે આપણને કોલસા સ્વરૂપમાં ખાણોમાં મળે છે તે ગંજાવર ઝાડોનાં જંગલો ફાલતાં ગયાં. કાળે કરીને એ જંગલો નાશ પામી જમીનદોસ્ત થયાં અને ધરતીના થર પર થર ચડતા ગયા તેની વચ્ચે દટાઇને કોલસાનું રૂપ પામ્યાં. એ ઉપરાંત જંગી ફર્ન-હંસરાજ, ઘોડાપુચ્છ જેવાં વૃક્ષો અને મોટાંમોટાં ઝાડના આકારનું રૂપ લેતી ઘટ્ટ શેવાળો વગેરે વનસ્પતિ આ કાળમાં પાંગરી અને મબલખપણે વિસ્તરી. જીવસૃષ્ટિમાં જંગી કાનખજૂરા ને ઝાંઝરાં જેવા જીવો, પ્રચંડ વીંછીઓ અને મહાકાય કરોળિયા ચોમેર પ્રકટી નીકળ્યા અને દરિયામાં આજની સ્કેટ માછલી જેવા મત્સ્યો પ્રકટવા લાગ્યા. પણ એ સર્વ કરતાં યે નોંધપાત્ર ઉત્પત્તિ તો એક પ્રકારનાં જળ-સ્થળ-ચર (પાણી તેમજ જમીન બંને પર વસી શકનારાં) પ્રાણીઓની થઈ. તે આજની આપણી ગરોળી ને કાકીડાને મળતાં હતાં અને તેમાંની 'લેબિરિન્થોડૉન' નામની એક જાત તો આજના આપણા મગર જેવડી મોટી ને તાકાતવાન હતી. (જુઓ બાજુનું ચિત્ર) આ પછીના યુગની જીવસૃષ્ટિનું ચિત્ર આવતે અંકે. (COURTESY : WORLD OF WONDER)

વિચાર વગરની લાગણી અને લાગણી વગરનું જ્ઞાન માણસને નિર્વીર્ય બનાવે છે

નરભક્ષી સિમ્બા!

લેફ્ટેનન્ટ કર્નલ જે. એચ. પૅટર્સનના અંગ્રેજી પુસ્તક
'ધ મૅન-ઈટર્સ ઑવ ત્સાવો' ઉપરથી રૂપાંતર કરનાર

હરિનારાયણ આચાર્ય



આ વાર્તામાં આવતા બંને સિંહના અવશેષો શિકાગો મ્યુઝિયમમાં મઢીને ગોઠવેલા છે, તેના ફોટોગ્રાફ ઉપરથી ઉતારેલું આલેખન.

[ગોરા કાળા ઘઉંવર્ણા દોઢસો ઉપરાંત માણસોને ફાડી ખાનાર, ત્સાવોના એ મનુષ્યભક્ષી સિંહોને લગતી લે. કર્નલ પૅટર્સનની આ પરાક્રમ-કથા, જગતના સાહસ-સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આફ્રિકામાં રેલવેના ઇજનેરી બાંધકામ દરમ્યાન અચાનક એને અત્યંત બુદ્ધિશાળી, ચાલાક, ભયંકર માણસખાઉ વિકરાળ સિંહોનો સામનો કરવો પડયો. એ પ્રસંગે એણે એકલે હાથે જે પુરુષાર્થ કર્યો, એની આખી કથા અત્યંત રોમાંચક છે. આફ્રિકામાં આવીને કામે ચડી ગયા પછી થોડા જ દિવસમાં સિંહ દેખાયા ને બેત્રણ મજૂરો અજબરીતે અકસ્માત ગુમ થયા. શરૂઆતમાં તો તેના માનવામાં તે વાત ન આવી, પણ થોડા જ દિવસમાં એના જ શીખ જમાદાર અંગનસિંહનો કમકમાટીભર્યો ભક્ષ્ય સિંહોએ કર્યો, અને પૅટર્સને તેમને જેર કરવા કમ્મર કસી. પણ અનેક પ્રકારની મથામણો, પ્રયત્નો અને સાવચેતીઓ છતાં, ન સિંહ હાથ લાગ્યા, ન તેમનો ઉત્પાત શમ્યો. તેમને ફસાવવા માટે ઊભી કરેલી તરકીબોને તે નકામી કરી મૂકતા; તેમને માટે ઊભા કરેલા ફાંસલામાંથી યે હાથતાળી આપી છટકી જતા; અને કેટલીક વાર તો સામે મોંએ કરેલા ગોળીબારોમાંથી પણ આબાદ બચી જતા; અને આ બધું છતાં એમની ઈચ્છા પડે ત્યારે અને મરજી પડે તે સ્થળેથી પોતાને જોઈતો ભક્ષ્ય તો તે લઈ જ જતા! આમ, ભલા નરબંકાઓની પણ હિંમત ઓગાળી નાખે એવા એ પિશાચોની રંજાડ છેવટે એટલી તો વધી પડી કે એ આખો પ્રદેશ તેના ત્રાસથી થરથરી ઊઠયો, રેલવેનું કામ કરનારા બધા મજૂરો હિજરત કરી નાસી ગયા અને લોકો તેમને કોઈ અગમ્ય અંશનો અવતાર માનવા લાગ્યા! છતાં આવી સ્થિતિમાં એકલા પડી ગએલા પૅટર્સને લેશમાત્ર હિંમત ન હારતાં છેવટે એમનો કેવી રીતે નાશ કર્યો તેની રોમાંચક હકીકત હવે આગળ વાંચો.]

૧૦ ઉછીની બંદૂકનો છેહ

મારી વહારે ધાનારાઓને વિદાય કર્યા પછી બીજે કે ત્રીજે દિવસે (ડિસેમ્બરની ૯મી તારીખે) સવાર પડયા પછી હું મારા વાડામાંથી બહાર નીકળતો હતો તેવામાં એક સ્વાહિલીને ગભરાતો, દોડતો, દોડતાં દોડતાં વારંવાર પાછળ જોતો અને 'સિંબા! સિંબા!' એમ બૂમો પાડતો મારા ભણી આવતો મેં જોયો. ધીરજ આપી પૂછતાં એણે સમાચાર આપ્યા કે નદી તરફ છાવણીમાંથી એક જણને ઉપાડી જવાનો સિંહે પ્રયત્ન કર્યો હતો, પણ એમાં ન ફાવવાથી એક ગધેડું માર્યું છે અને આ ઘડીએ એને અત્યંત નિકટમાં જ ફાડી ખાઇ રહ્યા છે.

હવે જ ખરેખરો મારો લાગ આવ્યો હતો. આવી કોઈ તક આવે તો એ વખતે વાપરી શકાય એવા ઇરાદાથી ફાર્કર એની ભારે બંદૂક મને આપતો ગયો હતો, એટલે એ લેવા હું ઝૂંપડામાં દોડયો. પછી પેલો સ્વાહિલી આગળ અને હું પાછળ, એમ દબાતે પગલે અત્યંત સાવધાનતાથી અમે સિંહવાળા સ્થળે જવા નીકળ્યા. મનમાં હું ઇશ્વરને કરગરતો હતો, કે જઈ પહોંચું એટલી વાર એ બંને સિંહોનું ધ્યાન એમના ભોજન-વ્યવસાયમાં જ પરોવેલું રાખે. બને તેટલી ચૂપકીદી જાળવીને આગળ વધવા છતાં પણ, મારા કમનસીબે, ઝાડ ઝાડી આડેથી સિંહ નજરે પડવા લાગ્યા એ જ પળે પેલા સ્વાહિલીનો પગ એક સૂકા ઝાંખરા પર પડયો અને 'કડાક' કરતું ક એ ભાંગ્યું. અત્યંત સરવા કાનવાળા સિંહ એ સાંભળતાં જ ચેતી ગયા અને મને પડકારતા હોય એમ ઘુરઘુરાટ કરતા ક ઝાડીના ઊંડાણમાં પેસી જઇ, આંખ મીંચી ઊઘાડતાં પહેલાં તો અદૃશ્ય થઇ ગયા.

ફરી એકવેળા હાથતાળી આપી ગયા એની નિરાશામાં મરણીયો બની હું છાવણીમાં પાછો ફર્યો ને હતા તેટલા માણસો ભેગા કરી, અને હાથમાં આવે તે ડબ્બા, ઢોલ, તાંસાં, નગારાં, વગેરે અવાજ કરાય એવાં તમામ સાધનો એકઠાં કરવાનું કહ્યું. બને તેટલી ઉતાવળ કરીને મેં એ તમામ જણને સિંહ ભરાઈ બેઠા હતા તે ઝાડી ફરતા અર્ધચંદ્રાકારે ગોઠવી દીધા અને એમની ઝાડીની તથા સામેની દિશામાં હું જઇને છૂપાઈ બેસું, એટલો વખત વીત્યા બાદ તરત જ ઢોલ વગેરે એકસામટા ટીપવાનો આરંભ કરવાની એ ટોળાના આગેવાનને સૂચના આપી. પછી હું એકલો નીકળ્યો ને દબાતે પગલે ઝાડીને આંટો મારી સામેની દિશામાં જઇ બેસવાનું એક અનુકૂળ સ્થળ શોધી કાઢયું. આ સ્થળ, જ્યાં સિંહ ભરાઈ બેઠા હતા ત્યાંથી સીધી ચાલી આવતી જનાવરોની પગરવટની બરોબર વચ્ચોવચ્ચ હતું. એટલે ઝાડી છોડીને સિંહ નીકળે ત્યારે એની પડખે થઈને જ જાય એવો તાલ હતો. ત્યાં આવેલા એક રાફડાની ઓથે હું ભરાઈને બેઠો અને આતુરતાથી સિંહ નીકળવાની રાહ જોવા લાગ્યો. અલ્પ ક્ષણોમાં જ અવાજ કરતી આગળ વધતી માણસોની હારનો શોરબકોર સંભળાવા

લાગ્યો, અને ત્યાં તો મારી ખુશાલી વચ્ચે, યાળ વિનાનો જબરજસ્ત સિંહ રસ્તા વચ્ચે આવી ઊભો રહ્યો. મહિનાઓ સુધી ભોગવેલી આટલી આટલી યાતનાઓ પછી આ પહેલી જ વાર એમનામાંના એક ઉપર નિશાન તાકવાની સરસ તક મળી એટલે એને હણવાનો મારો સંતોષ અમર્યાદ હતો.

વચ્ચે વચ્ચે થોભતો ગરદન વાળીને પાછળ નજર નાખતો સચેત સિંહ પગરવટ ઉપર ધીરેધીરે આગળ વધ્યો. મારી આગળના રાફડાથી મારૂં આખું શરીર ઢંકાતું ન હતું, એટલે પાછળ થતા ગરબડાટમાં એનું ધ્યાન પૂરેપૂરૂં પરોવાએલું ન હોત તો એણે જરૂર મને જોઈ લીધો હોત. આમ મારી હાજરીથી એને અજાણ જોઈ, મેં એને મારી લગોલગ, પંદર વાર જેટલો નજીક આવવા દીધો. પછી જ મેં એના પર નિશાન તાક્યું. આમ કરૂં છું ત્યાં તો એની નજર મારા પર પડી. મને અચાનક જોતાં જ ઘડીભર તો એ સ્તબ્ધ થઈ ગયો, પણ પછી તરત જ, આગલા પંજા ભોંયમાં ભીડાવી, પાછલા પગ પર પાછળ ઝૂકી પડ્યો અને ચીડાઇને ભયંકરરીતે ઘુઘવવા લાગ્યો. એના માથા પર નિશાન સાંધતાં જ મારી તો સોએ સો ટકા ખાતરી હતી કે હાશ, હવે એ કમજાત મારી દયા પર છે! ત્યાં તો, હાય કમનસીબ ......!

ભલા માણસ હો તો પહેલાં હાથમાં ન ઝાલી હોય એવી બંદૂકનો કોઈ દહાડો વિશ્વાસ કરતા નહિ. મેં ઘોડો દબાવ્યો ને ભારે થથરાટ સાથે મેં ખટાક કરતો બોબડો અવાજ સાંભળ્યો! કારતુસ ન ફૂટતાં, માત્ર ખાલી પડેલા ઘોડાની જ એ નિશાની હતી!

પણ આથીયે વિપરિત વેળા તો હજુ હવે આવવાની હતી. ઘોડો ખાલી પડતો સાંભળતાં જ હેબકાઈને હું શૂનમુંઢ બની ગયો અને આ અણધાર્યા અકસ્માતથી એટલો તો વિહ્વળ થઇ ગયો કે બીજી નળી ફોડવાનું પણ ભાન રહ્યું નહિ. પણ મારા સદ્‌ભાગ્યે, એની પૂંઠે થતા શોરબકોર અને કાન ફાડી નાખે એવા ગડગડાટથી સિંહ એટલો તો વ્યગ્રચિત્ત થએલો હતો કે સ્વાભાવિકરીતે જ મારા ઉપર તરાપ મારવાનું ભૂલી જઇને એ છલંગ મારી બાજુના જંગલમાં પેસી ગયો. એટલા વખતમાં તો હું પણ સભાન થઈ ગયો હતો, એટલે જેવો એ કૂદ્યો કે તરત મેં ડાબી નળીનો પરચો એને દેખાડ્યો.

બંદૂક ફૂટતાં જ રોષભર્યો ઘુઘવાટ થયો ને મારી ખાતરી થઈ કે એને વાગ્યું તો છે જ. છતાં એ નાસી છૂટવામાં સફળ તો થયો જ; કારણ કે થોડે છેટે એની પાછળ અમે ગયા, પણ પથરાળી ભોંયમાં એની પગદંડી શોધવી અશક્ય થઇ પડી.

જે દુર્દૈવની પળે મેં ઊછીની લીધેલી બંદૂક ઉપર વિશ્વાસ મૂક્યો તે હવે મને ઝેર જેવી લાગવા માંડી, અને નિરાશાથી તેમજ ચીડને લીધે બંદૂકને તથા એના માલિકને પેટ ભરીને સરખી સુણાવી. અણફૂટેલું કારતુસ કાઢીને તપાસું છું તો મને જણાયું કે ઘોડાની અણી કારતુસની બરોબર વચ્ચે વાગી ન હતી, પણ છેડેની ધાર પર એનાથી સહેજ ઘસરકો પડ્યો હતો. આમ તમામ દોષ એકલી રાઇફલનો જ હતો. છતાં એ મેં ફાકૅરને પાછી મોકલી ત્યારે તો ભારોભાર વખાણવચનો સાથે જ!

હવે તો આવી કમનસીબીની પરંપરાથી હું અત્યંત અકળાઇ ગયો હતો અને એનું પરિણામ એ આવ્યું કે મજૂરોના દિલમાં 'સિંહ ખરેખર કોઇ અવતારી અંશ છે અને કોઈપણ જાતના હથિયારથી એમને મારી શકાય તેમ નથી' એ માન્યતા પ્રથમ કરતાં અનેકગણી દૃઢ બની બેઠી. ખરેખર, એ અમર જીવન ભોગવતા હોય એમ મને પણ હવે લાગવા માંડ્યું.

૧૧ પહેલા સિંહનું હનન

આવી નાસીપાસ કરનારી નિષ્ફળતા પછી તો છાવણીમાં પાછા ફરવા સિવાય બીજો માર્ગ ન હતો. પણ ત્યાર પહેલાં સિંહે મારેલા ગધેડાની તપાસમાં હું ઊપડ્યો. એનો પૂંછડા તરફનો થોડો ભાગ જ ખવાયો હતો. (એ એક નવાઇની વાત છે કે, મારા અનુભવ પ્રમાણે સિંહ ચોપગાં પ્રાણીને ખાવાનો આરંભ હમેશાં પૂંછડી તરફથી જ કરે છે. ત્યાંથી ખાતાખાતાં મોં ભણી આગળ વધે છે.) એટલે ભોજનના આરંભમાં જ આ રીતે વિક્ષેપ પડ્યો હતો. એથી મારી ખાતરી થઈ કે બેમાંથી એકાદ સિંહ તો ગધેડાને આરોગવા રાતે જરૂર પાછો આવશે. આથી નજીકમાં કોઈ અનુકૂળ ઝાડના અભાવે મેં ત્યાં માંચડો બંધાવ્યો. આ માંચડો જમીનથી દસબાર ફૂટ ઊંચો હતો. ભોંયમાં ચાર થાંભલા દાટીને, એમની ટોચના છેડા અંદર પડતા ઢળતા રાખવામાં આવ્યા હતા, અને બેસવા માટે એ છેડા વચ્ચે એક પાટિયું બાંધી દીધું હતું. વળી અંધારિયાના દિવસો હતા, એટલે ગોળી મારતા પહેલાં ખાદ્દને સિંહ ઘસડીને અંધારામાં દૂર લઇ ન જાય એવા ઇરાદાથી ગધેડાના મુડદાને નજીકના એક ઠૂંઠા સાથે તારથી સજ્જડ બાંધી દીધું હતું.

સાંજ પડતાં જ હું એ અગાસિયા આસન ઉપર ચડી બેસી ગયો. મારી સાથે આવવાને મારા બંદૂકઉપાડનાર નોકર માહિનાએ ઘણી યે જીકર કરી, પણ મેં એને દાદ દીધી નહિ અને એકલા જ ઉજાગરો કરવાનો નિશ્ચય કર્યો. એને સાથે તો લેત, પણ એને ભારે સળેખમ થયું હતું અને મને બીક લાગી કે વખતે ખરી પળે એ છીંક ખાય અને બધો ગામલો બગાડી નાખે.

હું બેઠો ન બેઠો, ત્યાં તો જોતજોતાંમાં અંધારૂં થઈ ગયું અને તમામ સ્થળે શાંતિ પથરાઇ ગઇ. આફ્રિકાની અંધારી રાતની શાંતિનું ભાન થવા માટે તો વર્ણન સાંભળવા કરતાં અનુભવ જ કરવો જોઇએ. એ ખરેખર માણસનાં એકેએક જ્ઞાનતંતુને ઝણઝણાવી નાખે, એટલી ગાઢ ને અસાધારણ અસર કરનારી હોય છે; તેમાં યે જે પરિસ્થિતિમાં હું બેઠો હતો તેવી નિર્જન, સંગાથ વિનાની દશામાં તો વળી સવિશેષ. એક તો અત્યંત એકાંત ને ગાઢ શાંતિ, તેમાં મારા આજના જાગરણનો વિશિષ્ટ હેતુ,—એ તમામની મારા ઉપર એટલી બધી અસર થઇ કે હું વ્યસ્ત ચિત્ત બની આસ્તેઆસ્તે સ્વપ્નસ્થ જેવી દશામાં ઊતરી પડ્યો. મારૂં મનોબળ વિખરાઇને આસપાસના વાતાવરણમાં તદ્રૂપ એકરસ બની જતું હતું. આ અર્ધમૂર્છિત દશામાંથી હું જાગ્રત થયો એક ડાંખળું ભાંગવાનો અવાજ સાંભળીને. કાન તાણીને સાંભળતાં, ગીચ ઝાડીમાંથી કોઇ વિશાળકાય પ્રાણી બળાત્કારે રસ્તો કરતું હોય એમ મને લાગવા માંડ્યું અને મનમાં નિશ્ચય કર્યો કે 'આ તો નરભક્ષી જ. આજે રાતે જરૂર મારૂં નસીબ તેજદાર છે. બેમાંથી એકને તો પાડ્યો જ સમજો.'

પુનઃ વળી સર્વત્ર ગંભીર શાંતિ ફેલાઇ ગઇ. માળા ઉપર નિશ્ચેતન જેવો સ્થિર થઈ હું બેઠો હતો. મારો પ્રત્યેક જ્ઞાનતંતુ આકાંક્ષા ને આવેગથી તંગ બની ગયો હતો. થોડી ક્ષણમાં તો સિંહની હાજરી વિષેની મારી તમામ શંકા નિર્મૂળ થઈ અને ઝાડીમાંથી ભૂખની ચોખ્ખી નિશાની જેવો 'હાંઉઉફ' કરતોક ઊંડો ગંભીર નિઃશ્વાસ સંભળાયો. એકાદ ક્ષણમાં એ સાવધાનીથી આગળ વધ્યો અને ઝાંખરાંનો ખડખડાટ ફરીથી શરૂ થયો. પણ બીજી જ ક્ષણે એ થંભી ગયો અને ગુસ્સાભર્યો ઘુઘવાટ કરવા લાગ્યો. ત્યારે મને સમજાયું કે એને મારી હાજરી જણાઇ ગઇ હતી. મને પણ થયું કે ફરી એક વખત મારા કર્મે નિષ્ફળતા લખાઈ છે.

પણ ના. આ વખતે તો આખી પરિસ્થિતિ અણધારીરીતે ફેરવાઈ ગઈ. હવે તો 'શિકારી' જાતે જ 'શિકાર' બની બેઠો અને ત્યાંથી નાસી જવાને બદલે કે એના માટે બાંધી રાખેલા તૈયાર ભોગને ઝડપવાને બદલે, સિંહે તો આ વખતે મને જ ઝડપવાનો નિશ્ચય કર્યો. ચોરપગલે હવે એણે મારી આસપાસ ભમવા માંડ્યું અને મારા ખડખડપાંચમ જેવા માળા ફરતાં ચક્કર લગાવતાં લગાવતાં, કાંટાળા ઝાંખરાં વચ્ચેથી રસ્તો કરીને આવતાં, એણે મારી અને એની વચ્ચેનું અંતર ધીમેધીમે ઓછું કરવા માંડ્યું. આ રમત એ બરોબર બે કલાક સુધી રમ્યો. અને હું પણ, પ્રત્યેક ક્ષણે એ મારા પર ધસી આવશે એવી ખાતરીથી વાટ જોતો બેઠો હતો. આવું બને, એ સંભવ ધ્યાનમાં રાખીને કંઈ માળો બાંધવામાં આવ્યો ન હતો. એના ધક્કાથી પાતળા થાંભલામાંનો એકાદ ભાંગ્યો તો . . . ? અથવા મારી અને જમીનની વચ્ચેનું દસબાર ફૂટનું અંતર સિંહ માપી શક્યો તો . . . ? આ વિચાર ભાગ્યે જ પ્રોત્સાહક હતો. મને રૂંવેરૂંવે ઝણઝણાટી થતી હતી અને આવી ભયંકર સ્થિતિમાં મારી જાતને મૂકવાની જાણી જોઇને મૂર્ખતા કરવા માટે મને ભારે પશ્ચાત્તાપ થવા લાગ્યો. આવી મનોદશામાં પણ હું હાલ્યાચાલ્યા સિવાય સ્થિર થઇને બેઠો હતો. ખરૂં પૂછો તો આંખનું એક મટકું મારવા જેટલી પણ મારામાં હિંમત ન હતી.

પણ આખરે લાંબો વખત પડેલા પરિશ્રમની અસર મારા જ્ઞાનતંતુઓ ઉપર થવા માંડી અને જ્યારે મધરાતે અચાનક પાછળથી કંઈક આવીને મારા માથાના પાછલા ભાગમાં 'પટાક' કરતું ને અથડાયું તે વખતની મારી લાગણીઓની પરિસ્થિતિ વર્ણવી શકાય એમ નથી. એનો તો કેવળ ખ્યાલ કરવો જ ઘટે. ઘડીભર તો હું એટલો થથરી ગયો કે પાટિયા ઉપરથી ઊથલી પડતાં સહેજમાં રહી ગયો. મને તો લાગ્યું કે સિંહે પાછળથી તરાપ મારી છે. પણ થોડીક વારમાં મન ઉપર કાબૂ આવતાં મેં જોયું કે મને અથડાએલી ભયંકર (!) વસ્તુ તો બીચારૂં એક ઘુવડ હતું. મને સ્થિર બેઠેલો જોઇને એણે ઝાડનું ઠૂંઠું જ માની લીધું હશે ! સાધારણ પ્રસંગોમાં આ બનાવ કંઈ ભડકાવનાર ન ગણાય, એની મને ના નથી. પણ એ પ્રસંગે તો મને લગભગ પક્ષાઘાત જ થઈ ગયો ! અજાણતાં મને ધ્રુજારી આવી ગઇ ને એનો પ્રત્યાઘાત માળા હેઠળથી ગાત્ર શિથિલ કરી નાખતા ભયંકર ઘુઘવાટે કર્યો.

આ પછી મારાથી બની એટલી સ્થિરતા મેં રાખી. જો કે આવેશને લીધે હું ધ્રૂજતો હતો. થોડી વારમાં સિંહને દબાતે પગલે મારી નજદીક ફરીથી આવતો મેં સાંભળ્યો. ભૂખરાં ઝાંખરા વચ્ચે એ ભરાઈ ગયો હતો, એટલે મહામહેનતે મને એનું શરીર નજરે પડતું હતું. પરંતુ મારા એ ઘડીના કાર્ય માટે તો એટલું યે બસ હતું. એટલે એ અડોઅડ આવી પહોંચે તે પહેલાં તો ધડકતે હૈયે પણ સાવધાનીથી નિશાન લઈ મેં ઘોડો દબાવ્યો. ભડાકાના અવાજ ભેગો જ ભયંકર ગર્જનાનો અવાજ આવ્યો ને ચોગરદમ તરફડાટ કરતો કૂદકા મારતો ધમપછાડા કરતો હું એને સાંભળવા લાગ્યો. કારણ હવે એને હું જોઈ શકતો ન હતો. ગોળી વાગતાં જ એક કૂદકે એ ગાઢ ઝાડીમાં પેસી ગયો હતો. એને ઘાયલ કર્યાની વધુ ચોકસાઇ કરવા, જે દિશામાં એની કૂદાકૂદ સંભળાતી હતી તે તરફ મેં ગોળીઓ છોડે જ રાખી. ધીમે ધીમે દર્દની ચીસોની એ પરંપરા નિઃશ્વાસના રૂપમાં ફેરવાઈ ગઈ અને આખરે તદ્દન શમી પણ ગઈ. અને મારી ખાતરી થઈ કે શેતાની જોડીમાંનો એક, જેણે આટલા મહિના અમને ત્રાહ ત્રાહ પોકરાવી હતી તે, હવે અમને વધુ ત્રાસ આપશે નહિ.

જેવા મારા ભડાકા બંધ થયા કે આસપાસની છાવણીઓમાંથી હોકારાના અને પૂછવાના અવાજો ઉપર અવાજો જંગલ ભેદીને આવવા લાગ્યા. મેં પણ વળતો જવાબ વાળ્યો કે 'ગભરાતા નહિ, હું સલામત છું અને બેમાંનો એક સિંહ માર્યો ગયો છે.' એ સાંભળતાંવેંત તમામ છાવણીઓમાંથી આનંદના પોકારનો એટલો બધો શોરબકોર થઈ ઊઠ્યો કે એ સાંભળીને માઇલો સુધી રહેતા આદિવાસીઓને ખરેખર આશ્ચર્ય થયું હશે. ઘડીવારમાં તો જંગલની આડમાંથી દીવાઓની હારમાળા ચમકતી દેખાવા લાગી. છાવણીમાંથી એકેએક માણસ નીકળી ચૂક્યો હતો, ને ઢોલ નગારાં વગાડતા, પીપૂડાં ફૂંકતા તેઓ બળતી મશાલો સાથે માંચડા ભણી આવી રહ્યા હતા. આવતાંવેંત એમણે માળાને ઘેરી લીધો અને 'મુબારક' 'મુબારક' (એનો અર્થ 'નશીબદાર માણસ !' 'અમારો ઉદ્ધાર કરનાર !' એવો થાય, નહિ ?) બોલતાં એમણે મારી સમક્ષ જમીન ઉપર પડીને મને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યાં હું તો દંગ જ થઇ ગયો. એ રાતે તો મેં એમને સિંહના મૃત દેહને લેવા જવાની રજા ન આપી, કારણકે વખતે એનો સાથી આસપાસમાં નજીકમાં જ ભમતો હોય. વળી, પેલો ઘાયલ થવા છતાં જીવતો તેમ છેલ્લો કૂદકો મારવા જેવી ચેતનવાળી સ્થિતિમાં પણ હોય. પછી અમે બધા વિજયપ્રસ્થાન કરતા છાવણીએ પાછા ફર્યા. બાકીની રાત આનંદ-પ્રમોદમાં ગાળવામાં આવી. સ્વાહિલી અને આફ્રિકાની બીજી જાતોના મજૂરોએ તો અનેક પ્રકારનાં જંગલી અને વિચિત્ર નાચગાનોથી એ પ્રસંગમાં વળી ઓર મજા આણી.

મારી પોતાની વાત કરૂં તો, મેં તો એ રાત આશંકાભર્યા ચિત્તે જ ગાળી અને પરોઢિયું થતાંમાં તો એ યાદગાર સ્થળે જવા નીકળ્યો. કારણ હજુ મારી જાતને હું પૂરેપૂરી રીતે મનાવી શક્યો ન હતો કે એ શેતાન કોઈ અજબ ને હેરતભરી રીતે મારા હાથમાંથી છટકી જઇ શક્યો નથી. સદ્ભાગ્યે મારી બીક નિર્મૂળ નીવડી. આજ પર્યંત ખેલ ખેલીને હાથતાળી આપી જનારૂં નસીબ આખરે આ વખતે યારી આપી ગયું હતું. લોહીની ધારે ધારે થોડાંક ડગલાં ગયો હોઈશ ત્યાં એક ઝાડીના ઓથેથી ચકરાવો ખાઈ નીકળતાં જ, મારી છાતી સામે જ, કૂદકો મારવા માટે જમીન સરસી છાતી ચાંપીને તૈયાર બેઠેલા પ્રચંડકાય સિંહને જોતાં જ હું છળી ગયો ! પણ થોડા વારે ભાન થતાં, પાસે જઇને જોતાં મારી ખાતરી થઈ કે ખરેખર એ મરણશરણ થઇ ગયો છે. એ જોઇને મારા સાથીઓ હર્ષથી ઉન્મત્ત બની ગયા અને એની આસપાસ વીંટળાઇને નાચવા, કૂદવા, ગાવા અને નાનાં છોકરાં પેઠે આનંદમાં બરાડવા લાગ્યા. કેટલાકે તો મને ખભા પર ઊંચકી લઇને સિંહ ફરતી પ્રદક્ષિણા પણ કરી લીધી.



પહેલો સિંહ

આભાર માનવાનો આ બધો ક્રિયાવિધિ સમાપ્ત થતાં, મેં સિંહના મૃતદેહને તપાસી જોયો તો જણાયું કે એને મારી બે ગોળીઓ બરાબર વાગી હતી. એક એના ડાબા ખભા ઉપર થઈ, હૃદયને વીંધીને ગઈ હતી, જ્યારે બીજીથી એનો ડાબો પગ ભાગી ગયો હતો. અને એ ઈનામ(!) પણ ખરેખર ગગડ્‌બ થવા જેવું હતું. નાકની અણીથી પૂંછડીના છેડા સુધીની એની લંબાઈ નવ ફૂટ આઠ આંગળ, અને ખભા આગળથી ઊંચાઈ ત્રણ ફૂટ અને નવ આંગળ હતી! છાવણીમાં લઈ જતાં, આઠ માણસોએ તો એને ઊપાડવો પડ્યો હતો. ઊણપ માત્ર એટલી જ હતી કે, એના બલિદાનને ઉપાડી લઇ જતી વખતે, વારંવાર કાંટાળી વાડમાં રસ્તો કરવાથી એની ચામડીમાં અગણિત ઊઝરડા અને ચીરા પડ્યા હતા અને એને લીધે એ તદ્દન નિરુપયોગી બની ગઇ હતી.

નરભક્ષીઓમાંના એકના નિકંદનના આ સમાચાર વીજળીવેગે દેશમાં ચારે તરફ ફેલાઈ ગયા. મુબારકબાદીના તારોનો તો મારા ઉપર વરસાદ જ વરસ્યો અને રેલવે લાઈન ઉપરથી માણસોનાં ટોળે ટોળાં સિંહની ખાલને સગી આંખે નીહાળવા ઊતરી પડ્યાં. **ક્રમશઃ**

નવાં પુસ્તકો

કલાન્ત કવિ : 'મસ્ત કવિ'ના નામથી ગુજરાતી સાહિત્યમાં જાણીતા કવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાનાં, ગુજરાતી હિન્દી-ઉર્દુ-ફારસી બધાં જ કાવ્યોનો શ્રી ઉમાશંકર જોષીએ સંપાદિત કરેલો નિઃશેષ સંગ્રહ; એમના ૪૦ પાનાંના ઉપોદ્‌ઘાત અને ૧૬૦ પાનાંની 'બાલનંદિની' નામથી ટીકા સાથે. પ્રકાશકઃ ગુજરાત સાહિત્ય સભા, બાલેન્ટાઈનની હવેલી, ત્રણ દરવાજા અમદાવાદ. કુલ પૃષ્ઠ ૫૦૦ તથા કવિ બાલના નવા જ તૈયાર કરેલા ત્રિરંગી મુખચિત્ર અને પૂઠા સાથે; કિંમત સવા બે રુપિયા. **ચન્દ્રશંકરનાં કાવ્યો:** સંપાદક-ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડયા; એમણે લખેલા લાંબા અને માહિતીપૂર્ણ પરિચય-લેખ 'ચન્દ્રશંકર' તથા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખેલા 'કવિતામાં ચન્દ્રશંકર' નામના વિવેચન લેખ સાથેનો દળદાર સંગ્રહ; પ્રકાશક એન. એમ. ત્રિપાઠી લિમિટેડ, મુંબાઇ-૨, કિ. અઢી રૂપિયા. **પિરામિડની છાયામાં:** (મિસરનું પ્રાચીન સાહિત્ય)-ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પ્રકટ થતી 'વિશ્વસાહિત્ય માળા'નું પહેલું પુસ્તકઃ લેખક-ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ, પ્રકાશક, ગુ. સા. પરિષદ તરફથી ભારતીય વિદ્યા ભવન, હારવેરોડ, ગામદેવી, મુંબાઈ-૭, કિંમત બે રૂપિયા.

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનાં પ્રકાશનો

દિગ્દર્શન : આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવનાં લખાણોમાંથી શ્રી રામનારાયણ પાઠક તથા શ્રી ઉમાશંકર જોષીએ ચૂંટીને સંપાદિત કરેલા ઇતિહાસ, કેળવણી અને ગ્રંથાવલોકનના લેખો ('કાવ્યતત્ત્વ વિચાર' અને 'સાહિત્યવિચાર' એ બે સંગ્રહો પછીનો એવો જ સુંદર ત્રીજો સંગ્રહ); સવા પાંચસો પાનાં, છતાં કિં. માત્ર એક રૂપિયો **વિજ્ઞાનની વાટે:** શ્રી રેવાશંકર ઓ. સોમપુરા; વિજ્ઞાનના સેવકોમાં આવશ્યક ગુણો તથા તેમાં ધ્યેયસિદ્ધિને વરવામાં જરૂરી મનોબળ, મહેનત અને શ્રદ્ધાનો ખ્યાલ આપતું. ઊગતા વિજ્ઞાનીઓને માર્ગદર્શક પુસ્તક. કિ. બાર આના; **આયુર્વેદનો ઇતિહાસ:** લેખક દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, કિં. એક રૂપિયો, **શ્રી શારદાદેવી :** શ્રી રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદાદેવીનું ચરિત્ર લેખક-જયંતીલાલ આચાર્ય, કિં. એક રૂપિયો; **ખેતીની જમીન:** લેખકોઃ માર્તંડ શિવભદ્ર પંડયા, અને મહાદેવપ્રસાદ હ. દેસાઈ, કિં. બાર આના.

જીવનપરાગ

૧૮૯૩માં સત્તાવીશમે વર્ષે ચીમનભાઈ (સર સેતલવાડ) ગુજરાતની મ્યુનિસિપાલિટીઓ તરફથી ધારાસભામાં ગયા. તે વખતની ધારાસભાના પ્રમુખ ગવર્નર, ને ઘણા સભ્યો મોટા અંગ્રેજ અધિકારીઓ. ત્યાં પણ એમની તેજસ્વિતાએ માગ મુકાવ્યો. એમણે ધારાસભામાં પ્રશ્નપરંપરા વર્ષાવવા માંડી. તે વખતની સ્વાધિકાર-ઉન્મત્ત-અધિકારીઓની સરકાર આ જુવાન વકીલના પ્રશ્નોના જવાબો આપતાં થાકી. દર બેઠકમાં ત્રીસત્રીસ સવાલો પૂછનાર આ સભ્યને ગવર્નર લૉર્ડ હૅરિસે બોલાવ્યા. તે મળવા ગયા. લૉર્ડ હૅરિસે તાપથી અકળામણમાં કહ્યું: 'જુઓ, મિ. સેતલવાડ, તમે અમને એટલા બધા સવાલો પૂછો છો કે સેક્રેટરિયેટથી પહોંચી વળાતું નથી. સેક્રેટરિયેટને બીજું ઘણું અગત્યનું કામ કરવાનું છે.'

સત્તાવીશ વર્ષના આ જુવાનમાં ક્ષોભ નહોતો, આત્મવિશ્વાસ ને સ્વમાન જોઇએ તેટલાં હતાં. તેમણે ઝટ જવાબ આપ્યો: 'હું દિલગીર છું; પણ તમે ભૂલી જાઓ છો કે આ સવાલોના જવાબો આપવા એ તમારૂં કર્તવ્ય છે; ને તે માટે તમને બહુ સારૂં મહેનતાણું મળે છે. તમને સવાલો પૂછવામાં હું તો લોકોપયોગી કર્તવ્ય કરૂં છું અને તે પણ વગર મહેનતાણે.' લૉર્ડ હૅરિસનો તાપ તે જ વેળા ઊતરી ગયો. તેણે નરમ થઇને માફી માગી.

('સીધાં ચઢાણ'માં **કનૈયાલાલ મુનશી**)

સર ઍલેક્ઝાંડર ફૉર્બ્સ જૂનાં પુસ્તકોના શોખીન હતા. એક વખત એક ભાટ તેમને એક જૂનું પુસ્તક ભેટ ધરી બોલ્યો, 'સાહેબ, એક વાર ગાયકવાડને અમારા વૃદ્ધે એક સરસ પુરાણું પુસ્તક આપ્યું હતું; બદલામાં તેમણે એક ગામ બક્ષિસ આપ્યું છે. તો અંગ્રેજ તો મોટા રાજા છે, તેથી અમને વધારે આશા છે.'

સાહેબ સ્વધનમાંથી પુસ્તકની કિંમતજેટલું આપતા. તેમને આ માગણી સાંભળી રમૂજ ઉત્પન્ન થઈ. એટલે કવિ દલપતરામ ત્યાં હાજર હતા તેમને કહ્યું કે 'હનુમાન નાટક'માંની પેલી વાર્તા આ બારોટને કહો. તે આમ હતીઃ એક વાર હનુમાનને એક માણસે કહ્યુ કે 'હે હનુમાન દાદા, તમે મને બૈરી મેળવી આપશો તો હું તમને તેલ ને સિંદુર ચડાવીશ.' હનુમાને ઉત્તર આપ્યો કે 'તને પરણાવવા જો મારી પાસે સ્ત્રી હોય તો હું જ શા માટે કુંવારો રહું?' સાહેબે પેલા બારોટને કહ્યું કે 'ભાઈ, તમને આપવા મારી પાસે ગામ હોય તો હું જ શા માટે સરકારી નોકરી કરૂં?'

પોતાના કૉલેજ-જીવનમાં ગોખલે સ્મરણશક્તિમાં બિનહરીફ હતા. તેમની યાદદાસ્ત એટલી તીવ્ર હતી કે મોટામોટા ગ્રંથો પણ તે મોઢે કરી શકતા. બર્કનું 'રિફ્લેક્શન્સ ઑન ફ્રેન્ચ રેવોલ્યુશન' તેમણે આખું મોઢે કરેલું અને ચર્ચાસભામાં પણ ભાષણ આપતાં તેમાંથી અવતરણો બોલતા. એક દિવસ તેમની સ્મરણશક્તિની કસોટી કરવા એક મિત્રે તેમની પાસેથી પેલું પુસ્તક લઇ લઇને એવી શરત કરી કે એ પુસ્તકમાંનું લખાણ મોઢેથી બોલતી વખતે જો ભૂલ પડે તો દરેક ભૂલ દીઠ એક આનો ગોખલેએ પેલાને આપવો. પછી કલાકો સુધી પેલો ચોપડી ઉઘાડી રાખી ગોખલેને સાંભળતો બેસી રહ્યો; પણ તેના નસીબમાં એક પણ આનો લખાયો નહોતો।


સંસારનાં શહેરો

૪૨–ગૉથનબર્ગ

સ્વીડનને પૂર્વકિનારે જેવું તેનું પાટનગર સ્ટૉકહોમ મોખરાનું બંદર છે, તેવું જ એ દેશના પશ્ચિમ કિનારે, દુનિયાભરની સાથે વ્યવહાર ખેડતું આ બંદર આવેલું છે; અને દક્ષિણોત્તર ધ્રુવની પેઠે પૂર્વપશ્ચિમ આવેલાં આ બંદરો એ દેશની વ્યાપારી ચેતના અને સાંસ્કૃતિક સજીવતાનાં ધરીકેન્દ્ર છે.

સ્ટૉકહોમથી યે દોઢી વસતિ ધરાવતું આ નગર સ્વીડનનું ઉદ્યમીમાં ઉદ્યમી બંદર અને વિસ્તાર તથા વિપુલતામાં બીજા નંબરનું શહેર છે. ગોટા નદીને કિનારે, તેના મુખથી પાંચ માઇલ અંતરાળમાં આવેલું તેનું બંદર દુનિયાનાં બંદરોમાં આઠમું સ્થાન ધરાવે છે.

દેશને સામે કિનારે આવેલા સ્ટૉકહોમથી ૨૮૫ માઈલને રેલરસ્તે આવેલું એ નગર ઇ. ૧૬૧૯માં સ્વીડનના મહાન રાજા ગસ્ટાવસ ઍડોલ્ફસે પાકી કિલ્લેબંધી સાથે સ્થાપેલું. એનું સ્વીડિશ નામ ગૉટેબોર્ગ. અઢારમી સદીના અંત ભાગમાં માછલાંનો ધંધો ત્યાં વિકસ્યો તેની સાથે વેપારના ધામ તરીકે તેની કળા ચડતી થઈ; અને બાલ્ટિક સમુદ્રની બહાર ખુલ્લા સમુદ્ર પર આવેલું હોવા ઉપરાંત યુરોપી દેશો જોડે પણ સંપર્ક રહે એવું વિશિષ્ટ ભૌગોલિક સ્થાન હોવાથી



યુરોપના દેશાવર સાથેના વેપારનું તે સ્થાનક બની રહ્યું. ઇંગ્લંડનું પણ તેનાં સંસ્થાનો સાથેના વેપારનું તે મુખ્ય થાણું હતું; અને તેની જૂની ઈસ્ટ ઇન્ડિયા કંપનીની કોઠી હજી પણ ત્યાં છે, જેમાં આજે મ્યૂઝિયમ અને ચિત્રાલય રાખવામાં આવ્યાં છે.

સ્વીડન દેશની સરહદે મોટા ભાગે સમુદ્રરેખા આવતી હોવાથી રાજા ગસ્ટાવસે પોતાની પ્રજાને સાગરજીવનમાં દક્ષ બનાવવા અહીં કેટલા યે ડચ ખલાસીઓ ખાસ બોલાવેલા; અને આજે યે સ્વીડનમાં ડચ પ્રજા માટે સંમાનની લાગણી છે. સ્વીડનના વહાણ બાંધવાના ઉદ્યોગનું કેન્દ્ર અહીં જ છે. નૌકાતાલીમની ખાસ શાળા યે અહીં છે અને નૌ–યાન વિદ્યાને લગતું મ્યૂઝિયમ પણ છે.

દેશનું પહેલા નંબરનું બંદર, ઉદ્યોગનું ધામ ને ખુલ્લા સમુદ્ર પર આવેલું હોઈ ગૉથનબર્ગ સ્વીડનના હૃદય જેવું છે. ત્યાંથી ધોરી નસોનીપેઠે છ રેલવેમાર્ગો ફૂટીને આખા સ્વીડનમાં ફેલાયા છે. સ્વીડનમાં પથરાએલાં નાનાંમોટાં સરોવરોના પ્રદેશ જોડે તે નહેરોથી પણ જોડાએલું છે, અને તે એટલી વિપુલ છે કે રેલવેની મુસાફરી નાપસંદ હોય તે નહેરો વાટે પણ દેશભરમાં સફર કરી શકે છે.

સ્વીડનનાં જંગલોમાંથી નીકળતાં મબલખ લાકડાં વહેરવાની મીલો, અને લાકડાના માવામાંથી બનતાં કાગળનાં કારખાનાં એ તેના અગ્રણી ઉદ્યોગો છે. લોઢા અને પોલાદનાં કારખાનાં, દારૂ ગાળવાની ભઠ્ઠીઓ, કાપડસુતરની મીલો તથા રંગવા–નિખારવાનાં કારખાનાં, ચામડાં, ફર્નિચર, ખાંડ, કાચ, દિવાસળી–એવા વિવિધ તેના ઉદ્યોગો છે. સુસ્થિત અને સમૃદ્ધ શહેરની બધી વિશેષતાઓ આ નગર ધરાવે છે. ત્યાં યુનિવર્સિટી છે, આર્ટ ગૅલેરી છે, મ્યૂઝિયમો છે, સ્વીડન આખામાં પંકાતી મોંઘી લાયબ્રેરી છે, અને યુરોપભરમાં પ્રસિદ્ધ બગીચા છે. યુરોપના સૌથી સુશિક્ષિત અને નિખાલસ મનાતા દેશ સ્વીડનને આ શહેર નિઃશંક ગૌરવ અપાવે છે

વિકસતું વિજ્ઞાન

રેતી વગરનો કાચ બનાવવામાં વિજ્ઞાને હવે સફળતા મેળવી છે. રેતીનું સ્થાન ટેન્ટલમ, ટંગસ્ટન, લેન્થેનમ વગેરે ભારે મૂળ તત્ત્વોનાં સંયુક્ત દ્રવ્યોએ લીધું છે. રેતી વિના કાચ બનાવવાની શકયતા આજથી આઠ વર્ષ પર યુનાઇટેડ સ્ટેટ્સની જીઓફીઝીકલ લૅબોરેટરીના ડૉ. જી. ડબ્લ્યુ. મોરીએ ભાખી હતી, પરંતુ તેની સિદ્ધિ તો ડૉ. મોરીના સહકાર્યકર ઈસ્ટમૅનને જ ફાળે આવી છે. જો કે હજુ તે પ્રાયોગિક દશામાં છે, પરંતુ રેતીના કાચ કરતાં આ નવા કાચની પ્રયોજ્યતાનું ક્ષેત્ર અનેકગણું વિશાળ જણાય છે.

કાગળ, કાચ, રંગ વગેરે ઉદ્યોગોમાં સોડિયમ સલ્ફેટની ખાસ જરૂર પડે છે. હિંદને એ ઉદ્યોગને ટકવું હોય તો કોઈ દેશજ સાધન હાથ ધરવાનો રહે છે, કારણ કે અત્યારે પરદેશમાંથી તેની આયાત થવી મુશ્કેલ છે. જોધપુર રાજ્યમાં ડીડવાના સ્થાને મીઠું બનાવવા.માં આવે છે, એ મીઠાના કડાયામાં જે અવશિષ્ટ રહે છે તેમાં એ સોડિયમ સલ્ફેટનું વિપુલ પ્રમાણ રહેતુ હોવાનું જણાયું છે. ક્ષારયુક્ત પાણીમાંથી મીઠું ને સોડિયમ સલ્ફેટ બંને મળી આવે છે ફક્ત એ વિશુદ્ધ રૂપે મેળવવા ગરમીનું જુદુંજુદું પ્રમાણ આપવાની જરૂર રહે છે. જોધપુર રાજ્યમાં મીઠું બનાવવાનું કામ હિંદી સરકારે પટ્ટે લીધું હોઈને હાલ સોડિયમ સલ્ફેટ વધુ પ્રમાણમાં મેળવવાના તેના પ્રયાસ ચાલુ છે.

કાંતવા કે વણવાની કશી કડાકૂટ વિના સીધેસીધું કાપડ જ નિપજાવવા તરફ હવે વિજ્ઞાનીઓનું લક્ષ દોરાયું છે અને રૂના તાર તથા એક પ્રકારના પ્લાસ્ટિક વડે તેવા [illegible] તરા થવા લાગ્યા છે. જો કે સંપૂર્ણ કાપડ તરીકે નહિ, પણ સસ્તા કાપડ તરીકે તેનો ઉપયોગ થઈ શકે તેમ છે. લશ્કરમાં કેટલેક સ્થળે એ વપરાવા પણ લાગ્યું છે અને એને માસલીન (મસલિન નહિ, Masslinn) નામ અપાયું છે ટેબલક્લૉથથી માંડીને ચોપડીઓ બાંધવા સુધીના કામમાં તે આવી શકે છે. બીજાં તે ચોળાઈ જતું નથી, અને તેનું ઉત્પાદન ખર્ચ માત્ર કાગળ જેટલું જ આવે છે —અ

જગતનાં સૌથી આબાદ શહેરો

આજની દુનિયામાં દસ લાખથી વધુ વસતિ ધરાવનારાં શહેરો વધુમાં વધુ કોઈ દેશમાં હોય તો તે અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાં. એવાં પાંચ શહેરો એ દેશ ધરાવે છે: ન્યૂ યૉર્ક, શિકાગો, ફિલાડેલ્ફિયા, ડેટ્રૉઈટ અને લૉસ ઍન્જેલિસ. બીજે નંબરે નીચેનાં ચાર શહેરો સાથે ચીન આવે: શાંઘાઈ, પેકિંગ, ટીન્ટસિન ને કંતાન. બ્રિટન માત્ર ત્રણ જ એવાં શહેરો ધરાવે છે: લંડન, ગ્લાસગો અને બર્મિંગહામ; અને જાપાન પણ એટલાં જ ધરાવે છે: ટોકિયો, નાગોયા અને કિયોટો. એ સિવાય નીચેનો દરેક દેશ એવાં બબ્બે શહેરો ધરાવે છે: જર્મનીમાં બર્લિન અને હામ્બુર્ગ, ઇટાલીમાં રોમ અને મિલાન; રશિયામાં મૉસ્કો અને લેનિનગ્રાડ; સ્પેનમાં બાર્સિલોના અને માડ્રિડ; બ્રાઝિલમાં રાયો દ જાનેરો અને સાઓ પાઉલો અને હિંદમાં કલકત્તા અને મુંબાઈ. એ સિવાય માત્ર એક જ શહેર એવું આબાદ રહ્યું, અને તે ઑસ્ટ્રેલિયાનું સિડની.

પંચતંત્રની વાર્તાઓ

પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા

સુવર્ણસિદ્ધિ કહે, 'એમ હોય તો પણ મિત્રનું વચન ન ઉથાપવું ઘટે. પણ થાય શું? મેં વાર્યો પણ અતિલોભ તથા અહંકારને લીધે તું રહ્યો નહિ. અથવા આ ઠીક કહ્યું છે:

સારું માતુલ તેં ગાયું વાર્યો પણ રહ્યો નહિ।
અપૂર્વમણિ આ બાંધ્યો પામ્યો ગીતસુલક્ષણ॥'

ચક્રધર કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૬

એક ઠેકાણે ઉદ્ધત નામે ગધેડો વસતો હતો. તે ધોબીને ઘેર ભારવહન કરી રાતે સ્વેચ્છાએ પર્યટન કરતો, અને સવારે પકડાઈ જાય એવી બીકે ઘેર આવતો. તે આગ રાતે ખેતરમાં ફરતો હશે ત્યાં એને એક શિયાળની મૈત્રી થઈ, એટલે વાડ તોડી શિયાળ સહિત કાકડીના ખેતરમાં જાય; ત્યાં પેટ ભરીને ચીભડાં ઉડાવી સવારે સ્વસ્થાને આવે.

એકવાર મદોદ્ધત ગધેડાએ ખેતર વચ્ચે શિયાળને કહ્યું: 'ભાણેજ, જો, જો. કેવી નિર્મળ રજની છે! એટલે હું ગીત ગાઈશ. કહે કયો રાગ લલકારું?' તે બોલ્યો, 'રાસભમામા, આ અનર્થ વળી તમને ક્યાંથી સૂઝ્યાં? આપણે ચોર રહ્યા, ને ચોરજારે છાના રહેવું જોઇએ. અને કહ્યું છે:

કાસીયુક્ત તજે ચોરી, નિદ્રાલુ પણ તે તજે।
જિહ્વાલૌલ્ય રુજાકાન્ત જો ઇચ્છા હોય જીવવા॥

બીજું તારો સ્વર મધુર નથી, શંખનાદ જેવો દૂરથી પણ સંભળાય. તે સાંભળીને ખેતરના સૂતેલા રખોલિયા ઊઠે ને આપણને બાંધે કે મારી નાખે. એટલે અમૃતમય કોઠીંબડાં ખા ને ગીત ગાવાં રહેવા દે.'

ગધેડો કહે, 'તું ગમે તેમ તોય વનવાસી રહ્યો, એટલે ગીતરસનો અજાણ છે, અને આગ બોલે છે. અને કહ્યું છે:

શરત્પૂનમની રાતે હોય સ્વજન સંનિધે।
વહે ધન્ય તણે કાને ગીતઝંકારની સુધા॥'

શિયાળ કહે, 'મામા, સાચું, પણ તને ગાતાં નહિ પણ આરડતાં જ આવડે છે. એટલે આપણે પગે તારા ગીતનો કુહાડો મારશો રહેવા દે.' ગધેડો કહે: 'ધિક્ મૂર્ખ, હું ગીત નથી જાણતો એમ કે? એનો ભેદ તને સંભળાવું. ૭ સ્વર, ૩ ગ્રામ, ૨૧ મૂર્છના, ૪૯ તાલ, ૩ માત્રા ને ૩ લય હોય છે. યતિસ્થાન ૩, રસ ૯, રાગ ૩૬ ને ભાવ ૪૦ હોય છે. આમ ગીતનાં ૧૮૫ અંગ છે. દેવોને પણ ગીતથી પ્રિય એવું કાંઇ નથી. અને કહ્યું છે:

શુષ્કસ્નાયુસ્વરાહ્લાદે તોષ્યા શંકર રાવણે।

તો ભાણેજ, મને અનભિજ્ઞ કહીને તું કેમ રોકે છે?' શિયાળ કહે, 'મામા, જો એમ હોય તો હું વાડના ઝાંપા આગળ ઊભો ઊભો ક્ષેત્રપાળની ચોકી કરું છું. તું મોજથી ગાયન કર.' શિયાળ આમ ખસી ગયો ને ગધેડાએ ગાન આરંભ્યું. એનું ભૂંકણ સાંભળીને રખોલિયો દાંત કચડતો દોડ્યો, અને ગધેડાને એવી લાકડીઓ ફટકારી કે તે ભોંય ઉપર પડી ગયો. પછી એને છેદવાળા ખાંડણિયામાં



શિયાળ આગ ખસી ગયો એટલે ગધેડાએ ગાન આરંભ્યું. એનું ભૂંકણ સાંભળીને રખોલિયો દાંત કચડતો દોડયો

બાંધીને રખવાળ પાછો સૂઈ રહ્યો. ગધેડાને પણ જાતિસ્વભાવને લીધે તરત કળ વળી એટલે ઊઠયાં, અને ખાંડણિયાને ઊપાડી, વાડ તોડી ભાગવા મંડયો. એને આઘેથી જોઈને શિઆળ સ્મિત કરીને બોલ્યો:

સારું માતુલ તેં ગાયું વાર્યો પણ રહ્યો નહિ।
અપૂર્વમણિ આ બાંધ્યો પામ્યો ગીતસુલક્ષણ॥

(ચાલુ) દેસાઇ વાલજી ગોવિન્દજી

૩, ઊન તથા રેશમને પદભ્રષ્ટ કરનારો માણસે શોધેલો પહેલો જ તંતુપદાર્થ

રેયોન

માણસે પોતાની નગ્નતા ઢાંકવા ઝાડની છાલનો પહેલવહેલો પ્રયોગ કર્યો ત્યારથી માંડીને ગઈ કાલ સુધી તેનાં બધાં વસ્ત્રોની ઉત્પત્તિ પ્રકૃતિજન્ય-કુદરતી પદાર્થો પર જ અવલંબેલી હતી. રેશમ એ કીડાઓની પેદાશ છે. ઊન ઘેટાંઓની પેદાશ છે, રૂ ને શણ જમીનની પેદાશ છે. માણસને એનો બાખૂબ ઉપયોગ છે. પણ એ ત્રણેને ટપી જાય એવો, ને આવતી કાલે એ ત્રણેને પદભ્રષ્ટ કરે એવો તંતુપદાર્થ આ યુગના વિજ્ઞાનીઓએ પોતાની પ્રયોગશાળામાં નીપજાવેલો છે. એ કૃત્રિમ પદાર્થને રેયોન નામ આપવામાં આવ્યું છે.

રેશમની વૈજ્ઞાનિક તપાસ કરતાં ઇ. ૧૭૪૨માં ફ્રેન્ચ વિજ્ઞાની રૉમુરે જાહેર કર્યું કે 'રેશમ એ એક જાતનો સુકાએલો ગુંદર જ છે. આપણે મન પર લઈએ તો શું જુદાજુદા ગુંદર કે રાખમાંથી એવો પદાર્થ ન બનાવી શકીએ?'

વર્ષો બાદ મહાન પાસ્તરના શિષ્ય કાઉન્ટ હિલે દ શાર્દોનેએ એ વિચાર ઝીલી લીધો. રેશમના કીડાના રોગોનો અભ્યાસ કરતાં કરતાં શેતુરનાં પાંદડાંના પોષક દ્રવ્યનું કોશેટામાં કેવી રીતે રૂપાંતર થાય છે તે એના જોવામાં આવ્યું, અને એ મુગ્ધ બન્યો. તે પરથી એણે એ કીડાની સજીવ ક્રિયાની યાંત્રિક નકલ કરવા માંડી. છ વરસની મહેનત પછી ૧૮૮૪માં એણે પહેલો કૃત્રિમ તંતુપદાર્થ ઉત્પન્ન કર્યો અને ૧૮૮૯ના પારીસના પ્રદર્શનમાં સૌ પહેલો જાહેરમાં મૂક્યો. એ ઉત્પત્તિને ઈ. ૧૯૩૯માં પચાસ વરસ પૂરાં થયાં તે નિમિત્તે અમેરિકામાં એની જયંતી ઉજવાઈ.

ઇ. ૧૮૯૧માં શાર્દોનેએ બેસાકૅમાં રેયોનનું પહેલું કારખાનું ખોલ્યું, જે હજુ ચાલુ છે. ત્યાર બાદ આજ સુધીમાં બધાં મળીને દુનિયામાં એવાં બસો જેટલાં કારખાનાં ઊભાં થયાં છે. શાર્દોનેની નાઇટ્રો-સેલ્યુલોસની પદ્ધતિએ તો માત્ર બે જ કારખાનાં કામ કરે છે; બાકીનાં બધાં તે પછી શોધાએલી જુદીજુદી ત્રણ પદ્ધતિઓમાંથી કોઈ એકની મદદે કામ કરે છે. એ ત્રણ પદ્ધતિઓ તે વિસ્કોસ, એસિટેટ ને ક્યૂપ્રૅમૉનિયમ. પણ સૌમાં ૧૯૨૭થી વિસ્કોસ પદ્ધતિ વધુ આદર પામી છે; કારણ એ સસ્તી પડવા સાથે એનાથી ડાઇંગ(રંગાટ)ને ફિનિશિંગ (કુંદી) પણ ઉત્તમ થાય છે.

આ ચારે પદ્ધતિઓની શરૂઆત તો સેલ્યુલોસના પ્રાથમિક પદાર્થથી જ થાય છે. કોઈ એ લાકડાના માવામાંથી તૈયાર કરે છે તો કોઈ કપાસને લોઢયા પછી કપાસિયાને ચોંટેલા ટૂંકા કાળા રેસા (cotton linters)માંથી. એ સેલ્યુલોસને જોઈતા રાસાયણિક પુટો આપ્યા પછી, આપણા સોનીઓ નાનામોટા તાર ખેંચવા માટે જેવી આરણીઓ (જંતરડા) રાખે છે એવી પ્લૅટિનમની બારીક કાણાંવાળી આરણી-જે સ્પિનરેટ કહેવાય છે તે-માંથી તેના યાંત્રિકરીતે તારો કાઢી કાંતવામાં આવે છે.

ધીમે ધીમે આ રેયોને એના હરીફોની કિલ્લેબંદી તોડવા માંડી છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં તો અરધા ઉપરાંતની ટેક્સ્ટાઈલ મિલોએ રેયોનનો જ વણાટ અપનાવ્યો છે. ઈ. ૧૯૩૩માં સમગ્ર ઉત્પન્નમાં રેયોનનો ફાળો ૪ ટકા આવતો હતો તે હવે ૮ ટકા ઉપર પહોંચ્યો છે.

રેયોનનો ગુણ એ છે કે તેના તંતુઓ રેશમ જેવા જ કુમાશભર્યા, ઉઠાવદાર ને સુંદર હોવા છતાં રેશમના ત્રીજા ભાગ જેટલા જ ખરચાળ હોય છે. અને પાછા રેશમ કરતાં વધુ ટકાઉ! જોકે એ ઓછું સ્થિતિસ્થાપક હોવાથી હોઝીઅરીની બનાવટમાં તે સફળ નહોતું થયું, પણ હવે તેના પરના અખતરા સફળ થયા હોઈ, વિસ્કોસ પદ્ધતિથી એ સંપૂર્ણ સ્થિતિસ્થાપક ને આજના કરતાં ૪૦ ટકા વિશેષ મજબૂત બનાવી શકાયું છે. મખમલ ને કિનખાબ વગેરેની બનાવટોમાં તો રેશમને એણે પદભ્રષ્ટ જ કર્યું છે.

એકલા કાપડની બાબતમાં જ નહિ, પણ બીજી યે અનેક દિશાઓમાં રેયોનનો ઉપયોગ વિસ્તર્યો છે. બનાવટી વાળ, ફોટોગ્રાફીની ફિલ્મો ને જુદાજુદા પ્લાસ્ટિકોમાં તેનું નાઇટ્રો-સેલ્યુલોસ ક્ષેત્ર સર કરતું જાય છે. ઊન અને રૂ-ખાસ કરીને મર્સિરાઈઝડ-ના વણાટમાં તેને ભેળવવામાં આવે છે, ને હવે તો શણના વણાટમાં યે તેનો ઉપયોગ શરૂ થયો છે. હજુ તો વિજ્ઞાનશાસ્ત્રીઓ એની સ્થિતિસ્થાપકતા ને ટકાઉપણું વધારવા તથા રેશમ જેવી લલિત ચમક એમાં આણવા અનેક પ્રયોગો કરી જ રહ્યા છે, જેને પરિણામે, સંભવ છે કે, આ માનવકૃત તંતુ સર્વોપરિપદ પ્રાપ્ત કરે.


પ્રયોગશાળામાંથી રેયોન બહાર પડયા પછી એની પ્રવૃત્તિ કુંઠિત નથી બની ગઈ. એના એક પછી એક સગોત્રીઓનાં નામ તેમાં ઉમેરાતાં જ રહ્યાં છે. એમાંનું એક તો ડુપૉંટ રેયોન કંપનીએ શોધી કાઢયું છે, જેને તેણે 'નીલોન'નું નામ આપ્યું છે.

રેશમની હરીફાઈમાં અમેરિકાએ જબરા પ્રમાણમાં રેયોન બહાર પાડતાં જાપાનના રેશમના ઉદ્યોગને જબરો ધક્કો લાગ્યો; પણ ચબરાક જાપાન ચેતી ગયું ને રેશમને છોડી અમેરિકાની જ ફૉર્મ્યુલા પર એ પણ રેયોનના જ ઉદ્યોગ પાછળ પડ્યું. ૧૯૨૯માં એણે ૨૭૦ લાખ રતલ જેટલો જથ્થો બહાર પાડયો ને ૧૯૩૭માં ૫૦૯૦ લાખ રતલ જેટલો ગંજાવર જથ્થો બહાર પાડી, ત્યારથી આજ સુધી જગતની બજારો એકહથ્થુ કરી લીધી છે—અને એ યે લાકડાના માવાથી માંડી રસાયણો સુધીના સઘળા પદાર્થો બહારથી ખરીદીને!

અમેરિકાને હવે ગુમાવેલું બજાર સર કરવાની ચટપટી થઇ છે અને એ માટે એણે સૌ પહેલી અગત્ય પોતાના રસાયણશાસ્ત્રીઓને સતત અખતરા કરવા દેવાની સ્વીકારી છે. આ વસ્તુસ્થિતિ આપણને પણ બોધપાઠ આપનારી છે. કારણ આપણે ત્યાંની આટલી બધી વણાટ મિલોમાંથી કલકત્તાની જ્યૂટ મિલો સિવાય કેમિકલ એન્જિનીઅરિંગની કીમત કોને સમજાઈ છે?

મહીગળતેશ્વર

એક આકરો સાઈકલ પ્રવાસ, એક નાનકડું સાહસ, અને...



...એક પુરાતન કલાધામના, આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડતા પથ્થરોમાંથી મળતા જીવનબોધનું કથાનક......

'ઠાકોર! સાચવજે, આ બાજુ કોતર છે.' બાબુભાઇએ બૂમ મારી.

ઠાકોરભાઇનાં બેક ઉપરનાં આંગળાં સાવચેત બન્યાં. તેમની બ્રેક ઢીલી હતી તેથી બાબુભાઈ તેમને વારંવાર સૂચના આપતા.

અમારી ત્રણે સાઈકલો, મહી નદીનાં અટપટાં ડુંગર-કોતરોમાં સંતાકૂકડી રમતી પગદંડી ઉપર દોડી જતી હતી. દિવસો તો હતા દીવાળીની શરૂઆતના, પરંતુ તાપ સખ્ત હતો. અમારાં શરીર પરસેવે નીતરતાં હતાં. વારેવારે સાઈકલની ઝડપ ઉપર બ્રેક મારી આસપાસ ભૂખરી, ઝાંખી ને પીળાશ મારતી ડુંગરોની જમાત તરફ જોતાં ક્યાંયે ગળતેશ્વરના મંદિરનું શિખર દૃષ્ટિગોચર થતું ન હતું. આંખ નિરાશ થતી; ઘડીભર હૃદય વિચાર કરતું--કલ્પના ઘડતું: 'આ ડુંગર પારદર્શક હોત તો ? કેવી મઝા આવત ! મંદિરને શોધતાં વાર જ ન લાગત. ભેખડોની ઓથે સંતાઇને સરી જતી સરિતાઓ કેવી તરત જ દેખાઇ આવત !' કેટલીક વાર મનુષ્યહૃદય અપ્રાપ્ય અને અસંભવિતની પ્રાપ્તિ માટેની અકળામણ કલ્પનાઓ જ માણ્યાને દૂર કરે છે ને મનને મસ્ત બનાવે છે. અમે પણ પારદર્શક ડુંગરોની કલ્પનાની પાંખે સહેલ કરતા ભેખડોના ચકાવા લેતા હતા.

આ તરફ મહીકાંઠાની ડુંગર-દોલત તાજ્જૂબ કરે તેવી છે. બૌદ્ધ ધર્મના સંન્યાસીઓ જેવા ડુંગરો, આસપાસ ફૂટી નીકળેલું ભૂખરું ઘાસ, ઝાડાં, ત્રાંસાં વંકાઇને પડેલાં કોતરો, અર્ધાં લીલાં અને ફિક્કા પીળા રંગનાં ઝાંખરાં, આ બધી મહીસાગરની તટસમૃદ્ધિ. અહીં આંખને આહ્લાદે તેવી વનશ્રીને બદલે હૃદયને ગગરૂર બનાવે તેવી વિકટતા છે. તેમાં યે વાઘનો વસવાટ અહીંની વિકટતાને વધારે છે

'અહીં તો પુષ્કળ કાંટા છે, સાઈકલ નહિ ચાલે.' ફરીથી બાબુભાઇનો સાવચેતીનો અવાજ ગાજી ઊઠ્યો. ઠાકોરભાઇની સાઈકલના ટાયરમાં એકાદ નહિ પણ સામટા આઠ દસ કાંટા ભરાયા હતા, તેમને ત્યાં જ રહેવા દીધેલા. વિઘ્નસંતોષીઓને કવખતે ઉખેડી નાખવા જતાં કદાચ વધારે વિપત્તિમાં મુકાવું પડે, એ ન્યાયે સાઈકલ-પ્રવાસમાં અર્ધે રસ્તે ટાયરમાં ભોંકાએલા કાંટાને ત્યાં જ રહેવા દેવામાં સલામતી છે.

અમે સાઇકલ પરથી નીચે ઊતર્યા. કૂચકદમ શરૂ થઈ. ડુંગરની પ્રદક્ષિણા ફરતી અને ઘડીમાં તેના જ અંતરની આરપાર પસાર થતી પગદંડીનો છેલ્લો ચકાવો પૂરો થયો. તરત જ મહીસાગરનો જળ-નિનાદ કાને પડ્યો અને ક્ષણવારમાં તો અસંખ્ય પત્થર-ખંડોમાં અટવાતો અને સફળતાપૂર્વક માર્ગ કરતો તેનો ભવ્ય દેહ નજરે પડ્યો. નજરને સહેજ ફેરવતાં અમારાથી થોડા કદમ દૂર ગળતેશ્વરનું પ્રાચીન મંદિર દેખાયું ! આ જ ગળતેશ્વર ! હૃદયમાં ઉત્સાહ અને થાક એક-સાથે ઊભરાયા. કેવું વિચિત્ર કથન લાગે છે ! ઉત્સાહ અને થાક એક-સાથે ? હા. રખડુ પ્રવાસપ્રેમીઓ માટે જ આ કથન છે. ધ્યેય ઉપર પહોંચ્યાનો ઉત્સાહ અને દડમજલ કરીને આવ્યા હોય તેનો થાક છેલ્લું વિરામસ્થળ દેખાતાં બન્ને સાથે જ આવે છે.

બપોરના ત્રણ વાગી ગયા હતા. અમે મંદિર પાસેની નાની ધર્મ-શાળામાં ગયા. બે મિત્રો પાણી પી આરામ લેવા આડા પડ્યા. મને તો મહીસાગર અને ગળતેશ્વરના પુરાણા મંદિરના દર્શનમાત્રથી આરામ મળ્યો હતો. કેટલીકવાર દૃશ્યથી મળેલી આંખની ઠંડક હૃદયને આરામ નથી આપતી ? અને હૃદયનો આરામ એટલે શારીરિક સ્ફૂર્તિ. ખભે ટુવાલ અને હાથમાં લોટો લઇ હું ઊપડ્યો મહીસાગરને ખોળે.

અમદાવાદ ને મુંબાઇ વચ્ચે મુસાફરી કરતી વખતે અનેક વાર મહી નદીનાં દર્શન ટ્રેનમાં બેઠાંબેઠાં જ કરેલાં. ત્યારે વિચાર આવતો કે આ સરિતાને સાગરનું ઉપનામ કયા ભૂગોળવેત્તાઓ અથવા ભાષા-શાસ્ત્રીઓએ આપ્યું હશે ? નદી જેવી નદી, ને કહેવાય તો કે 'મહી-સાગર !' તે સમયે ખ્યાલ નહિ આવેલો કે આ શાંત દેખાતી સરિતા આટલી પ્રબળ ને વેગવંત હશે. આટલી મનોહર અને હૃદયરંજક હશે ! આ સ્થાને મહી નદી ખરેખર પોતાના 'મહીસાગર' નામને સાર્થક કરે છે. અલબત્ત, સાગર જેટલી વિશાળતા તેનામાં નથી, સાગર જેટલા તરંગો પણ નથી; પરંતુ તટમર્યાદામાં બંધાએલી હોવા છતાં તેનું ગર્જન સમુદ્રગર્જનનો ખ્યાલ આપે તેટલું સમર્થ છે. અહીં અનેક કાળમીંઢ પત્થરો તેનો માર્ગ રૂંધીને પડ્યા છે, પણ તેઓ તો હારીને ઘેરાઇ ગએલા યોદ્ધા જેવા નિરાશ લાગે છે;—અને મહી તો જાણે અનેક બાળકોની માતા, કોઇને ટાપલી મારતી, કોઇને ચૂંટી ભરતી તો કોઇને વ્હાલથી ગાલે ચુંબન કરતી પોતાના કામ પર ચાલી જાય તેમ, કોઈ મોટા પત્થરને ગોળ ફરીને, કોઇના માથા ઉપર થઇને, તો કોઇને ધક્કેલી ખસેડવાનો સબળ પ્રયત્ન કરી—કોઈ સાથે અફળાતી હસતી ગમ્ત હૃદયે ચાલી જાય છે.

આ નદીનો સૌથી પ્રથમ પ્રવાહ આ પંથ ઉપર [illegible] હશે ત્યારે કાળબળ સાથે ઘસાઇને લીસા થઇ ગયેલા આ શિલાખંડોએ કેવા પ્રમત્ત બની આ સરિતાનો માર્ગ રૂંધ્યો હશે; અને ત્યારે આ કોમળદેહા સરિતાને શું થયું હશે ? એને થયું હશે કે અહીં જ રોકાઈ જાઉં ? અથવા રસ્તો બદલીને ચાલું ? ના. એ સમયે પોતાની આત્મશ્રદ્ધામાં એને પૂરેપૂરો વિશ્વાસ હશે. પ્રતિબળો અને અવરોધોને હઠાવવા માટે આત્મશ્રદ્ધા જ એક અમોઘ શસ્ત્ર છે. સરિતા જેવું હૃદયબળ મનુષ્યમાં હોત તો ? બાળકો ભૂગોળમાં આ નદીઓના

નામ ગોખે છે, મોટાંઓ તેના ઉગમ અને મુખને યાદ રાખે છે, ભૂસ્તરશાસ્ત્રીઓ તેનાં તલ, સપાટી અને વારિવહનમાર્ગની નોંધ રાખે છે, ભક્તો–પૂજકો તેની આરતી ઉતારે છે અને ભાવિકો કરોડોની સંખ્યામાં તેમાં સ્નાન કરે છે, જગત-વિશાળ જગત–અબજોની સંખ્યા ધરાવતી માનવજાત આ જગતજનની માતાઓને એક યા બીજી રીતે ઓળખે છે, પણ કહિ યે, કોઇએ તેમનો જીવનક્રમ–જીવનધર્મ વિચાર્યો હશે ? અરે, ફક્ત નદીમાં રહેલી અડગ આત્મશ્રદ્ધાનો જ આ બધાંને ખ્યાલ આવે તો ? પૃથ્વી પર કોઈ ગુલામ રહે ?

એની પ્રેરણાનો ખ્યાલ આવતાં હું ગોળ પત્થર ઉપરથી ઊઠયો અને વિચારને વાગોળવાનું છોડી દઈ કર્તવ્યમાર્ગી બન્યો. ટુવાલ ને લોટો પત્થર પર ગોઠવ્યાં ને કછોટો ભીડાવ્યો. કદાચ આટલા વર્ણનથી જરૂર કોઇને લાગે કે હું નદીમાં કૂદી પડયો હોઈશ અને તરવાની લિજ્જત ઉડાવી હશે ! પણ ના. હું પડી ન શક્યો મહી નદીના પ્રખ્યાત મગરો યાદ આવ્યા. તેમનો ત્રાસ યાદ આવ્યો, એટલે અંદર કૂદકો મારવાને બદલે બહાર રહી પાણીનું ઊંડાણ માપવા બેઠો. ધોતિયાને છેડે એક પત્થર બાંધી તેને પાણીમાં નાખ્યું, પરંતુ તાગ દેખાયો નહિ. પાણી વીસ ફૂટથી વધારે ઊંડું હતું. છેવટે પ્રવાહની વચ્ચે એક મોટા પત્થર ઉપર બેસીને જ સ્નાન કર્યું.

મહાદેવના મંદિર પાસે થઇને નાની ગળતી નદી વહે છે અને આ સ્થળે તે મહીસાગરને મળે છે. ગળતીના સામે કિનારે, ડુંગર ઉપર, એક ભરવાડ કુટુંબે પોતાનાં ઘેટાંબકરાં ચરાવવા પડાવ નાખ્યો હતો. અમે સાંજના અંધારામાં ત્યાં દૂધ લેવા ગયા.

નાનું એવું તાપણું સળગતું હતું. તેની પાસે એક વૃદ્ધ ડોસો બેઠો હતો. તેણે અમને આવકાર્યા. અમે પણ તેની પાસે જમાવ્યું. ઘેટાં હજી ચરીને આવ્યાં ન હતાં, અને તેમને આવતાં સમય લાગે તેમ હોવાથી બાબુભાઈ અને ઠાકોરભાઈ પાછા ધર્મશાળામાં ગયા. થોડીવારે ઘેટાંનું ટોળું આવ્યું. ડોસાના છોકરા આવી તાપણા પાસે બેઠા. બે જુવાન સ્ત્રીઓ અમારે માટે દૂધ દોહવા લાગી.

ચોતરફ કૃષ્ણપક્ષની તિમિર-ચાદર પથરાઇ હતી. મહી નદીનો ગર્જનધ્વનિ આકાશ ભરી રહ્યો હતો. હું વિચારતો હતો: કેવા મસ્તાન છે આ જિપ્સી જીવન ગાળનાર ભરવાડો ! હરહમેશ જંગલની અનુપમતામાં રાચવું. આજે આ ડુંગર ઉપર, તો આવતી કાલે બીજા ડુંગરે ઉપર. કોઈ દિવસ કોઇ સરિતાકિનારે તો કોઇ દિવસ સરોવરતટે; સદાય ફરતા, નદીઓનાં મૂળ તરફ જંગલનાં ઊંડાણમાં સનાતન કૂચ કરતા. એમની જાતિનો અને શોધોનો ઇતિહાસ કોઇ લખે તો? વધારે વિચારે ચડું ત્યાં બકરાંની બૂમાબૂમ ને શોરબકોર શરૂ થયો. સ્ત્રીઓએ એકદમ 'હો હો'ની દીકિયારી મચાવી. તાપણા પાસે બેઠેલા ભરવાડ યુવકો ફાળ ભરતા કૂદ્યા. હું પણ ઝબક્યો અને 'આ શું?' કરતો હાથમાં સાઈકલનું ફાનસ લઈ પેલા યુવકની પાછળ દોડયો. ત્યાં તો પાછળથી પેલા ડોસાનો અવાજ સંભળાયો: 'મહારાજ, રેવા ધો, ઈ તમારૂં કામ નંઇ. વાઘ હશે.'

એનો અવાજ હોકારામાં ડૂબી ગયો ને હું દોડતો પાછળ ગયો. નજર સામે જોઉં તો જીવન અને મૃત્યુ વચ્ચે તુમુલ યુદ્ધ ચાલતું હતું. એક વાઘ, બકરીનો પગ પોતાના જડબામાં દબાવી તેને ઘસડી જવાની જીવતોડ મહેનત કરતો હતો. બકરી ઘસડાતી હતી. આ જોતાં જ મારી હિંમત થીજી ગઈ. પગ જમીન સાથે ચોંટી ગયા. હાથમાં દીવો સ્થિર થઈ ગયો. છાતીમાં કદિ ન અનુભવેલો એવો ધ્રબકાર શરૂ થયો. આ મારી સ્થિતિ.

પણ પેલા જવાંમર્દ ભરવાડો મારી જેમ અટકયા નહિ ! તેમને પોતાના પ્રાણ કરતાં, પોતે ઉછેરીને મોટા કરેલા પ્રાણીનો પ્રાણ વધારે વહાલો હતો. તેમાંના એક જણના હાથમાં કશું જ ન હતું. તેણે પ્રબળ હોકારો કર્યો અને સાથે જ બીજાના હાથની ડાંગ હવામાં વીંઝાઇ. વાઘ ઉપર તેનો એક મરણાન્ત સખ્ત ફટકો પડયો કે ન પડયો તે દેખાયું નહિ, પણ વાઘ ત્યાંથી પલાયન કરી અંધારામાં ઝાંખરાંની ઓથે છુપાઈ ગયો. બકરી એકલી ભયની મારી અર્ધ બેભાન બની તરફડતી હતી. તેના પગમાંથી લોહી નીતરતું હતું. એક જણ ઘાયલ બકરીને ખભે ચડાવી તાપણી પાસે લઇ ગયો. હું ને બીજો ભરવાડ દીવાના અજવાળે વાઘનાં પગલાં તપાસવા નીકળ્યા. હવે મારામાં પૂરી હિંમત આવી ગઇ હતી. પણ થોડું આગળ વધતાં સલાગતી જોખમમાં લાગી એટલે તરત પાછા ફર્યા. કુદરતને ખોળે વસનારના જીવનમાં એકલી પ્રકૃતિની મોજનો જ નહિ, પણ મોતની દોસ્તીનો દાવો પણ હતો જ.

તપેલીમાં ચાર શેર દૂધ લીધું. એક હાથમાં તપેલી અને બીજા હાથમાં નાનું ફાનસ રાખી મારે હવે સામે કિનારે જવાનું હતું. એકલા જતાં મન ગભરાતું હતું. એમ પણ થયું કે આમાંથી એકાદને કહું કે સાથે આવી મંદિર સુધી મૂકી જાય. પણ જીભ ન ઊપડી. ઘડી પહેલાં વાઘનાં પગલાંની તપાસ કરનાર આમ એકલો જતાં ડરે? આત્માને નાચીઝ બનાવતાં દિલ ન ચાલ્યું. બીજી બાજુ ખૂનનો સ્વાદ ચાખી, શિકાર છોડી, ઝાંખરામાં સંતાએલો વાઘ પણ કેમ ભૂલાય ? હૃદયમાં ભય અને અભયનું યુદ્ધ જામ્યું. જાઉં? ન જાઉં ? કહું? ન કહું? એટલામાં ગીતાનો એક મંત્ર વહારે ધાયો: 'नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावक:' તું ડરે છે? તારો આત્મા નિત્ય ને સર્વગત છે. એ ડરે? ઊઠ, ચાલ્યો જા! અને ખરેખર એ મંત્રે મારામાં બળ પ્રેર્યું અને હું બીલકુલ નિર્ભય બની સામે કિનારે ધર્મશાળામાં પહોંચી ગયો.

મિત્રોએ બટાટા બાકી રાખેલા તે ખાધા. ઉપર તાજું દૂધ પીધું ને ઘસઘસાટ ઊંઘી ગયા.

સવારે સ્નાન કરી મહાદેવની પૂજા માટે ગયો. મંદિરની આસપાસનો કોટ તૂટી ગયો છે. શિખરના કલાયુક્ત પત્થરો વિખરાઇને મંદિરના પાછળના ભાગમાં પડયા છે. મધ્ય યુગનું આ મંદિર–નિસર્ગધામ અસ્તવ્યસ્ત દશામાં છેલ્લા શ્વાસ લઈ રહ્યું છે.

અમદાવાદથી ડાકોર, ત્યાંથી ચાર માઈલ ઠાસરા, ત્યાંથી ત્રણ માઇલ અંબાવ અને અંબાવથી શા માઇલ સાઇકલોને રેતીમાં ઘસડતા, ડુંગરોમાં ભમતા, તાપ સહન કરતા, શું અમે આ મંદિરના વેરાએલા પત્થરો જોવા આવ્યા હતા? એવી ક્ષણભર મનમાં શંકા જાગી.

પણ એ પત્થરો શું નિર્જીવ શિલાઓ હતી? એ પત્થરનાં હૃદય તો કોરાએલાં હતાં. કલાના ઇતિહાસના રક્ષણ માટે જેણે પોતાના દેહ ઉપર સતત લોખંડનાં ટાંકણાંના ઘા ઝીલ્યા એને પત્થરો જ શી રીતે કહેવાય ? એ હતા કલાખંડો. એના એક એક ટુકડાના દર્શન કરતાં જીવ બહેકી ઊઠતો હતો. એના દર્શન માટે અમારો ફેરો વ્યર્થ ગયો કેમ કહી શકાય ?

આ પત્થરો પાસે શું નથી? અહીં સચવાયાં છે, સૈકાઓ સુધી જગતની સીમા ગજવતા પ્રતાપી પિતામહોની સંસ્કૃતિનાં પ્રતિબિંબ, ભારતના યશસ્વી ધર્મ-ઈતિહાસનું અમરત્વ અને પોતાના ટાંકણાના બળે દુનિયાની શિલ્પકલાને મોખરે રહેલા હિંદી શિલ્પીઓનો કલાદેહ. આ ભગ્ન મંદિર પાસે શું નથી ? અહીં છે આપણા પૂર્વજોની સર્વોત્તમ કક્ષાએ પહોંચેલી જીવન-વિચારણા અને કલાસર્જનની સ્મૃતિ-સૌરભ. એ જીવનયાત્રીઓ સાથે આપણા ક્ષુદ્ર જીવનમાર્ગની સરખામણીનો વિચાર કરતાં પણ કંપારી છૂટે. બારે પહોર ગર્જતી ને

ધસ્યે જતી આ મહી અને કુમારિકા જેવી લાગતી આ ગળતીના સંગમ-સ્થાને, જ્યાં શાન્ત ડુંગરોની કતાર ખડી છે, ઊંચી ભેખડો કરાડ ને કોતરો કુદરતનું સૌમ્ય ને વિકટ રૂપ બતાવતાં ઊભાં છે, ઉપર અનંત અવકાશ ને નીચે અખંડ સ્તબ્ધતા વ્યાપી રહ્યાં છે, એવા આ સ્થાને, માનવ હૃદયની ભક્તિનું પ્રતીક આ મંદિર બંધાવનારના જીવનમાં કેટલું સામર્થ્ય હશે! પ્રકૃતિને એમણે પ્રાણપૂરક જ માની હશે ને?

અને ભારતના ભવ્ય મંદિર-દેહ તરફ નજર નાખીએ તો! હિમાલયનાં ઉત્તુંગ શૃંગો વચ્ચે સમાધિસ્થ બનેલા બદ્રિકેશ્વરથી માંડી દક્ષિણ હિંદના પ્રદેશમાં ઉપડીએ કે દ્વારિકાના જગતમંદિરથી લઈ છેક જગન્નાથ પુરી સુધી નજર નાખીએ તો? ભારત—સમસ્ત ભારત જાણે મંદિરોનો દેશ, કોઇ નિરંજન અને નિરાકારમાંથી વિકસેલા અસ્તિત્વ ઉપર આત્મોન્નતિથી જય સાધનાર સાધકોનો દેશ લાગે છે. સરિતાના ઉગમ, સંગમ અને અન્ત પાસે, સરોવરને કિનારે, ભૂશિરે અને ભૂ:સીમાન્તે, પહાડને ચરણે અને શિખરે, કે ઉંડા જંગલ અન્તરે, નિરાકારને શોધતા સાધકોને પંથ બતાવતાં, વિશ્વ-પૂજનનાં આ પ્રતીકો ખડાં છે; એટલે જ ગંગાને પુનિત તટે બેઠેલા કાશીવિશ્વનાથ અને મહી કિનારે બેઠેલા ગળતેશ્વર એક જ છે. એક દિવ્ય વિચારણામાંથી રુાંપડેલી સાંકળના અંકોડા છે.

કુદરત-આંગણે કલાધામના અવલોકનકાર આવા દ્રષ્ટાઓ ન હોત તો? મંદિરોની આ રચના, ટાંકણે ટાંકણે ભાવના હીલોળા ઉપજાવતાં સ્થાપત્યો, કદમે કદમે પ્રભુત્વ પાંગરતી પ્રકૃતિ, બધું ક્યાંથી જોવા મળત? હિમાલયમાં પેલા બદ્રીનાથ ને કેદારનાથની કોઇએ સ્થાપના ન કરી હોત તો, અવસ્થાએ પહોંચેલી દક્ષિણ દેશની કોઈ વૃદ્ધ માતા મૃત્યુને પડકારતી હિમાલયની સફર કરવા કદી યે નીકળી હોત?

પ્રકૃતિની સૌમ્ય શાન્તિએ મંદિરોનું માહાત્મ્ય વધાર્યું, મંદિરોએ પ્રકૃતિની ભવ્યતા વધારી માનવોએ મંદિર-પ્રકૃતિના અસ્તિત્વમાંથી જીવનાનંદ પીધો.

જગતના અવશેષ ઇતિહાસખંડોમાં નજર નાખીએ તો જણાય છે કે આપણી આ શિલ્પ-સ્થાપત્ય—કલા હિંદની પ્રતિષ્ઠાને અણનમ અને અપરાજિતપણે સાચવતી આવી છે. આ પત્થરો તો આપણા ગરીબોની ગૌરવદોલત છે. આ શિલાખંડો ન હોત તો પસાર થતી ગુલામીની અંધકારઘેરી રાત્રિમાં તારા બની આપણને આપણી ભૂતકાલિન યશસ્વી સંસ્કૃતિની ઝાંખી કરાવી કોણ ટટાર રાખી શકત? આ પત્થરો એટલે ચક્રવર્તી ભારતીય મહાકાયાનાં અસ્થિ.

આપણો મોજીલો વિદ્યાર્થી કોઈક વાર આ પત્થરો પાસે સંસ્કૃતિનો ઇતિહાસ સાંભળવા આવે તો? તો કદાચ ભારતનો પ્રચંડ પણ આજે કથળી ગએલો દેહ ફરીથી નવજીવાની પ્રાપ્ત કરે.

સાંજે ગળતેશ્વરને પ્રણામ કરી અમે નીકળ્યા અને રાત્રે મુસાફરી કરતા બીજી સવારે અમદાવાદ આવ્યા.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: લાયક ચિત્રને અભાવે મોકૂફ. બીજું ઇનામ: 'એકલવાયી' ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'ગિરનારી ડોળી' મનુ પટેલ (જામનગર); નોંધપાત્ર: 'ગોરીલો'—નારાયણભાઈ વારા (જામનગર); 'કુદરતને ખોળે'—શુકદેવ ભચેચ (અમદાવાદ).

ચિત્રોની સંખ્યાના પ્રમાણમાં ગુણની દૃષ્ટિએ આ વખતનાં ચિત્રો ઊતરતી કક્ષાનાં જણાયાં છે. ભાઇ ચંદુભાઇ ભટ્ટનું ચિત્ર 'એકલવાયી' યોગ્ય દૃષ્ટિકોણથી લેવાએલું હોઇ બીજું ઈનામ જીતી શક્યું છે. આજુબાજુ રચાતી બે ઝાડોની કમાન વચ્ચે દહેરી મઢાઇ જતી હોય તે રીતની યોજના વિચારીને આ ચિત્ર લેવાયું છે તેને લીધે જ ચિત્ર આકર્ષક બની શક્યું છે. આગળના ભાગમાં હજી અરધો ઇંચ જગ્યા વધારે જોઇએ. ચિત્રની નીચે ડાબે ખૂણે ધોળું ધાબું દેખાય છે તે તથા એન્લાર્જમેન્ટ કરતી વખતે આવેલી ધોળી—કાળી કિનારીનો નકામો ભાગ તથા ડ્રૉઇંગ પિનનાં નિશાન વગેરે સફાઈની ઊણપ સૂચવે છે.*

ત્રીજું ઇનામ જીતનાર ભાઈ મનુ પટેલના ચિત્ર 'ગિરનારી ડોળી' ની ટેકનીક ઉત્તમ છે અને તેજછાયા પ્રમાણસર છે. પણ તેના નામ પ્રમાણે ડોળીને સંપૂર્ણ ખ્યાલ આપી શકતું નથી. આગેનું પાત્ર ઠીક દૂરત્વ સૂચવે છે અને પગથિયાંથી માંડીને પહાડના મથાળા સુધી નજર દોરવાય છે ને સાથે ઉપર જવાનો દૂરનો આગળનો રસ્તો જણાતો હોત તો ચિત્ર સંપૂર્ણ બનત.

ભાઇ નારાયણભાઇ વારા પોતાના ચિત્રમાં, નેગેટિવના સપ્રમાણ એક્સ્પોઝરને લીધે છેક વાળની રેખા દેખાય એ રીતનાં તેજછાયાથી ઘણી સરસ રીતે 'ગોરીલા'ને દેખાડી શક્યા છે. બૅકગ્રાઉન્ડ અસ્પષ્ટ દેખાડી છે તે પણ વાજબી છે. માત્ર ડાબા હાથે મથાળાનો આકાશનો ભાગ આંખને ખૂંચે છે તે એન્લાર્જમેન્ટ કરતી વખતે હલકો પાડી દેવાની જરૂર હતી. જંગલી પ્રાણીનાં ચિત્રો લેવાં સહેલ નથી અને જે નમૂનો ભાઈ નારાયણભાઇએ રજૂ કર્યો છે તે માટે ખરેખર એમને ધન્યવાદ ઘટે છે.

ભાઇ શુકદેવ ભચેચનું 'કુદરતને ખોળે' ચિત્ર ઉછળતા પાણીને લીધે આકર્ષક બને છે. પાત્રોની ક્રિયા બે ભાગમાં વહેંચાઇ જઈ કંઇ અર્થ સમજાતો નથી. કેટલાક છોકરા કૅમેરા સામે જુએ છે તે પણ ખામી રૂપ છે. ભાઇ શુકદેવે એક સરસ ચિત્ર બનાવવા માટે સાંપડેલી તક ગુમાવી છે. પ્રિન્ટ પણ જોઇએ તે કરતાં ઝાંખો છે.

બી. બી. ફનીબંદા

* ચિત્રની ચોમેર એકસરખી કિનારી રાખવા માટે ચિત્રના કદ કરતાં ०। ઈંચ જેટલી ફરતી ઓછી સાઇઝનું એક કાર્ડબોર્ડ કાટખૂણે કાપવું અને તે, એન્લાર્જમેન્ટ પૂરતુ એક્સ્પોઝર આપી રહ્યા પછી, ચોમેર ०। ઇંચ કિનારી ખુલ્લી રહે તે રીતે ચિત્રની ઉપર બરોબર વચમાં ગોઠવવું. પછી તે પર સાધારણ વજન મૂકી તેને પ્રિન્ટિંગ પેપર સાથે દબાએલું રાખવું. હવે એન્લાર્જરમાંથી નેગેટિવ કાઢી લઇ એન્લાર્જરના લેન્સમાંથી સીધો પ્રકાશ તેના પર આવવા દેવો. ફક્ત થોડી સેકન્ડના આ એક્સ્પોઝરથી કાર્ડબોર્ડની આજુબાજુ એકસરખી કાળી કિનારી છપાશે. પછી પ્રિન્ટ તૈયાર થતાં આશરે ⅛ ઈંચ યા જરૂર જેટલી પાતળી કિનારી ચોમેર રાખી બાકીનો ભાગ ટ્રિમ કરી નાખવો.

અંધશ્રદ્ધા અને અજ્ઞાન એ અભણનાં દુશ્મન છે; અને અશ્રદ્ધા ને અંધજ્ઞાન એ ભણેલાનાં દુશ્મન છે.
માનવી યંત્રનો ઉપયોગ કરે છે ને સર્જન થાય છે; યંત્ર માનવીનો ઉપયોગ કરે છે ને વિનાશ થાય છે.
ઘણાં માણસો કબાટ ખરીદે છે—પુસ્તકને માટે. ઘણાં માણસો પુસ્તક ખરીદે છે—કબાટને માટે.
સ્નેહ કર્યા પછી નાતો તોડનાર નિર્બળ છે નાતો તૂટ્યા પછી સ્નેહ કરનાર મહાન છે.

'मञ्जल'



માધુકરી

સાગર ભૂષણ સ્વસ્થતા, વ્યોમનું ભૂષણ સોમ,
યામિન ભૂષણ તારકા, યૌવન ભૂષણ નેમ.
ઉડુગણ ભૂષણ અચલતા, ધરણી ભૂષણ ધીર,
માનવી ભૂષણ સંતજન, નારી ભૂષણ શીલ.
કવિનું ભૂષણ કલ્પના, ગાયક ભૂષણ સૂર,
વાણી ભૂષણ મંજુતા, નયનનું ભૂષણ નૂર.
સર્જન ભૂષણ પૂર્ણતા, નાટ્યનું ભૂષણ મર્મ,
કાવ્યનું ભૂષણ વ્યંજના, જીવન ભૂષણ ધર્મ.
પ્રણયિની ભૂષણ રાધિકા, પ્રેમ ભૂષણ ઘનશ્યામ,
દંપતી ભૂષણ જગતમાં એક જ: જાનકી–રામ.

—રતિલાલ છાયા

મિલર રીઝ હચિસન

આ નામ વાંચીને તમને કશો ખ્યાલ આવે છે? ભાગ્યે જ આવે. અને છતાં એ નામ ધરાવનાર વ્યક્તિના સીધી કે આડકતરી રીતે તમે ઋણી ન રહો એવો ભાગ્યે જ કોઈ દિવસ વીતતો હશે. એનું કારણ?

કારણ જાણવા માટે તમારે પચાસ વર્ષ પહેલાંના સમય પર જવું જોઇશે, જ્યારે અમેરિકાનાં એક દંપતી પોતાના યંત્ર-ઘેલા પુત્રને સુપ્રસિદ્ધ વિજ્ઞાની એડીસનની પ્રયોગશાળાની મુલાકાતે લઈ ગએલાં.

બાર વર્ષના એ મ્હોરતા કુમાર સાથે હાથ મિલાવી એડીસને એને સવાલ કરેલો, 'તું મોટો થઇને શું બનવા ધારે છે, દીકરા?'

'તમારો મુખ્ય ઈજનેર, મિ. એડીસન!' કુમાર હચિસને નિર્ણયાત્મક ખાતરીથી તેને જવાબ આપેલો. એડીસન માત્ર એ સાંભળીને સહેજ મરકેલો, પરંતુ એ કુમારનો જુસ્સો એને મુગ્ધ કર્યા વિના નહોતો રહ્યો.

અને તમે નહિ માનો, પણ ખરેખર, ત્રણ જ વર્ષ રહીને કુમાર મિલર હચિસન એ પદને યોગ્ય બની ગયો હતો. મહાન વિજ્ઞાનીઓને પણ ઇલેકટ્રિસિટી જ્યારે એક અદ્દભુત રહસ્ય સમી લાગતી ત્યારે પંદર જ વર્ષના આ કુમારે બરાબર કામ આપતી એક વીજળીક યુક્તિ શોધી કાઢી હતી!

માત્ર ઓગણીસ વર્ષનો હતો અને ઈલેકટ્રિકલ એન્જિનીઅરિંગની પોતાની ડિગ્રી માટે અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે એકાએક તેને એવો ખ્યાલ આવેલો કે બહેરા માણસોને સાંભળતા કરવાના કામમાં વીજળીને યોજી શકાય. જેમજેમ વધુ અભ્યાસ કરતો ગયો તેમતેમ પોતાનો ખ્યાલ વાજબી હોવાની ખાતરી તેને થતી ગઇ. પરંતુ એક બાબતના પોતાના અજ્ઞાનની પણ એને એટલી જ ખાતરી હતી, અને તે મનુષ્યના કાનની રચનાની. પોતાનું એ અજ્ઞાન એ ન ટાળી શકે ત્યાં સુધી તેનો ખ્યાલ કદી મૂર્તિમંત ન થઇ શકે.

બહુ થોડા તરુણોમાં હોય છે એવી હિંમત અને ધીરજપૂર્વક પોતાનો ઇલેકટ્રિસિટીનો કોર્સ પૂરો કરી નાખીને તરત જ તે અલાબામાની મેડિકલ કૉલેજમાં દાખલ થયો! નિશ્ચયાત્મક ચહેરાનો એ તરુણ, દાક્તર થવા સિવાય બીજા કોઇ ઉદ્દેશે એમાં પ્રવેશ્યો હશે એવો ભાગ્યે જ કોઈને ખ્યાલ આવે. પરંતુ મિલર હચિસને તો પોતાને જરૂરી લાગ્યો એટલો જ અભ્યાસ કરીને કૉલેજને પડતી મૂકી. અને ત્યાર બાદ થોડા જ મહિના રહીને બહેરાઓને સાંભળવામાં સહાય રૂપ એવી એક વીજળીક રચનાનું એણે પેટંટ લીધું!

એની આ શોધ એટલી અપૂર્વ હતી કે ઈંગ્લંડ તરફથી તેના એ 'ઍકાઉસ્ટીકોન' (Accousticon) ની તાત્કાલિક વિનતિ થતાં તેનું એક સુધારેલું મૉડેલ કર્ણદોષ ધરાવતી રાણી ઍલેકઝાન્ડ્રા પર મોકલી આપ્યું. બદલામાં રાણી અને રાજા એડવર્ડે (એ સમયે હજુ તેઓ ગાદીનશીન નહોતાં થયાં) પોતાના રાજ્યાભિષેકમાં ભાગ લેવા માટે આ તરુણ દક્ષ શોધકને ખાસ નિમંત્રણ મોકલ્યું.

આઠ વર્ષ રહીને હચિસને પોતાની કુમાર વયની પ્રબળ મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરી. એડીસને જાતે હચિસન પાસે માગણી મૂકી કે એડીસન લેબોરેટરીઝના મુખ્ય ઈજનેર અને સલાહકારના પદનો જો એ સ્વીકાર કરશે તો પોતે ખૂબ આભારી બનશે! અને એ માગણીનો જે દિવસે સ્વીકાર કર્યો એ દિવસ મિલર હચિસનની જિંદગીનો કદાચ સૌથી ગૌરવવંતો દિવસ હતો.

જગતની કોઈ પણ બે શોધક પ્રતિભાઓ આટલા અતલગના સહકારપૂર્વક કામ નથી કરી શકી. પ્રયોગશાળામાં અઢાર કલાક કામ કરતા એડીસનથી હચિસન પણ ઓછો ઊતરે તેવો નહોતો. ક્યારેક તો બંને મળીને ચોવીસે ચોવીસ કલાક મંડયા રહેતા. દાખલા તરીકે એક શકવર્તી શોધની સફળતાની અણી પર તેઓ હતા ત્યારે તો હચિસન ચોવીસે કલાક પ્રયોગશાળામાં જ પડયો રહેલો, જોકે એનું સુંદર ઘર ત્યાંથી માત્ર ૪૦૦ વારના જ અંતર પર હતું.

એક દિવસ નજીકના એક બીજા કારખાના તરફથી ટેલીફોનની ઘંટડી રણકી. ખોટકાઇ પડેલું કોઈ યંત્ર ચાલુ કરવાને હચિસનની જ જરૂર પડેલી. હચિસન ત્યાં ગયો. યંત્ર પર એક વેધક નજર નાખી અને બોલ્યો, 'હથોડી લાવો જોઇએ.'

હથોડી આવી. યંત્રના એક ભાગ પર એ ઠોકી અને ત્યાં કાન દીધો. બીજીવાર કાન દીધો. ત્રીજીવાર, અને તેણે સ્વિચ ચાલુ કરાવી. યંત્ર પૂર્વવત્ ચાલુ થઇ ગયું હતું!

કારખાનાનો માલિક પ્રશંસાપુષ્પો વરસાવી રહ્યો હતો ત્યાં વચ્ચે જ શાંતિપૂર્વક હચિસન બોલી ઊઠ્યાં: 'મારી ફી ૨૦૦ ડૉલર છે.'

'બસો ડૉલર? અને તે હથોડીના માત્ર ત્રણ ટપકારા માટે?' ચકિત થઈને પેલા કારખાનાના માલિકે પ્રશ્ન કર્યો.

'ના;' હચિસને જેવી ને તેવી શાંતિથી જવાબ આપ્યો, 'એક ડૉલર એ ટપકારા માટે અને ૧૯૯ ડૉલર એ ટપકારા ક્યાં દેવા એ જાણનાર માત્ર હું જ એક હોવા માટે.'

પરંતુ પોતાના કાર્યનું પોતાને લાગતું વાજબી મૂલ્ય લેવાનો આગ્રહ ધરાવવા છતાં હચિસન સૌથી ઉદાર અને આત્મત્યાગી પુરુષ પણ બની શકે છે. યુનાઇટેડ સ્ટેટ્સ જ્યારે ૧૯૧૪–૧૮ની લડાઈમાં ઊતરેલું ત્યારે પ્રેસિડેન્ટ વિલ્સને તેને બોલાવેલો.

'ડૉ. હચિસન!' એના આવતાંવેંત વિલ્સન બોલ્યો, 'મારા નિષ્ણાતો કહે છે કે નૌકામંત્રણા ખાતાના પૂરા સમયના સલાહકાર તમને નીમવા આવશ્યક છે. માત્ર તમારા દરમાયાનું નામ પાડો તો..'

'અલબત્ત વળી,' હચિસને તત્કાળ ઉત્તર આપ્યો, 'યુદ્ધ ચાલે ત્યાં સુધી વર્ષે ૧ ડૉલર!' અને એક ડૉલર ઉપરાંત એક સેન્ટ પણ લેવાની એણે ચોકખી ના પાડી દીધેલી!

આજે આ ગિલર રીત્રે હચિસન ખુદ પોતાની જ એવી હજારો શોધોના પેટન્ટનો દાવો કરી શકે એમ છે, અને એ શોધોએ બજારમાં ૧૦૦,૦૦૦,૦૦૦ પૌંડથી વિશેષ પોતાનું મૂલ્ય ઉપજાવ્યું છે. એમાંની એકે શોધ એવી નથી જેમાં કોઈ હરીફના પેટન્ટનું સહેજ પણ અતિક્રમણ થયું હોય. ઊલટું, એને ખબર પડે કે પોતે કરવા ધારેલી શોધ પર અમુક હરીફના પ્રયોગો ચાલે છે તો એ શોધમાં પડવાનું જ એ માંડી વાળે. એક નહિ પણ અનેક દાખલામાં પોતાના કરતાં ઓછા સદ્ભાગી હરીફોને તેમની શોધો પૂર્ણતાએ પહોંચાડવામાં એણે સહાય કરેલી છે.

રજા?..... હચિસને આખી જિંદગીમાં માત્ર ત્રણ જ રજાઓ પાડેલી છે, અને એમાંની છેલ્લી આજથી વીસ વર્ષ પહેલાં! એ રજાના દિવસે એ ૧૦૦૦ પૌંડના ખરચમાં ઊતરી પડેલો. એક સ્પીડબોટ એ લાવેલો, અને પછી એની ગતિ વધારે ઝડપી બનાવવા પાછળ જ એનો બધો સમય ગએલો. કહેવાની જરૂર નથી કે એ સમય બરબાદ નહોતો ગએલો, અને એણે કરેલા સુધારા જુદાજુદા પેટન્ટ રૂપે બહાર પડીને તેને માટે હજારો ડૉલરની આવકનું સાધન બની રહ્યા!

આજે ૬૫ વર્ષની વયે પણ હચિસન પૂરા અઢાર કલાક કામ કરે છે. શતાયુ બનવાની અને છેલ્લી ઘડી સુધી પ્રયોગો કરતા રહેવાની તેની ઉમેદ છે. —અશોક હર્ષ

તમારાં પુસ્તકો

પોતાનો વિકાસ સાધવા ઈચ્છનાર કોઈ પણ વ્યક્તિ આજે પોતાના ગજા મુજબ થોડાંઘણાં યે પુસ્તકો વસાવ્યા વિના ભાગ્યે રહેતી હશે. ખરું જોતાં એવાં પુસ્તકો એ જ્ઞાનની એક જાતની પરબ છે અને જ્ઞાનના તૃષાર્તોની તરસ એથી છીપે છે. માણસના સ્વભાવની પણ એ એક નૈસર્ગિક ટેવ કહાય કહી શકાય કે પોતે જાણેલું બીજાઓને જણાવવા તે હમેશાં ઈંતેજાર રહે છે, અને એ ઇંતેજારીમાં પોતાને ત્યાંનાં પુસ્તકો પણ જિજ્ઞાસુ વર્ગમાં ફેલાવતો રહે છે.

પૈસાની માફક પુસ્તકોનું સાફલ્ય પણ તેમના ઉપયોગમાં રહેલું છે. પરંતુ ઘણીવાર પૈસાની માફક પુસ્તકોનો પણ ગેરઉપયોગ કરનારા મળી આવે છે. એ ગેરઉપયોગ કરનારાઓ સામે સ્વાભાવિક જ જે ચીડ ઊપજવા પામે છે તેનો એક આ સૌમ્ય પ્રકાર વિદ્યાર્થી અવસ્થામાં ઘણાં પાઠ્ય પુસ્તકો પર અંકાએલો એકકાળે જોવામાં આવતો:

'રાતું ફૂલ ગુલાબનું, લીલું જંગલ ઘાસ,
આ પુસ્તક છે માહરૂં, જ્યાં લગી શ્વાસોચ્છ્વાસ.'

આપણે ત્યાં વિદ્યાર્થીવર્ગમાં, અથવા શૈક્ષણિક, પત્રકારત્વ વગેરે બેચાર વ્યવસાયોમાં રોકાએલાઓ સિવાય ગૃહપુસ્તકાલયનો આગ્રહ ભાગ્યે જોવામાં આવે છે. પરંતુ પશ્ચિમમાં એ પ્રવૃત્તિ ખૂબ વિકસી હોઇને યે ચોપડીઓના ચોરો માટે ત્યાં પણ આવી કવિતાઓ પુસ્તક પર લખાય છે કે:

"Steal not this book for fear of shame,
For here you see the owner's name;
And when you die, the Lord will say
Where is that book you stole away?
And if you say you do not know,
He'll send you into the hell below."

આજકાલ માનસશાસ્ત્રીઓ ચોપડી પાછી વાળવામાં નિષ્ફળ નીવડનારાઓના ત્રણ વર્ગ પાડે છે: (૧) પોતે ચોપડી ઉછીની લાવેલા એ જ છે સમૂળગું ભૂલી જનારા. (૨) પોતે કોની પાસેથી ચોપડી ઉછીની લાવ્યા છે એ ભૂલી જનારા. (૩) વાંચવા લાગ્યા પછી ઘણો લાંબો સમય વીતી જવાને કારણે એ પાછી વાળવાની જરૂર ન જોનારા. આ ત્રણે વર્ગો સામે સંપૂર્ણ કાર્યસાધક પગલાં કઇ રીતે લઈ શકાય તેની શોધ હજુ કોઈ માનસશાસ્ત્રીએ બહાર પાડી નથી; એટલે પુસ્તકો વસાવનારે જાતે જ એ પ્રયુક્તિ શોધી કાઢવાની રહી.

એક વાત સત્ય છે કે માણસ પુસ્તક વસાવે છે તે પ્રાથમિકપણે તો પોતાના જ લાભ માટે. અને પુસ્તકોને માત્ર આનંદનું નહિ પણ જીવનઘડતરનું સાધન એ સમજતો હોય તો તેમની યોગ્ય જાળવણી પાછળ એણે સારૂં જેવું લક્ષ આપવું જોઇએ. બધા જ શોખીનો રબર સ્ટૅમ્પ વસાવી શકે એવી શક્યતા આપણે ત્યાં નથી. એટલે સ્વચ્છ અને મરોડદાર અક્ષરે, પુસ્તકના પાનાને બેડોળ ન બનાવે એ રીતે, યોગ્ય સ્થાને દરેકે પોતાનું નામ લખી દેવું જોઇએ. નામ માટે બનતાં સુધી પુસ્તકનું ઊઘડતું જ કોરૂં પાનું નક્કી કરવું અને તેના પર પોતાનું પૂરૂં નામ, સરનામું, ખરીદ્યાની તારીખ તથા કીમત લખવી તથા પુસ્તક પૂરૂં થતું હોય ત્યાં લખાણને અંતે પોતાના નામની સહી સાથે પુસ્તક શરૂ કર્યાની અને પૂરૂં કર્યાની તારીખો લખી રાખવી.

પોતાને ત્યાંના દરેક પુસ્તકમાં મધ્યમ કદનું એકાદ કાર્ડ રાખવાનું પણ સુગમ થઈ પડે. કોઈ મિત્ર કે પરિચિત પુસ્તક વાંચવા લઈ જવા માગે ત્યારે તેમાંનું કાર્ડ લઈ, તે પર પુસ્તકનું તથા જેને વાંચવા આપવાનું હોય તેનું નામ અને તારીખ તથા તે પાછું વાળવાની અપાએલી ખાતરીની તારીખ લખી રાખવી, અને કબાટમાં અથવા છાજલી પર પુસ્તકની ખાલી પડેલી જગ્યામાં એ કાર્ડ રાખી મૂકવું. જ્યારે પણ નજર જાય ત્યારે ખાલી પડેલી જગ્યા વંચાવા ગએલી ચોપડીની યાદ આપી રહેશે. ઘણા લોકો ચોપડી જલદી પાછી વાળવાની પોતાની અશક્તિ દર્શાવવામાં ગૌરવ માને છે, અને બહાના તરીકે વાંચવાની પોતાની ધીમી ગતિ આગળ ધરે છે. એવાઓને માત્ર નમ્રતાપૂર્વક એટલું જ જણાવી દેવું કે તેઓ પોતાના વાચનની ઝડપ વધારે એ જ ઇચ્છનીય છે.

કેટલાક વળી પોતાને ત્યાંનાં પુસ્તકો કોઇને પણ વાંચવા દેવાની બાબતમાં અત્યંત કૃપણ હોય છે. તેમણે કાં તો પોતાનાં સારાંસારાં પુસ્તકો અપાત્રે વિશ્વાસ મૂકીને ગુમાવ્યાં હોય છે, અથવા તો બીજાઓને ત્યાંથી લાવીને પાછાં ન વાળેલાં પુસ્તકોનું જ પોતાનું પુસ્તકાલય બનાવ્યું હોય છે. આમાંના પહેલા વર્ગનો વિશ્વાસ મેળવવાનો પ્રયાસ

કરવો, પણ બીજા વર્ગથી તો કદી નાતો ન બાંધવો, કારણ તમને એક પુસ્તક વાંચવા આપીને તમારે ત્યાંથી બે કે વધુ પુસ્તકો એ વાંચવા લઈ જવાનો, જે કદી પાછાં જ નહિ ફરવાનાં.

હાલ વળી પુસ્તકો પર અંગરખાં (dust wrapper) કે વેષ્ટન (jucket)ની પ્રથા શરૂ થઇ છે. એમાંના કેટલાંકનાં વેષ્ટનો પુસ્તકના વસ્તુને અનુરૂપ આકર્ષણભર્યાં હોય છે. તો એવાં પુસ્તકો વાંચવા આપતાં પહેલાં કાં તો તેનાં વેષ્ટનો ઉતારી લઇને કાળજીથી સાચવી રાખવાં, અથવા તો તેમને આંચ ન આવે એ રીતે તેના ઉપર બીજું પૂઠું ચડાવી દેવું.

આ તો કેટલીક સામાન્ય સૂચનાઓ છે. બાકી પુસ્તકો વાંચનારા અને વસાવનારાઓ કદાચ પોતાના અનુભવે એથી પણ સારો અમલ કરી રહ્યા હશે. —'પ્રકર્ષ'

ફીનાઇલને બદલે સગડીની રાખ

દુર્ગંધનાશક તરીકે આપણે ફીનાઈલ વાપરીએ છીએ. પહેલાં એ સસ્તું હતું, પણ હાલમાં એના ભાવ વધી જવાથી, વગર ખર્ચે એનું કામ સરી શકે એમ છે. આપણા ચૂલાની રાખ દુર્ગંધનાશક છે. રાખમાં વાસ ખેંચી લેવાનો ગુણ છે એની ઘણાને ખબર નથી. ચૂલાની અગર પાણીના બંબામાંની સૂકી રાખ એક ડબ્બામાં ભરી રાખવી. એમાંના બારીક કોલસા કાઢી લેવા. તે ફરી સળગાવવાના કામમાં આવશે. આ રાખ ખાળમાં નાખીને સાવરણાથી ઘસીને ધોવાથી ખાળ એકદમ સ્વચ્છ થાય છે. સંડાસમાંની કાચની કૂંડી આ રાખથી ધોવાથી દુર્ગંધ નીકળી જાય છે કૂંડી સફેદ અને સ્વચ્છ રહે છે તથા એના પરના પીળા ડાઘ સાફ નીકળી જાય છે. જ્યાં જ્યાં વાસ આવે ત્યાંત્યાં રોજ રાખ નાખવાથી ફીનાઇલની જરૂર પડતી નથી. ચૂલામાંની સૂકી રાખને કપડાથી ગાળીને ચાંદીના વાસણ પર ઘસવાથી એના પર ચળકાટ આવે છે અને બ્રાસો, પૉલિશ વગેરે વાપરવું પડતું નથી. આ રીતે એક પૈસો પણ ન ખર્ચતાં દીવાનખાનામાંની ફૂલદાન જેવી શોભાની ચીજો ચકચકિત કરી શકાય છે. (સ્ત્રી) —શ્રી લક્ષ્મીબાઈ પ્રધાન : પુના

માણસનું નાક અને જુદીજુદી વાસ

આપણી સઘળી ઇન્દ્રિયોમાં ઘ્રાણેન્દ્રિય સૌથી સંપૂર્ણ ગણાઈ શકે એમ છે. એમાં પણ જમણા નસકોરા કરતાં ડાબું નસકોરૂં તરત જ કોઇ પણ નવી વાસને વહેલી પકડી પાડે છે. એનું કારણ હજુ નથી જાણી શકાયું; અખતરાઓએ એ પુરવાર કર્યું છે. આપણાં ચિત્ત પર જુદીજુદી વાસની પ્રબળ અસર થાય છે અને એને લઇને યુદ્ધ અંગે કામ કરતાં કારખાનાંમાં કામદારોને રુચે અને પ્રોત્સાહિત કરે એવી સુવાસની યોજના ઇંગ્લંડમાં કરવામાં આવે છે.

વળી અમુક સુવાસ અમુક સમયે જ આપણને ગમે છે. ઈજનેરોને કારખાનાંમાં તેલ અને પેટ્રોલની વાસ ગમે છે. એ રીતે રંગમંચો પર કે ઉત્સવોમાં ફૂલો કે અત્તરોની વાસ પ્રિય જણાય છે. પણ સર્વત્ર એવું નથી હોતું. તમારી થાળીમાંથી અત્તરની કે શાકમાંથી લવંડરની વાસ આવતી હોય તો તમારી ભૂખ ઉત્તેજાય ખરી?

હજુ થોડા જ સમય પર વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે ગુલાબની વાસ કેટલાક વિચિત્ર ગુણો ધરાવે છે. દાખલા તરીકે એની અત્યંત સુવાસ ઘડીઆળને ચાલતું બંધ પાડી છે! તેલના ઘટક દ્રવ્ય પર અસર કરે એવો કશોક ગુણ એની વાસમાં રહ્યો હોવો જોઇએ.

તમે પાણીની કદી વાસ લઈ જોઈ છે? તમે કહેશો કે એની કશી વાસ જ નથી હોતી. પરંતુ યુગાન્ડાના દેશી વતનીઓને પાણીની વાસ મુદ્દલ નથી ગમતી, અને એટલા માટે એ કદી ન્હાતા નથી! ચીનાઓને માખણની વાસ મુદ્દલ નથી ગમતી, જ્યારે તિબેટનો શરીરે માખણનો માલિશ કરે છે! લાપ લોકોને સુવરના માંસની વાસ નથી ગમતી, આફ્રિકાના મૂળ વતનીઓને માછલીની નથી ગમતી અને મૉંગોલિયાના વતનીઓને મરઘાંબતકાંની. —'પ્રકર્ષ'

દૂધનો મહિમા

દક્ષિણ મહાસાગરમાં દક્ષિણ આફ્રિકાથી ૨૦૦૦ માઈલ અને દક્ષિણ અમેરિકાથી ૪૦૦૦ માઈલ દૂર એક નાનો ટાપુ છે. ૨૦૦ માણસોની વસ્તીવાળા એ ટાપુનું નામ ટ્રીસ્ટાન ડી. કુન્હા છે. આપણા સુધરેલા દુઃખી જગતમાંના આ નાના ટાપુમાં મહાસાગરની વિશાળતાએ રામરાજ્ય સાચવી રાખ્યું છે.

માત્ર કોઈક જ વખતે મોટાં જહાજો દક્ષિણ આટલાંટિકના આ ટાપુને કિનારે આવે તે સિવાય ત્યાંના વતનીઓ આપણી સુધરેલી દુનિયાથી અસ્પર્શ્ય છે. સુધરેલી દુનિયાના વિદ્વાનો એમને ત્યાં જઇ સારી વાતો લઈ આવ્યા છે. ત્યાં ઘરડા પહેલાં જુવાનો મરતા નથી, કોઈ માંદું પડતું નથી, એમનું સૌંદર્ય અજોડ છે, એમના દાંત પાણીદાર મોતીની માળા જેવા ચળકતા, સુવ્યવસ્થિત અને મજબૂત છે. જીવનના અંત સુધી તેમના દાંત નભે છે, છતાં દાતણ કરવામાં આ દ્વીપવાસીઓ સમજતા નથી.

ગાયો, બકરાં, ઘેટાં અને ગધેડાં એમનું પશુધન છે. જેમ આપણા ખોરાકમાં ઘઉં-ચોખા તેમ એમના ખોરાકમાં મુખ્ય દૂધ છે. રોટલી કે ભાત ત્યાં કોઈ જાણતું નથી. ચા, કૉફી, ખાંડ ત્યાં અજાણ્યાં છે.

સૂર્યનો તાપ, ખુલ્લી હવા, નિશ્ચિન્ત જીવન અને સૌથી વધારે તો સારૂં પુષ્કળ દૂધ એમના સુખી જીવનની ચાવીઓ છે. એવું એ નાનું રામરાજ્ય પૃથ્વીના પટ પર સુધરેલી દુનિયાથી દૂર સુખે જીવે છે.

આદિકાળથી આજ સુધી જગતની જે પ્રજાઓ શરીરે કદાવર, સશક્ત અને વીર્યવાન છે, જેણે બાળમરણ-પ્રમાણ ઘટાડયું છે, જેમણે જગત આખાને વીંટતો સમૃદ્ધ વ્યાપાર ખેડયો છે, જેમણે કલા અને સાહિત્યને પિછાન્યાં છે, જે વિજ્ઞાન અને માનવબુદ્ધિના દરેક ક્ષેત્રમાં આગળ વધેલી છે, એવી દરેક ઉન્નત પ્રજાએ પોતાના ખોરાકમાં દૂધ અને દૂધની વાનીઓ વિપુલતાથી વાપરી છે. —ડૉ. મૅકકૉલમ

મહાન પુરુષોના અંતિમ શબ્દો

અલબત્ત, મહાન નહિ ગણાએલી અનેક વ્યક્તિઓએ પણ મૃત્યુના સત્કાર પ્રસંગે મહાન વ્યક્તિઓના કરતાં યે ઉમદા શબ્દો વાપર્યાં હશે, પણ જગતમાં મહાન વ્યક્તિઓના જ અંતિમ શબ્દોની નોંધ રાખવાની પ્રણાલિકા હોઈ અહીં એમાંથી કેટલીક ઉક્તિઓ સંઘરી છે.

મહાન જર્મન કાયગોએટેના છેલ્લા શબ્દો હતાઃ 'પ્રકાશ, વધુ પ્રકાશ!' એ પ્રકાશ તે દિવ્ય પ્રકાશ હતો. ઓ. હેન્રીએ માગેલો તેવો મીણબત્તીઓનો પ્રકાશ નહિ. ઓ. હેન્રીના છેલ્લા શબ્દો હતાઃ 'અજવાળું કરો, હું અંધારામાં ઘેર જવા નથી માગતો.'

સત્તરમી સદીના અંગ્રેજ ચિંતક હોબ્સના છેલ્લા શબ્દો હતાઃ 'અંધારામાં મહાન કૂદકો!' પોતાના અદ્‌ભુત સંગીતનું પણ અંતે શ્રવણ-સુખ ન અનુભવી શકનાર બધિર સંગીતસમ્રાટ બીટોવનના છેલ્લા શબ્દો હતાઃ 'હું સ્વર્ગમાં બધું સાંભળી શકીશ.'

ઇંગ્લંડનો મહાન વડો પ્રધાન મરતી વખતે આ શબ્દો બોલેલો કહેવાય છેઃ 'ઓહ, મારો દેશ! હું મારા દેશને કેવો ચાહું છું!' રાજા ચાર્લ્સના છેલ્લા શબ્દો હતાઃ 'બિચારી નેલીને ભૂખે ન મારશો.' જ્યારે થોડાં વર્ષ પર અવસાન પામેલા શહેનશાહ પાંચમા જ્યૉર્જના અંતિમ શબ્દો હતાઃ 'સામ્રાજ્ય કેમ છે?' (How is the Empire?) —'[illegible]'

આ માસ ઈતિહાસમાં

મે

રોમનોમાં વાણિજ્યના દેવતા–ધનકુબેર તરીકે ગણાતા મર્ક્યુરી (બુધ)ની માતા માઈઆના નામ પરથી આ માસનું નામ પડ્યું; કેમકે તે દેવીને આ માસમાં નૈવેદ્ય ધરાતાં.

ઇંગ્લંડમાં આ માસ વસંત કાળમાં આવતો હોઇ તેની પહેલી તારીખે બહુ ધામધુમથી ‘મે ડે’ નો વસંતોત્સવ ઊજવાતો, જેમાં ગામ બહારથી ફૂલેભરી ઝાડની મોટી ડાળી લાવીને શહેર વચ્ચોવચ્ચ ‘મે–પોલ’ તરીકે રોપવામાં આવતી, અને તેની આસપાસ ઉત્સવઘેલી પ્રજા નાચગાન કરતી. મધ્ય યુગનો એ રિવાજ આજે તો ત્યાં નરમ પડી ગયો છે અને માત્ર બાળકો જ ઊજવે છે.

તા. ૧ સમાજવાદ અને સામ્યવાદ સિદ્ધાંતો સ્વીકારતી પ્રજામાં કામગારોના ‘મહાદિન’ તરીકે ઊજવાતો ‘મે ડે’. ૧૮૮૯ની આંતરરાષ્ટ્રીય સમાજવાદી કૉંગ્રેસે એ દિવસ ઊજવવાનો ઠરાવ પહેલવહેલો કરેલો.

તા. ૭ અમેરિકાની કોલંબિયા નદી પહેલવહેલી કૅપ્ટન ગ્રેએ શોધી કાઢી, ઈ. ૧૭૯૨.

તા. ૮ ફ્રાન્સના છેલ્લા રંગદર્શીયુગના નામી નવલકાર ગસ્તવ ફ્લૉબર્ટનું અવસાન, ૧૮૮૦.

તા. ૧૧ ૧૮૫૭ના બળવામાં બળવાખોરોએ દિલ્હીનો કબજો લઇ મુઘલ સમ્રાટ બહાદુર શાહ ઝફરને હિંદનો શાહાનશાહ જાહેર કર્યાં.

તા. ૧૬ હોળકરના અમીરખાં નામના સરદારે ફૂટી જઇને કરેલી સહાયથી અંગ્રેજ સૈન્યના જનરલ લેઇકે હોળકરના રામપુર અને ટૉંકના કિલ્લા જીતી લીધા, ઈ. ૧૮૦૪. એ સેવાના બદલામાં અમીરખાંને ટૉંકની રયાસત બક્ષિશ આપવામાં આવી.

તા. ૨૨ બ્રાહ્મોસમાજની પ્રવૃત્તિના આદ્ય સ્થાપક, બંગાળામાં નવા યુગની ચેતના પહેલવહેલી ફૂંકનાર પ્રખર સમાજસુધારક, બંગાળી ગદ્યના જન્મદાતા રાજા રામમોહનરાયનો જન્મ, ઇ. ૧૭૭૨

તા. ૨૭ રશિયામાં નવપ્રાણ પૂરનાર પીટર ધ ગ્રેઇટે ‘સેન્ટ પીટર્સબર્ગ’ નગરની સ્થાપના કરી, ઈ. ૧૭૦૩.

તા. ૩૧ દક્ષિણ આફ્રિકાના નાતાલ પરગણાને કેઇપ કૉલોની પરગણા સાથે જોડી દેવામાં આવ્યું, ઇ. ૧૮૪૪.



આ માસની વ્યક્તિવિશેષ

નેપોલિયન બોનાપાર્ટ

ફ્રાન્સ તાબાના કૉર્સિકા ટાપુમાં આવી વસેલા એક ઇટાલિયન કુળમાં જન્મેલો, નાના કદનો એક અદના લશ્કરી જુવાન, પોતાના વ્યક્તિત્વની તેજસ્વિતા, લશ્કરી બુદ્ધિ, આશ્ચર્યકારક ચાતુરી, સ્પષ્ટ અને સચોટ વિચારશક્તિ અને સર્વગ્રાહી મહત્ત્વાકાંક્ષા વડે ફ્રાન્સનો સરમુખત્યાર શાહાનશાહ બન્યો અને સમસ્ત યુરોપની સંયુક્ત રાજસત્તાઓને હંફાવતો ચોદિશ હાક વગાડી રહ્યો. ઝળહળાટભરી એ કારકીર્દિથી જગતને એણે એવું તો આંજી દીધું કે એના જ જીવનકાળમાં એની તેજીલી કારકીર્દિનો તથા એણે સ્થાપેલા ફ્રેન્ચ મહારાજ્યનો કરુણ અંત આવ્યા છતાં આજ સુધી જગતના પુરુષપુંગવોની નામાવલિમાં એના નામાક્ષર અમર રહ્યા છે.

ઇ. ૧૭૬૯ના ઑગસ્ટની પાંચમીએ એનો જન્મ. તરુણ વયે તોપખાનાની અમલદારી તાલીમ લેતો હતો ત્યારનો જ એ ઉદ્યમી પણ અતડો ને માની ગણાતો. પોતાની લશ્કરી પ્રતિભા વડે ૨૫ની વયે તો એ બ્રિગેડિયર જનરલ થયો અને ૨૬ વરસની ઉંમરે પારીસમાં થએલો બળવો દાબી દઇ ત્યાંની રાજસત્તાના મામૂલી માણસોની વચ્ચે પોતાનું વિશિષ્ટ સ્થાન જમાવી દીધું. તેની તેજસ્વી શક્તિઓ જોઈ ફ્રેન્ચ પ્રજાસત્તાએ તેને ઈટાલીમાં ચાલતા ઑસ્ટ્રીઅનો સામેના મંદ પડતા યુદ્ધનું મુશ્કેલ સુકાન સોંપ્યું. તેમાં તેણે એવા તો ઝડપી અને નિર્ણયાત્મક વિજયો મેળવ્યા કે તે જ ઘડીથી ફ્રાન્સનો તે રાષ્ટ્રવીર થઇ ગયો, અને રાજકારણમાં તેનો પડચો બોલ ઝીલાવા લાગ્યો.

એ કાળે ઈંગ્લંડ ફ્રાન્સનું મુખ્ય શત્રુ હતું. રાજપુરુષોએ તેને ઈંગ્લંડ પર હુમલો કરવાનું કહ્યું, પણ નેપોલિયનની યોજના ઈંગ્લંડને બદલે પૂર્વમાં વધતા જતા તેના વેપાર અને સંસ્થાનોના પાયા પર હલ્લો કરી, હિંદ કબજે કરીને તેની સત્તાને પાણી સીંચતાં મૂળ જ કાપી નાખવાની હતી. તેથી તે લશ્કર લઇને, ૨૦૦૦ વર્ષ પર નીકળેલા સિકંદરની માફક, પૂર્વમાં દિગ્વિજય કરવા નીકળ્યો. પણ એમાં તે નિષ્ફળ ગયો. ઇજિપ્તના કિનારા પર નાઇલના યુદ્ધમાં નેલ્સનને હાથે તે હાર્યો. એવામાં ફ્રાન્સના રાજકારણમાં તેની ગેરહાજરીમાં બગડેલા મામલાને કારણે તેને પાછા સ્વદેશ જવું પડ્યું.

ફ્રાન્સ આવી તેણે વહીવટી મંડળને રજા આપી, સુકાન હાથ લીધું ને ત્રીસ લાખ મતે ફ્રાન્સનો એકહથ્થુ સર્વસત્તાધીશ નીમાયો.

પછી તો એની કારકીર્દિનો મધ્યાહ્ન તપવા લાગ્યો. અશક્ય ગણાતા આલ્પ્સ પર્વતો ઓળંગી એણે ઇટાલિયનોને પરાસ્ત કર્યા. બ્રિટને ૧૮૦૨માં તેની સાથે એમીએન્સની સંધિ કરી. તે જ સાલમાં ફ્રાન્સે એને જીવનભરની સરમુખત્યારી આપી અને ૧૮૦૪ની ૪થી મેને દિવસે તેને શાહાનશાહ બનાવ્યો.

૧૮૦૫ અને ૧૮૧૫ વચ્ચેનો તેનો દસકો યુદ્ધમાં જ વીત્યો. મૅક કબજે કરી, ઉલ્મમાં ઑસ્ટ્રિયનોને હરાવી તેણે વીએના જીત્યું; જીના અને ઑસ્ટરલિટ્સના વિખ્યાત વિજયો મેળવી પ્રૂશિયનોને જમીનદોસ્ત કર્યા; બુલોંમાંથી ઇંગ્લંડ પર હલ્લો લઇ જવાની યોજનાથી બ્રિટિશરોને થથરાવી મૂક્યા; આઇલૉ અને ફ્રીડલૅન્ડના યુદ્ધમાં રશિયનોને શિકસ્ત આપી; સ્પેન પર હલ્લો લઈ જઇ તેની તથા પોર્ટુગાલની મદદે લડતા ઇંગ્લંડના સેનાપતિ વેલિંગ્ટનને હંફાવ્યો અને સમસ્ત મધ્ય અને પશ્ચિમ યુરોપમાં એનો ડંકો વાગવા લાગ્યો.

પણ પછી મહત્ત્વાકાંક્ષાના માર્યા એણે જે આંધળિયાં સાહસો કર્યાં તેમાં તેના હાથ હેઠા પડ્યા અને તેની ઊતરતી કળા બેઠી. ૧૮૧૨માં તે રશિયા પર હલ્લો લઈ ગયો, પણ ત્યાંના શિયાળામાં તેનું સૈન્ય નાશ પામ્યું અને તેને નિરાશાભરી પીછેહઠ કરવી પડી. સ્પેન જીતવાની તેની જિદ નિષ્ફળ ગઇ, અને આ દરમ્યાન પ્રૂશિયા ને ઑસ્ટ્રિયાએ માથું ઊંચકી કરેલા હલ્લામાં લાઈપઝિકના યુદ્ધમાં કપરી હાર ખાઈ તેને નાસીને ફ્રાન્સ ભેગા થવું પડ્યું. ત્યાં દક્ષિણેથી વેલિંગ્ટને ને પૂર્વેથી પ્રૂશિયા-ઑસ્ટ્રિયાએ કરેલા ફ્રાન્સ પરના આક્રમણથી અકળાઇ ફ્રેન્ચ સરદારોએ ફરજ પાડવાથી તેને ગાદીત્યાગ કરી એલ્બાના ટાપુમાં જતા રહેવું પડ્યું.

૧૮૧૫ના ફેબ્રુઆરીની ૨૬મીએ એલ્બાથી પાછા આવી તેણે ફરી છેલ્લો મરણિયો પ્રયત્ન કર્યો; પણ એ જ વર્ષની ૧૫મી જૂને વૉટર્લૂ મુકામે નિશ્ચયાત્મક હાર ખાઇ બ્રિટિશોને હાથે તે સેન્ટ હેલીનાના ટાપુમાં દેશનિકાલી પામ્યો, જ્યાં ૧૮૨૧ના મેની પાંચમી તારીખે તેનું અવસાન થયું.

જૉસેફાઈન જોડે થએલા તેના પહેલા લગ્નના ૧૮૦૯માં છુટાછેડા લઈ તે ઑસ્ટ્રિયાની કુમારી મેરી લૂઈઝીને પરણેલો, જેનાથી તેને એક પુત્ર થએલો, પણ તે કદિ રાજગાદી પર આવી નહિ શકેલો.

હેમાળાનાં હેમ — હૈયાં સાધુ સંતનાં,
અગન લાગે એમ — ગળશે પણ બળશે નહિ.

—તનસુખ ભટ્ટ

ઑક્સફર્ડની ઑલ સોલ્સ કૉલેજમાં ભણીને બે તેજસ્વી વિદ્યાર્થીમિત્રો એકીસાથે તેના ફેલો પણ થયા. એમાંનો એક ગરીબ હતો તે કેળવણી ખાતામાં અધ્યાપક બનીને હિંદ આવ્યો, એ પ્રો. બેઈન; બીજો શ્રીમંત ઉમરાવ હતો તે જતે દહાડે વાઈસરૉય બનીને હિંદ આવ્યો, એ લૉર્ડ કર્ઝન. વાઇસરૉયગીરી દરમ્યાન કર્ઝન પૂનાની મુલાકાતે ગયો ત્યારે ત્યાંની કૉલેજની મુલાકાત વેળા વર્ગેવર્ગ ફરી વળવા છતાં તેની આંખે બેઈન ન ચડયો. પ્રિન્સિપાલ સેલ્બીને પૂછતાં ઉત્તર મળ્યો કે તે આજના દિવસની રજાપર ઊતર્યો છે. જેના તાપે ભલા ચમરબંધીને પણ દઝાડયા હતા એ લૉર્ડ કર્ઝનની ગાડી તરત એ મામૂલી પ્રોફેસરના બંગલા તરફ વળી, અને એના બંગલાનાં પગથિયાં ચડતાં ચડતાં એ મહાન વાઇસરૉયે બૂમ પાડી: 'હલ્લો બેઈન!' ઉત્તરમાં ધીમું મલકતો મિત્ર બહાર આવ્યો. તેને એવી ઈરાદાપૂર્વકની ગેરહાજરીનું કારણ પૂછતાં ગૌરવપૂર્ણ નીટર જવાબ મળ્યો: 'જૂનો મિત્ર વાઈસરૉય થયા પછી અને કેવોક યાદ કરે છે તે જોવા ખાતર જ!'

અનેકાર્થી શબ્દ: હરિ=વિષ્ણુ અથવા કૃષ્ણ; ઘોડો; સિંહ; વાંદરો; ચંદ્ર; એ ઉપરાંત સંસ્કૃત સાહિત્યમાં તો નીચે જણાવેલા ઘણા અર્થોમાં તે વપરાય છે: ઈન્દ્ર, યમ, શિવ, વરુણ અને બ્રહ્માનાં બીજાં નામ; ઈન્દ્રના ઘોડાનું નામ; સૂર્ય; દેડકો; પોપટ; સર્પ; મોર; કોયલ; ભર્તૃહરિનું નામ; માણસ; પ્રકાશનું કિરણ; અગ્નિ; પવન; પોપટી રંગનું; પીતવર્ણ લીલું. હરિ—હરી=ઉનાળામાં કુવાનું પાણી પાઇને લેવામાં આવતો પાક.


ઇલાસ્ટિક (સ્થિતિસ્થાપક) નાડીવાળી ચડ્ડીઓ કે એવાં બીજાં કપડાં ધોયા પછી તેનો એ ભાગ ઝટ સુકાતો નથી ને પરિણામે તે જલદી સડી જાય છે. તે સૂકવતી વખતે તેની નાડીને તાણીને વચ્ચે ફુટપટ્ટી કે એવું બીજું કોઇ સાધન ભરાવી દેવાથી તેમાં સળ નહિ રહે ને વહેલું સુકાઇ જશે.

પગાર માટે અંગ્રેજીમાં વપરાતો 'સૅલેરી' શબ્દ લૅટિન 'Salarium' માંથી ઊતરી આવ્યો છે. રોમન પ્રજામાં મીઠું એટલું મોંઘું હતું કે ત્યાં પગાર મીઠામાં જ ચૂકવાતો. ને સૅલેરિનો અર્થ એ જ થાય છે.

કહેવતોના અર્થ: 'લાલો લાભ વિના લોટે નહિ.'—સ્વાર્થ હોય ત્યારે માણસ ન-ધારેલાં ને અજુગતાં ગણાતાં કામ પણ કરે છે તે દર્શાવતી આ કહેવત પાછળ લાલા નામના બાર ચૌદ વરસના એક વાણિયાના છોકરાની વાત છે. તેના બાપે તેને ઘી લેવા મોકલેલો, તે રસ્તામાં અચાનક એક ઠેકાણે હાથમાંની ઘી ભરેલી તપેલી ફેંકી દઇ લોટવા લાગી ગયો! આ અચરજ જોઈ કોઇ પડોશીએ તેના બાપને ખબર કર્યા ત્યારે બાપે ટાઢે જીવે જવાબ દીધો કે 'મારો લાલો લાભ વિના લોટે નહિ!' અને દીકરો ઘેર આવ્યો ત્યારે પૂછતાં ખરેખર લાભની જ વાત નીકળી. દીકરાએ ખુલાસો કર્યો કે ઘી લઇને આવતાં રસ્તે બે જણ વાત કરતા હતા તેમની પાસે જમીન પર સોનામહોર પડી હતી. એ એમ ને એમ ઉપાડું તો તેઓ જોઈ જાય, ને માગી લે. તેથી આ યુક્તિ કરી.' આટલું કહી લાલાએ આળોટતાં આળોટતાં ઉઠાવી લીધેલી સોનામહોર બાપાના હાથમાં મૂકી.

ગણિતગમ્મત: જેને છેડે '૫' પાંચડો આવતો હોય તેવી કોઈપણ રકમનો વર્ગ કાઢવો હોય તો સૌ પ્રથમ તેના છેલ્લા અંક પાંચનો વર્ગ ૨૫ જમણી બાજૂ મૂકવો. તે પછી એ રકમમાં બાકી જે અંક વધે તેનો તથા તેની પછી ગણત્રીમાં તરત આવતા અંકનો ગુણાકાર કરીને પેલા પચીસની પહેલાં મૂકી દેવો. જે આવે તે જવાબ. દાખલા તરીકે ૩૫×૩૫ કરવા હોય તો '૩૫'માંના '૫'નો વર્ગ ૨૫ જમણા હાથ પર મૂકીને, પછી બાકી વધેલા '૩' અને તેની પછીના અંક '૪'નો ગુણાકાર કરી ડાબી બાજુ મૂકવો. (૩×૪)=૧૨ અને ૨૫=૧૨૨૫ જવાબ. એ જ રીતે બીજા દાખલા: ૮૫×૮૫=(૮×૯) અને ૨૫; એટલે કે ૭૨૨૫; ૧૨૫×૧૨૫=(૧૨×૧૩) અને ૨૫; એટલે કે ૧૫૬૨૫. ૧૧૦૫×૧૧૦૫=(૧૧૦×૧૧૧) અને ૨૫; એટલે કે ૧૨૨૧૦૨૫. (સિરાજ ઇબ્રાહીમ વીજીજી—સિદ્ધપુર)

પૃથ્વીથી લાંઢળાંની સરેરાશ ઊંચાઈ ૧ માઇલની હોય છે.



આખીમાં આખો ઊનનો તાર કાઢવા સંબંધે ઉપર દર્શાવેલી ગાંસડી મોકલી છે.



ખોટી વાત: સામાન્યરીતે નિયમ છે કે માદા કુકડી જ ઇંડાં મૂકે; નર કુકડો કદિ ઇંડાં ન મૂકે. પણ એ વાત ખોટી છે. ઇંડાં મૂકતા કુકડા પણ પશ્ચિમમાં જણાયા છે!

દુનિયામાં સૌથી સાંકડી ગલીઓ ન્યૂયૉર્કમાં છે.


શરીરના જમણા ભાગના અવયવો કરતાં ડાબા ભાગના અવયવો સહેજ મોટા હોય છે.

આફ્રિકામાં આવેલી ટાહોલીની જાગીરમાં બે રાતઓ રહે છે—એક દિવસનો અને એક રાતનો!

સરકસનાં પ્રાણીઓના અનુભવીઓ કહે છે કે નર કરતાં માદાને કાબૂમાં લેવી સહેલી છે.

જેલી ફિશ નામે ઓળખાતી માછલીનો દેહ ૯૦ ટકા પાણીનો બનેલો હોય છે.

અમેરિકામાં પહેલવહેલી વપરાએલી ચા ઇ. ૧૭૭૨ માં હિંદથી આગબોટમાં નિકાસ કરવામાં આવેલી.




દૃષ્ટિભ્રમ: એક નજરે જોતાં આ બધાં બનનાં કાળાં મોં નીચલા ડાબા ખૂણા તરફ વળેલાં જણાશે અને બીજી નજરે જોતાં બધા ઘન ઠેકડાની માફક ઉપલા જમણા ખૂણા તરફ મુડાએલા જણાશે. ઉલટાવીને જોવાથી પણ એ જ રીતે જણાશે અને બાજુ પડખે ફેરવી જોવાથી પણ એ જ પ્રકારનો દૃષ્ટિભ્રમ જમણા નીચલા ને ઉપલા ડાબા ખૂણા તરફ મુડાએલા જણાશે.



ટપાલની ટિકિટો પર દેશદેશના પર્વતો (શ્રી હરિલાલ બૅંકર–વઢવાણ કૅમ્પ–ના સંગ્રહમાંથી)

ઉપલી હાર: ડાબી બાજુથી ન્યૂ ઝીલાન્ડની ટિકિટ પર ત્યાંનો પર્વત માઉન્ટ કૂક; મૉંગોલિયાની ટિકિટ પર મૉંગોલિયા પર્વત; હિંદી મહાસાગરમાં માડાગાસ્કરની પડખે આવેલા ફ્રેન્ચ હકૂમતના રીયૂનિયન ટાપુની ટિકિટ પર ત્યાંનો સાલાઝી પર્વત; જાપાનની ટિકિટ પર ફ્યૂજી પર્વત; વચલી હાર: ડાબી બાજુથી–યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાની બે ટિકિટો પર અનુક્રમે માઉન્ટ ઝીઑન અને રેનીઅર માઉન્ટ નામના પર્વતો; હેલ્વેશિયા(=સ્વિટ્ઝર્લાન્ડ)ની ટિકિટ પર ત્યાંનો એક પર્વત; ટાંગાન્યીકાની ટિકિટ પર ત્યાંનો કિલિમાંજારો પર્વત; બલ્ગેરિયાની ટિકિટ પર માઉન્ટ શારા; ત્રીજી હાર: ડાબી બાજુથી-સિલોનની બે ટિકિટો પર અનુક્રમે સિગિરિયા (સિંહગિરિ) અને ઍડમ્સ પીકનામના પર્વતો; ટાંગાન્યીકાની ટિકિટ પર કેન્યા પર્વત; કૅનેડાની ટિકિટ પર માઉન્ટ હૂડ.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ ઉપર: 'આકલવાયી'–ચંદુભાઈ ભટ્ટ અમદાવાદ (બીજું ઈનામ); નીચે: 'ગિરનારી ડોળી'–ગનુ પટેલ જામનગર (ત્રીજું ઇનામ); જમણી બાજુ ઉપર: 'ગારીલો'–નારાયણભાઈ વારા.